વર્ષ : 6 ◆ અંક : 5
સપ્ટેમ્બર-ઑક્ટોબર 2016
સળંગ અંક : 35

कर भला होगा भला
- છગનભા



# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

ગાંધીને પગલે પગલે તું ચાલીશ ને ગુજરાત ?

કૃષ્ણચરણથી અંકિત ધરતી તણી બની આ કાયા;
પવિત્ર જરથુષ્ટી આતશ બહેરામ અહીં લહેરાયા.

અશોકધર્મલિપિથી ઉર પાવન;
જિનવર-શિષ્યોની મનભાવન.

સત્ય-અહિંસાની આંખે તું ભાળીશ ને ગુજરાત ?
ગાંધીને પગલે પગલે તું ચાલીશ ને ગુજરાત ?

ઉમાશંકર જોશી

✴

'गान्धिटोपी गता गान्धियष्टिर्गता गान्धिचारित्र्यधाराडपि नष्टं गता।
जम्बुकैर्गुध्रकैर्वञ्चकैर्लोलुपैर्गान्धिनाम्ना कृतं दाम्भिकं भारतम् ॥

हर्षदेव माधव



## ભારતના રાષ્ટ્રપતિ દ્વારા ‘Certificate of Honour’થી સન્માનિત ગુજરાતના સંસ્કૃત વિદ્વાનો



ડૉ. એસ્તેર સોલોમન


ડૉ. હંસાબહેન હિંડોચા


ડૉ. પ્રતાપરાય મોદી


બાલકૃષ્ણ પંચોલી


ડૉ. અરુણોદય જાની


ડૉ. તપસ્વી નાન્દી


ડૉ. રમેશ બેટાઈ


ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યા


ડૉ. ગૌતમ પટેલ



ડૉ. સુરેશચંદ્ર કાંટાવાલા


ડૉ. નારાયણ કંસારા



ડૉ. રાજેન્દ્ર નાણાવટી


ડૉ. વસંતરાય પરીખ


ડૉ. વિજય પંડ્યા


ડૉ. મણિભાઈ આઈ. પ્રજાપતિ


ડૉ. રવીન્દ્રકુમાર નાગર


શ્રી અંબારામ જોશી

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૬, અંક : ૫, સપ્ટેમ્બર-ઑક્ટોબર, ૨૦૧૬; સળંગ અંક : ૩૫

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ

● સંપાદકીય :

ગુજરાતનું સંસ્કૃત વાઙ્મયમાં પ્રદાન :

એક ઝલક — મણિભાઈ પ્રજાપતિ ૧

૧. એલેક્ઝાન્ડ્રીઆ : લાઇબ્રેરી

મોહનલાલ પટેલ ૧૧

૨. ૧૯મી સદીના મુંબઈ ઇલાકામાં સામાજિક પરિવર્તન : ટૂંકી ૧૯મી સદી અને અધૂરું આધુનીકરણ

પ્રવીણ જ. પટેલ ૧૬

૩. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ ૩૬

– ડૉ. હર્ષદેવ માધવ અભિનન્દન ગ્રંથ/સંપા. રવીન્દ્ર ખાંડવાળા વગેરે.

– ઉપસર્ગ અને પરિષહ પ્રધાન જૈન કથાનકો/સંપા. ગુણવંત બરવાળિયા

૪. સંસ્થા સમાચાર

– યુનિવર્સિટી / કૉલેજ વિભાગ ૪૧

– શાળા વિભાગ ૪૬

**પત્રવ્યવહારનું સરનામું :**

**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,

**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**

એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ,

સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫

e-mail : manibhaiprajapati@gmail.com

ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### ગુજરાતનું સંસ્કૃત વાઙ્મયમાં પ્રદાન : એક ઝલક

ગુજરાતમાં સંસ્કૃત / પ્રાકૃત પ્રચાર – પ્રસારનો પ્રાચીનતમ જ્ઞાત ઐતિહાસિક પુરાવો અશોકના ગિરનાર ઉપરના અભિલેખ (ઈસા પૂર્વે ૨૨૫)થી મળી રહે છે. આ જ અભિલેખની બાજુમાં મહાક્ષત્રપ રૂદ્રદામન-૧નો ઈ. સ. ૧૫૦નો સંસ્કૃત પ્રાંજલ ગદ્યમાં અને સ્કંદગુપ્તનો ઈ. સ. ૪૫૫-૫૭નો સંસ્કૃત પદ્યમાં અભિલેખ મળે છે. ગુજરાત ઇતિહાસ પરિષદ દ્વારા તૈયાર કરવામાં આવેલ સંદર્ભસૂચિના ખંડ-૨ (૧૯૬૨) અને ૪ (૧૯૬૯)માં ઈ. સ. ૧૭૬૦ સુધીના સંસ્કૃત – પ્રાકૃત – ગુજરાતીના ૮૮૨ અભિલેખોની સૂચિ પ્રકાશિત કરવામાં આવી છે. આ ઉપરાંત આ સમયગાળા અને ત્યાર બાદના પણ ઘણા અભિલેખો અસ્તિત્વ ધરાવે છે. આ પૈકી કેટલાક વિવિધ સામયિકોમાં પણ પ્રગટ કરવામાં આવ્યા છે. કેટલાક અભિલેખો બર્જેસ – કઝીન્સ, ભાવનગર રાજ્ય, વડોદરા રાજ્ય, મુનિ જિનવિજયજી, આચાર્ય ગિરજાશંકર વલ્લભજી (ત્રણ ખંડ : ૧૯૩૩-૧૯૪૨), ડિસ્કળકર, મિરાશી, હરિપ્રસાદ શાસ્ત્રી વગેરે દ્વારા સંપાદિત કરીને પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ સંગ્રહો પૈકી આચાર્ય ગિ. વ. દ્વારા સંપાદિત ૩૧૦ અભિલેખો મૂળ પાઠ ઉપરાંત ગુજરાતી અનુવાદ પણ ધરાવે છે. આ અભિલેખો ભાષા, લિપિ, લેખન રીત અને ઐતિહાસિક દસ્તાવેજ તરીકે બહુમૂલ્યવાન બની રહે છે. અભિલેખોની પ્રાપ્તિની દૃષ્ટિએ ગુજરાત ગૌરવ લઈ શકે

તેવો આ ખજાનો છે.

અભિલેખો સમાન સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી વગેરે ભાષાઓની અંદાજિત ૮થી ૧૦ લાખ અણમોલ હસ્તપ્રતોનો ખજાનો ગુજરાત ધરાવે છે. આ પૈકીની મોટા ભાગની હસ્તપ્રતો ગુજરાતના જૈન જ્ઞાનભંડારો, આચાર્ય કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી, પ્રાચ્યવિદ્યા મંદિર (એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા) અને ભો. જે. અધ્યયન – સંશોધન વિદ્યાભવનમાં સંગૃહીત છે. આ બધી હસ્તપ્રતોના આધારે તેમ જ અન્ય પ્રમાણોના આધારે સ્પષ્ટ પ્રતિફલિત થાય છે કે ગુજરાતમાં સંસ્કૃત – પ્રાકૃત ભાષામાં વિવિધ સાહિત્યસ્વરૂપો : કાવ્ય, મહાકાવ્ય વગેરે તથા કાવ્યશાસ્ત્ર, નાટક, પ્રબંધ, કથાસાહિત્ય ઉપરાંત વ્યાકરણ, છંદ, કોશ, હિન્દુ, જૈન અને બૌદ્ધ ધર્મ અને દર્શન, જ્યોતિષ, ગણિત-વિજ્ઞાન, શિલ્પશાસ્ત્ર, સંગીત, આયુર્વેદ, સ્થળ/જ્ઞાતિ પુરાણો વગેરે ક્ષેત્રોમાં સમૃદ્ધ ખેડાણ થયું છે. આ લેખકે ગુજરાતના સંસ્કૃત – પ્રાકૃત સાહિત્યમાં પ્રદાનની વાઙ્મયસૂચિ (પ્રકા. ૧૯૯૮) તૈયાર કરતાં ૩૫૦થી અધિક લેખકોની ૧૭૦૦ જેટલી કૃતિઓની યાદી કરી છે. જોકે, હવેની ઉપલબ્ધ માહિતીના આધારે અંદાજિત ૨૦૦૦થી અધિક કૃતિઓ રચાયાની સંભાવના બની રહે છે. અંદાજિત ૫૦ મહાકાવ્યો અને મહાકાવ્યો ઉપર ૧૦ ટીકાઓ, ૩૦ કાવ્યશાસ્ત્રીય ગ્રંથો, ૧૨૫ નાટકો, ૬૨ જ્યોતિષ, ૧૬ આયુર્વેદ, ૭૫ વ્યાકરણશાસ્ત્ર, ૨૩ શબ્દકોશ, ૨૫૦ જૈનધર્મ-દર્શન અને ૨૨૫ હિન્દુ ધર્મ - દર્શન વિષયક કૃતિઓ ગુજરાતમાં રચાઈ છે.

### કાવ્ય અને કાવ્યશાસ્ત્ર

ગુજરાતમાં પ્રથમ સંસ્કૃત મહાકાવ્ય રચાયાનું શ્રેય વલભીના મૈત્રકકાલીન કવિ ભટ્ટિ (૬-૭મી સદી) કૃત **भट्टिकाव्य = रावणवध** ને જાય છે, કે જે મલ્લિનાથની ટીકાથી અલંકૃત છે. આ એક દ્વિસંધાન કાવ્ય છે કે જેમાં રામની કથાના માધ્યમથી પાણિની વ્યાકરણનાં સૂત્રોને વ્યવહારમાં પ્રયોજીને દર્શાવવામાં આવ્યાં છે. ત્યાર બાદ પાંચ શ્રેષ્ઠ મહાકાવ્યો પૈકીનું એક **शीशुपालवध** ગુજરાતની તત્કાલીન સમયની રાજધાનીના નગર ભિન્નમાલ કે શ્રીમાલના મહાપંડિત માઘ (૭મી સદી)નું મળે છે. અન્ય પૌરાણિક મહાકાવ્યોમાં વાગ્ભભટ્ટ – **'नेमिनिर्वाण'**, હેમચંદ્રસૂરિ - **'नाभेयनेमि'** (દ્વિસંધાન), દેવપ્રભસૂરિ – જૈનધર્માવલમ્બી **'पांडवचरित'**, અમરચંદ્રસૂરિ – **'पद्मानंद' = 'जिनेन्द्रचरित'** તથા મહાભારતનો કથાસાર વર્ણવતું **'बालभारत'**, સોમેશ્વર – **सुरथोत्सव**, વસ્તુપાળ – મહાભારત આધારિત કૃષ્ણ-અર્જુનની મૈત્રી વર્ણવતું **'नरनारायणानंदमहाकाव्य'** વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. વસ્તુપાળના આ કાવ્યની વિશેષતા એ છે કે તેણે કૃષ્ણ તથા અર્જુનને અન્ય જૈન કવિઓની માફક જૈનધર્મ અંગિકાર કરી મોક્ષ મેળવતા ન દર્શાવતાં મૂળ કથા સાથે અનુબંધ જાળવી રાખે છે.

ઐતિહાસિક વિષયવસ્તુ આધારિત મહાકાવ્યોમાં ગુજરાતના ઇતિહાસનું નિરૂપણ કરતું પ્રથમ મહાકાવ્ય **'द्वयाश्रय'** હેમચંદ્રાચાર્ય (૧૧-૧૨મી સદી) તરફથી મળે છે. આ એક દ્વિસંધાન કાવ્ય છે કે જેમાં પોતાના દ્વારા રચવામાં આવેલ સંસ્કૃત વ્યાકરણનાં સૂત્રોને ચૌલુક્યવંશકીર્તન થકી ઉદાહૃત કરવામાં આવ્યાં છે, જ્યારે પ્રાકૃત **'कुमारपालचरित'**માં પ્રાકૃત તથા અપભ્રંશભાષાઓનાં સૂત્રો ઉદાહૃત કરવામાં આવ્યાં છે. આ કૃતિનું ઐતિહાસિક મૂલ્ય એ છે કે અહીં વર્ણિત ઘણી ઘટનાઓ ઐતિહાસિક સંસાધનોથી પ્રમાણિત છે. કેટલાક વિજ્યો કે પરાજયોની નોંધ ન લેવામાં આચાર્યશ્રીના વિવેકનાં દર્શન થાય છે. વસ્તુપાલના જીવન ઉપર આધારિત ચાર મહાકાવ્યો : સોમેશ્વર – **'कीर्तिकौमुदी'**, અરિસિંહ – **'सुकृतसंकीर्तन'**, બાલચંદ્ર – **'वसंतविलास'** અને ઉદયપ્રભસૂરિનું **'धर्माभ्युदय = संघपतिचरित'** સવિશેષત : વસ્તુપાલના ચરિત્ર, વાઘેલાવંશ, અણહિલપુર પાટણ વગેરે સંબંધી વિસ્તૃત માહિતી પૂરી પાડે છે. **'कीर्तिकौमुदी'** અને **'वसंतविलास'** તો કાવ્યકલાની દૃષ્ટિએ પણ શ્રેષ્ઠ છે. રાજસ્થાનના વીર નૃપતિ હમ્મીર દ્વારા અલ્લાઉદ્દીન ખિલજી સાથે વીરતા પૂર્ણ સંઘર્ષ વર્ણવતું નરચંદ્રસૂરિ (૧૫મી સદીનો પૂર્વાર્ધ) કૃત **'हम्मीरमहाकाव्य'** કે જેમાં હમ્મીરના પરાક્રમો ઉપરાંત તેના ૩૭ પૂર્વજોની ગાથા વર્ણવવામાં આવી છે. દેવવિમલગણિ (૧૬-૧૭મી સદી) કૃત **'हीरसौभाग्यमहाकाव्य'**માં જગતગુરુ હીરવિજયજીના ચરિત્રનાં વિવિધ પાસાંઓ, પાલનપુરમાં જન્મ અને ઉનામાં કાળધર્મ પામવું, અકબરનું આમંત્રણ અને તેની સાથે મુલાકાત, અમારિ ફરમાન, પાલનપુર, આબુ,

શત્રુંજય વગેરે નગર સંબંધી ઐતિહાસિક માહિતી પૂરી પાડવા ઉપરાંત મહાકાવ્યનાં લક્ષણોની પણ યથાર્થ પૂર્તિ કરે છે. આ ઉપરાંત અન્ય કેટલાંક ઐતિહાસિક ચરિત્રાત્મક મહાકાવ્યોમાં ભટ્ટ શંકરલાલ માહેશ્વર (૧૮૪૧-૧૯૧૭) કૃત મોરબીના રાજવી વિશે 'श्रीरवाजीरावकीर्तिविलास', શાસ્ત્રી મેઘવ્રત (૨૦મી સદી) दयानंद दिग्विजिय, શાસ્ત્રી નાનાભાઈ – श्री सत्यसांइनाथ चरितम्, તાજેતરમાં અમ્બાલાલ પ્રજાપતિ કૃત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જીવન અને ઉપલબ્ધિઓ આધારિત 'श्री नरेन्द्रविजयम्' (અપ્રકાશિત) ઉલ્લેખનીય બની રહે છે. 'નૈષધચરિત' ઉપર ચંડુ પંડિત કૃત પ્રાચીન ટીકા 'नैषधदीपिका' અને વિદ્યાધર કૃત 'विद्याधरी = साहित्यविद्याधरी' ટીકા પણ ગુજરાતમાં રચાઈ છે.

જૈનાચાર્યો દ્વારા પ્રાયઃ તીર્થંકરો વિશે જૈનધર્મ અને દર્શનના પ્રચાર-પ્રસાર હેતુ ચરિતકાવ્યો લખવામાં આવ્યાં છે. ઉદા. તરીકે માણિક્યચંદ્રસૂરિકૃત शांतिनाथचरित, पार्श्वनाथचरित, સર્વાનંદસૂરિકૃત 'चंद्रप्रभचरित' વગેરે, તેમ જ ધાર્મિક પુરુષો પૈકી સર્વાનંદસૂરિકૃત जगडुचरित. આ ઉપરાંત જૈનધર્મના પવિત્ર / પ્રભાવક પુરુષોના એક જ ગ્રંથમાં એકથી અધિકના ચરિત્રો વર્ણવામાં આવ્યાં છે, જેમ કે હેમચંદ્રાચાર્યકૃત 'त्रिषष्टिशलाकापुरुषचरित', પ્રભાચંદ્રસૂરિકૃત 'प्रभावकचरित' વગેરે.

આ ઉપરાંત પ્રશસ્તિઓ, દૂતકાવ્યો, શતકકાવ્યો સ્તોત્રકાવ્યો, ચમ્પૂકાવ્યો વગેરેની પણ સમૃદ્ધ પરંપરા જોવા મળે છે, જેમાં રામચંદ્રકૃત ૧૧૬ શ્લોકોનું 'कुमारविहारशतक' કે જેમાં કુમારપાળ દ્વારા પાટણમાં બંધાવવામાં આવેલ પાર્શ્વનાથના ભવ્ય જિનાલયનું કાવ્યાત્મક શૈલીમાં નિરૂપણ કરવામાં આવ્યું છે તે અને આ કાવ્ય ઉપર વર્ધમાનગણિઓ 'कुमारविहार प्रशस्ति'ની રચના કરી તેના ૧૧૬ અર્થ કરી બતાવ્યા, તેમ જ સોમેશ્વરકૃત 'रामशतक તથા હેમચંદ્રાચાર્યનું 'महादेवस्तोत्र' વિશેષ ધ્યાનાર્હ બની રહે છે.

૨૦-૨૧મી સદીમાં ૬૦ જેટલા કવિ – કવયિત્રીઓએ પોતાના સ્વતંત્ર કાવ્યગ્રંથો આપ્યા છે, જેમના પ્રયાસો સરાહનીય છે, જેમાં પ્રીતમલાલ કચ્છી (અ. ૧૯૬૩) 'आराधनाशतक', 'मातृभूमिकथा' વગેરે, પૂજાલાલ દલવાડી (૧૯૦૧-૧૯૮૫) / स्तोत्रसंहिता, ગૌરીપ્રસાદ ઝાલા (૧૯૦૭-૭૨) – 'सुषमा' સ્વામી શ્રી બ્રહ્મલીનમુનિ – 'सद्गुरुश्रीकबीरचरितम्', (૧૯૬૦), જયંતકૃષ્ણ દવે – 'पुष्पांजलि' (૧૯૯૮), રસિકલાલ પટેલ (૧૯૪૪) – 'मातृलहरी', 'सौन्दर्यलहरी' વગેરે લહરી કાવ્યો, ઉમા દેશપાંડે – 'अर्चनम्' (૧૯૯૨), જયદેવ જાની 'सावित्रीशतकम्, (૨૦૦૨), રવીન્દ્ર પંડા – 'वनवल्ली', 'शतदलम' (૨૦૦૨) વગેરે, ઋષિરાજ અગ્નિહોત્રી – आग्नेयः (૧૯૯૪), 'सेक्युलरचम्पू' વગેરે, રાજેન્દ્ર નાણાવટી – 'मरीचिका', 'ગૌતમ પટેલ – 'गंगा', વાસુદેવ પાઠક – 'गीतमाधुरी' (૧૯૯૮) અમ્બાલાલ પ્રજાપતિ – 'संस्कृतगीतान्जलि', 'गुजरातगौरवम्' વગેરે, રીતા ત્રિવેદી – 'अधुना', હર્ષદા જાની – 'शुक्तौ श्याना चन्द्रिका', જશવંતી દવે – ગુજરાતી કવિતાઓના સંસ્કૃત અનુવાદો 'सेतुबन्धः' વગેરેએ આધુનિક સંસ્કૃત કવિતા ક્ષેત્રે પદાર્પણ કર્યું છે. નોંધવું રહ્યું કે આ સમયગાળા દરમિયાન 'साम्मनस्यम्', 'संविद्', 'सुरभारती', 'वाङमय' વગેરે સંસ્કૃત પત્ર-પત્રિકાઓમાં વિવિધ સાહિત્ય સ્વરૂપોની ઘણી કૃતિઓ પ્રકાશિત થઈ જે ગ્રંથસ્થ થઈ નથી. આ કૃતિઓ ગ્રંથસ્થ થાય તો ગુજરાતના સંસ્કૃત પ્રદાનનો સૂર્ય વધુ તેજસ્વી દીપી ઊઠે.

આધુનિક સંસ્કૃત કવિતાના અગ્રદૂત કવિ હર્ષદેવ માધવ (૧૯૫૪) ગુજરાતનું એક ગૌરવશિખર છે. આગળ ઉપર ઉલ્લેખ કર્યા મુજબ ૨૦-૨૧મી સદીના ઘણા ગૂર્જરકવિઓએ સંસ્કૃતમાં સાહિત્યસર્જન કર્યું છે. પરંતુ રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરનાર અને સમગ્ર ભારતના સંસ્કૃત કવિઓમાં પોતાની આગવી મૂઠી ઊંચેરી ઓળખ પ્રસ્થાપિત કરનાર એકમાત્ર કવિ હર્ષદેવ માધવ છે. તેમની કવિતાની વિશેષતા એ છે કે તેમણે પારંપરિક કાવ્ય સ્વરૂપો ઉપરાંત અત્યાધુનિક સ્વરૂપો ઉદા. તરીકે હાઈકુ, તાન્કા, શિજો, મોનો ઈમેજ, ગઝલ વગેરેમાં સફળતાપૂર્વક અને પ્રભાવક ખેડાણ કરીને આગવી કવિપ્રતિભાનાં દર્શન કરાવ્યાં છે. વધુમાં, કવિએ આદર્શ અને ભવ્ય ભારતની પ્રશસ્તિના સ્થાને અર્થાત્ 'भाति मे भारतम्'ના પ્રતિકાવ્ય તરીકે 'भाति ते भारतम्'ની રચના કરી ભારતની પ્રવર્તમાન વાસ્તવિક સ્થિતિ કાવ્યબાનીમાં સુપેરે અભિવ્યક્ત કરી છે. કવિનું ઔપનિષદિક દર્શન પણ ધ્યાનાર્હ છે. તેમણે પ્રથમ કાવ્યસંગ્રહ रथ्यासु 'जम्बुवर्णानामशिराणाम्' (૧૯૮૫)થી કાવ્ય સર્જનયાત્રા શરૂ કરી शिरीषपुष्पेषु वृष्टिबिन्दवः

(૨૦૧૫) સુધી ૨૬ કાવ્યસંગ્રહો આપ્યા છે, જેમાં **मृगया** (૧૯૯૪) **निष्क्रान्ता: सर्वे** (૧૯૯૭), **भावस्थिराणि...** (૨૦૦૦), **तव स्पर्शे स्पर्शे** (૨૦૦૪) **बृहन्नला** ઇત્યાદિ સુપ્રસિદ્ધ છે. આ પૈકી '**त्व स्पर्शे स्पर्शे**' કાવ્યસંગ્રહ સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી દ્વારા પુરસ્કૃત છે. સાહિત્ય અકાદેમી દ્વારા પુરસ્કૃત થનાર ગુજરાતના આ એકમાત્ર સંસ્કૃત કવિ છે. આ ઉપરાંત તેઓશ્રી ૧૬ જેટલા પુરસ્કારોથી પુરસ્કૃત છે. તેમના સાહિત્ય ઉપર દેશની વિવિધ યુનિવર્સિટીઓના ૧૮ વિદ્યાર્થીઓએ એમ. ફીલ/ પીએચ. ડી.ની ડિગ્રી હેતુ સંશોધનકાર્ય સંપન્ન કર્યું છે.

કાવ્યશાસ્ત્ર ક્ષેત્રે ખાસ ગર્વ લેવા જેવી બાબત એ કે મમ્મટકૃત 'કાવ્યપ્રકાશ' ઉપરની માણિકચંદ્રસૂરિકૃત પ્રાચીનતમ ટીકા '**सङ्केत**' (૧૧૬૦) અને જયન્ત ભટ્ટે '**दीपिका = जयन्ती**' (૧૨૯૪) ટીકા ગુજરાતમાં રચી છે. કાવ્યશાસ્ત્ર ક્ષેત્રે હેમચંદ્રકૃત '**काव्यानुशासन**', વાગ્ભટ (૧૨મી સદી) – '**वाग्भटालंकार**', નરેન્દ્રપ્રભસૂરિ (૧૩મી સદી) – '**अलंकारमहोदधि**', ભુદેવ શુક્લ (૧૭મી સદી) – **रसविलास**, આશાધર ભટ્ટ (૧૭મી સદી) – '**अलंकारदीपिका**', હર્ષદેવ માધવ – '**वागीश्वरीकण्ठसूत्रम**' (૨૦૧૨) વગેરે કાવ્યશાસ્ત્ર ક્ષેત્રની વિશેષ ઉલ્લેખનીય કૃતિઓ છે. હર્ષદેવે પ્રસ્તુત ગ્રંથમાં પૌર્વાત્ય અને પાશ્ચાત્ય કાવ્યશાસ્ત્રીય વિચારધારાઓનો સુભગ સમન્વય કર્યો છે, તેમ જ આધુનિક વાદો જેમ કે અસ્તિત્વવાદ, પરાવાસ્તવવાદ, નારીચેતના, દલિતચેતના વગેરેનું સુરેખ નિરૂપણ આધુનિક સંસ્કૃત કવિતાઓનાં ઉદાહરણો આપીને કર્યું છે. આધુનિક સંસ્કૃત કાવ્યશાસ્ત્રીઓ રેવાપ્રસાદ દ્વિવેદી, રાજેન્દ્ર મિશ્ર અને રાધાવલ્લભ ત્રિપાઠીની પરંપરામાં હર્ષદેવે નવ્યકાવ્યશાસ્ત્ર રચીને પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે.

### નાટક અને નાટ્યશાસ્ત્ર

ઐતિહાસિક કથાવસ્તુ આધારિત નાટકો પૈકી બિલ્હણ (૧૧મી સદીનો અંતિમ દશક)કૃત '**कर्णसुन्दरीनाटिका**, યશશ્ચંદ્ર (૧૨મી સદી) – '**मुद्रितकुमुदचंद्र**', દેવચંદ્રસૂરિ – '**चंद्रलेखाविजयप्रकरण**' (ઈ. સ. ૧૧૫૧), યશઃપાલ – '**मोहराजपराजय**' (૧૧૬૦), જયસિંહસૂરિ – '**हम्मीरमदमर्दन**', હરિહર – '**शंखपराभवव्यायोग**' વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. આ પૈકી કેટલાંક નાટકો ભજવાયાના ઉલ્લેખો પણ મળે છે. અન્ય નાટકોમાં રામચંદ્ર દ્વારા વ્યાયોગ, ભાણ, ઈહામૃગ, પ્રકરણ વગેરે રૂપકોનાં ઉદાહરણ સ્વરૂપ રચવામાં આવેલાં '**नलविलास**', '**रघुविलास**' વગેરે ૧૧ રૂપકો, પાલનપુરના નૃપતિ પ્રહલાદનદેવ – '**पार्थपराक्रम व्यायोग**', સોમેશ્વર – '**उल्लाघराघव**', દામોદર સંન્યાસી (૧૭મી સદી) '**पाखंडधर्मखंडनम्**' વગેરે, જ્યારે આધુનિક સમયના નાટ્યકારો પૈકી મોરબીના ભટ્ટ શંકરલાલ માહેશ્વર – '**अमरमार्कन्डेय**, મૂળશંકર યાજ્ઞિક – '**छत्रपतिसाम्राज्यम्**' (૧૯૨૯), '**प्रतापविजयम्**' (૧૯૨૬), અને '**संयोगितास्वयंवर**' (૧૯૨૮), ગજેન્દ્રશંકર પંડ્યા – '**विषमपरिणयम्**' (૧૯૩૨) વગેરે ૧૧ નાટકો, જનક દવે - '**शंकरविजयम्**', અરૂણોદય જાની – '**सूर्योदय**' (૧૯૭૭), ઘનશ્યામ ત્રિવેદીકૃત શતાધિક નાટિકાઓ '**नूतननाट्यवैभव**' (૨૦૦૦) વગેરેમાં ગ્રંથસ્થ, જીવનલાલ પરીખ – '**छायाशाकुन्तल**' (૧૯૮૬) હર્ષદેવ – कल्पवृक्षः (૨૦૦૩) વગેરે નાટકો ધ્યાનાર્હ બની રહે છે.

હેમચંદ્રાચાર્યના શિષ્યરત્નો રામચંદ્રસૂરિ અને ગુણચંદ્રે નાટ્યશાસ્ત્રીય ગ્રંથ '**नाट्यदर्पण**'ની સ્વોપજ્ઞવૃત્તિ સાથે રચના કરી છે, જેમાં નાટ્યશાસ્ત્રનાં વિભિન્ન અંગોની વિસ્તારથી સરળ અને સુરેખ ચર્ચા કરી આપી છે. જોકે આ ગ્રંથ નાટ્યશાસ્ત્ર, અભિનવભારતી અને દશરૂપકથી ઠીક ઠીક અંશે પ્રભાવિત જણાય છે. આમ છતાં, ક્યાંય અન્ધાનુકરણ કર્યું નથી, તેમ જ નિર્ભીકપણે પ્રસંગોપાત્ત પોતાના સ્વતંત્ર મતો દર્શાવ્યા છે.

### કથાસાહિત્ય

સોલંકીકાલીન અને પરવર્તી જૈનાચાર્યો દ્વારા સ્વતંત્ર કથાગ્રંથો તેમ જ આગમોમાં વર્ણિત ધાર્મિક – લૌકિક કથાઓના આધારે કથાસાહિત્યનું ઠીક-ઠીક માત્રમાં સર્જન કરવામાં આવ્યું છે, જેમાં જે તે પ્રદેશનું લોકજીવન પણ વણી લેવામાં આવ્યું છે. આ ઉપરાંત મૂળકથાઓના સારસંક્ષેપિકરણ પણ કરવામાં આવ્યા છે, જેમ કે પંડિત લક્ષ્મીધરકૃત '**तिलकमंजरीकथासार**', રત્નપ્રભસૂરિ (૧૩મી સદી) કૃત '**कुवलयमालाकथासार**', સિદ્ધિચંદ્ર ઉપાધ્યાયકૃત '**कादम्बरीकथानक**' વગેરે. કેટલાક સ્વતંત્ર ગ્રંથો જેમ કે લાટના સોઢલ (૧૧મી સદી) કૃત '**उदयसुंदरीकथा**', હેમવિજયગણિ (૧૬મી સદી) કૃત

'**कथारत्नाकर**' વગેરે તથા ૧૬-૧૭મી સદીના ભાનુચંદ્રગણિ અને સિદ્ધિચંદ્રગણિએ સ્વતંત્ર રીતે રચેલ '**कादम्बरी**' ઉપર ટીકાઓ વિશેષ ઉલ્લેખનીય બની રહે છે. આધુનિક સમયમાં જયંતકૃષ્ણ દવે દ્વારા કનૈયાલાલ મુન્શીકૃત કૃષ્ણાવતારના કેટલાક અંશોનો સંસ્કૃત અનુવાદ, વાસુદેવ પાઠકકૃત વ્યંગ્યાત્મક કથાઓ '**रसबोधः**' (૧૯૮૭), મેઘાવ્રત જગજીવન (૧૮૯૩-૧૯૬૪) કૃત '**संस्कृतकथामंजरी**', '**कुमुदिनीचंद्रोदय**' વગેરે, હર્ષદેવ માધવ કૃત નવલકથા '**मूको रामगिरिर्भुत्वा**' (૨૦૦૮) વગેરે ઉલ્લેખનીય કૃતિઓ છે. ધ્યાનાર્હ બની રહે છે કે કવિતા અને નાટકની તુલનાએ કથાસાહિત્યનું ખેડાણ ઘણું ઓછું થયું છે.

**ઇતિહાસનાં સાધનો : પ્રબંધો, સ્થળ તથા જ્ઞાતિપુરાણો વગેરે**

આગળ ઉપર ગુજરાતના ઇતિહાસ માટે મહત્ત્વની માહિતી પૂરી પાડતાં ઐતિહાસિક મહાકાવ્યો, નાટકો, અભિલેખો વગેરેની ચર્ચા કરી. આ ઉપરાંત ગુજરાતના ઇતિહાસ, ઐતિહાસિક ચરિત્રો, લોકજીવન વગેરેને વાચા આપતા ૧૫થી અધિક પ્રબંધોનું સર્જન એ એક ગર્વરૂપ ઘટના સમાન છે. આ પૈકી મેરૂતુંગ (૧૪મી સદી) – '**प्रबंधचिंतामणी**', જિનમંડનગણિ (૧૫મી સદી) – '**कुमारपालप्रबंध**', ગણપતિ વ્યાસ (૧૩મી સદી) – '**धाराध्वंश**', વગેરે તેમ જ અજ્ઞાતકર્તાની કૃતિઓ '**पुरातनप्रबंधसंग्रह**' વગેરે પ્રબંધો વિશેષ ઉલ્લેખનીય છે. આ પૈકી '**प्रबंधचिंतामणी**' એક એવો પ્રબંધ છે કે જેમાં રાણી ઉદયમતિએ પાટણમાં બંધાવેલી રાણીની વાવ વિશે એક વાક્યમાં ઉલ્લેખ છે. જોકે આ વાવ વિશે સંસ્કૃત સાહિત્યમાં ક્યાંય ઉલ્લેખ જોવા મળતો નથી.

ગુજરાતના રાજકીય – સાંસ્કૃતિક ઇતિહાસ માટે ગુજરાતમાં રચાયેલાં સ્થળ પુરાણો તેમ જ જ્ઞાતિપુરાણો મહત્ત્વપૂર્ણ સ્રોત બની રહે છે. આ પૈકી ૧૯ જેટલાં પુરાણો પ્રાપ્ય છે, જેમાં '**सरस्वतीपुराण**', '**श्रीमालपुराण**', '**धर्मारण्यपुराण**' વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. '**सरस्वतीपुराण**'ના ૧૫-૧૬મા સર્ગમાં સહસ્રલિંગ સરોવરનું અને તેના તટે સ્થિત દેવાલયો, વિદ્યાપીઠો, નહેર દ્વારા સરોવરમાં પાણી ક્યારે લાવવામાં આવ્યું વગેરેનું સુરેખ ચિત્રણ છે, જ્યારે '**धर्मारण्यपुराण**'માં મોઢ જ્ઞાતિના ઇતિહાસ ઉપરાંત મુસ્લિમો દ્વારા મોઢેરાના ભંગની, વનરાજનો મોઢેરામાં જન્મ વગેરે વિગતો મળી રહે છે.

પ્રશસ્તિઓ પૈકી શ્રીપાલકૃત '**सहस्रलिंगसरोवरप्रशस्ति**' તથા **वडनगरप्रशस्ति** વર્ધમાનગણિકૃત '**कुमारविहारप्रशस्ति**', જયસિંહસૂરિકૃત '**वस्तुपाल - तेजपालप्रशस्ति**' વગેરે મૂલ્યવાન ઐતિહાસિક માહિતી પૂરી પાડે છે. અત્રે ઉલ્લેખ કરવો રહ્યો કે 'સહસ્રલિંગ સરોવર' તટે સિદ્ધરાજ દ્વારા બંધાવવામાં આવેલા કીર્તિસ્તંભ ઉપર ૧૦૦થી અધિક શ્લોકોમાં ઉત્કીર્ણ પ્રશસ્તિ પૈકી આરસના એક ખંડ ઉપરના ૯-૧૦ જેટલા શ્લોકોના ખંડિત અંશો મળે છે, જે પાટણના વીજળકૂવા વિસ્તારના શિવમંદિરની દીવાલમાં જડેલા છે. આ ઉપરાંત બે શ્લોકો '**प्रबंधचिंतामणी**'માં મળી રહે છે.

**વ્યાકરણ, છંદ અને કોશગ્રંથો**

રાજર્ષિ સિદ્ધરાજ દ્વારા ભોજના '**सरस्वतीकंठाभरणम्**' જેવું વ્યાકરણ રચવાના વિચારને હેમચંદ્રાચાર્યે સાકાર કરવા '**सिद्धहेमशब्दानुशासन**'ની રચના કરી, જેમાં સંસ્કૃત ઉપરાંત પ્રાકૃત અને અપભ્રંશ ભાષાનાં વ્યાકરણોનો પણ સમાવેશ કર્યો. આ વ્યાકરણ તેમણે '**लघुवृत्ति**' અને '**बृहद्वृत्ति**' સાથે રચવા ઉપરાંત આ સાથે આચાર્યશ્રી દ્વારા '**शब्दमहार्णवन्यास**' ટીકા સહિત '**लिंगानुशासन**', '**उणादिगणविवरण**', '**धातुपरिणयविवरण**' વગેરે ગ્રંથોની રચના કરી. રાજા દ્વારા આ વ્યાકરણના અધ્યાપન માટે કાકલ કાયસ્થની નિયુક્તિ કરવામાં આવી હતી, જેણે સ્વયં આ વ્યાકરણ ઉપર '**लघुवृत्ति**'ની રચના કરી હતી. આ વ્યાકરણ ઉપર અન્ય જૈનાચાર્યોએ પણ ટીકાઓ રચી છે. વ્યાકરણ વિષયક અન્ય કૃતિઓ પૈકી બુદ્ધિસાગર કૃત '**बुद्धिसागर व्याकरण**' (ઈ. સ. ૧૦૨૪) કે જે પાંચ વ્યાકરણાચાર્યોના ગ્રંથો આધારિત હોઈ '**पंचग्रंथीव्याकरण** તરીકે પણ ઓળખાય છે. મલયગિરિ, વર્ધમાનસૂરિ, અમરચંદ્રસૂરિ, આચાર્ય ગુણરત્ન, વર્ધમાન વગેરેએ તથા પ્રવર્તમાન સમયમાં શાસ્ત્રી બાલકૃષ્ણ પંચોલીએ કૌંડભટ્ટ કૃત '**वैयाकरणभूषणसार**' ઉપર સુપ્રસિદ્ધ '**प्रभा**' ટીકાની રચના કરી આ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. વ્યાકરણગ્રંથો કે ટીકાઓ સહિત અંદાજિત ૭૫ ગ્રંથો ગુજરાતમાં રચાયા છે.

છંદઃશાસ્ત્ર ક્ષેત્રે હેમચંદ્રાચાર્ય, બુદ્ધિસાગર, અમરચંદ્રસૂરિ, યશોવિજય ઉપાધ્યાય અને સોમચંદ્રગણિએ બહુમૂલ્ય કૃતિઓ આપી છે. કોશગ્રંથો

પૈકી હેમચંદ્ર કૃત **'अभिधानचिंतामणी'** ધનંજય કૃત **'नाममाला'** અને કેશવ (૧૭મી સદી) કૃત **'कल्पद्रुमकोश'** વિશેષ ઉલ્લેખનીય છે. અઢારમી સદી સુધી ૨૫ જેટલા કોશો કે કોશગ્રંથો ઉપર ટીકાઓ રચવામાં આવી છે.

**ધાર્મિક - દાર્શનિક સાહિત્ય**

વૈદિક સાહિત્ય ક્ષેત્રે વડનગરના ઉવટ (૧૦મી સદી) દ્વારા માધ્યંદિની શાખાના શુકલ યજુર્વેદ ઉપર ભાષ્ય, દ્યા દ્વિવેદ (૧૫મી સદી) કૃત **'नीतिमंजरी'** કે જેમાં વેદની નીતિબોધક વાતોની રચના, જયરામ નાગર (૧૬મી સદી), સ્વામી દયાનંદ સરસ્વતી, પંડિત સાતવળેકર અને સ્વામી ગંગેશ્વરાનંદજીનું પ્રદાન ગૌરવપ્રદ છે. ધર્મશાસ્ત્રીય ગ્રંથોના સર્જકો પૈકી અચલ દ્વિવેદ (૧૬મી સદી), આશાધર ભટ્ટ, નારાયણ (૧૬મી સદી), શિવરામ શુકલ (૧૬મી સદી), ગંગાધર પાઠક (૧૬-૧૭મી સદી), ગણપતિ રાવલ (૧૭મી સદી), લક્ષ્મીશંકર શાસ્ત્રી (૨૦મી સદી) વગેરે ઉલ્લેખનીય છે.

ગુજરાત સદીઓથી શ્વેતામ્બર સમ્પ્રદાયનું મુખ્ય કેન્દ્ર રહ્યું હોવાથી અહીં જૈન ધર્મ અને દર્શન વિષયક અનેકાનેક મહત્ત્વપૂર્ણ કૃતિઓનું સર્જન થયું છે. આ સંબંધી ગૌરવપ્રદ બાબત એ કે જૈન આગમોની વાચના તૈયાર કરવા માટે વલભીમાં ઈ. સ. ૩૦૦ આસપાસમાં આચાર્ય નાગાર્જુનના અને ઈ. સ. ૪૫૪ આસપાસ આચાર્ય દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના અધ્યક્ષપદે આ બે પરિષદો બોલાવવામાં આવી હતી. કહેવાય છે કે શીલાચાર્ય (૯મી સદી ?) દ્વારા પ્રથમ ૯ અંગ આગમો ઉપર ઉત્તર ગુજરાતના ગાંભુ નગરમાં ટીકાઓ રચવામાં આવી હતી, પરંતુ આ પૈકી ફક્ત આચારાંગ અને સૂત્રકૃતાંગ ઉપરની ટીકાઓ ઉપલબ્ધ છે. આચાર્ય અભયદેવસૂરિ (૧૧મી સદી) એ નવ અંગ અને એક ઉપાંગ ઉપર પાટણમાં ટીકાઓ લખી હતી, જેનું સંશોધન દ્રોણાચાર્ય દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આચાર્ય હેમચંદ્ર, મલધારી હેમચંદ્રસૂરિ, ચંદ્રપ્રભસૂરિ, શાંતિસૂરિ, ઉપાધ્યાય યશોવિજયજી વગેરેનું જૈન ધાર્મિક - દાર્શનિક સાહિત્યના સર્જનમાં સમુજ્જવલ પ્રદાન રહ્યું છે. ખાસ ઉલ્લેખનીય છે કે દિગમ્બર સમ્પ્રદાયના બે મૂલ્યવાન ગ્રંથો આચાર્ય જિનસેન કૃત **'हरिवंशपुराण'** અને આચાર્ય હરિષેણ કૃત **'बृहत्कथाकोश'** વઢવાણમાં રચાયા હતા. વલભીની બૌદ્ધ વિદ્યાપીઠન બોધિસત્વ સ્થિરમતિએ અહીં જ વસુબન્ધુના ગ્રંથ ઉપર ટીકા રચી હતી.

સંસ્કૃત અને ભારતીય વિદ્યા ક્ષેત્રના ગુજરાતના કેટલાક વિદ્વાનો કે જેમણે ગુજરાતી કે અંગ્રેજી ભાષાના માધ્યમથી મૌલિક વિવેચના કે સંસ્કૃત કૃતિઓ / અભિલેખોનાં સંપાદનો થકી પોતાની અસાધારણ પ્રતિભાના બળે આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે, જેમાં ભગવાનલાલ ઇન્દ્રજી, આનંદશંકર ધ્રુવ, મણિલાલ દ્વિવેદી, આચાર્ય ગિરજાશંકર વલ્લભજી, મુનિ જિનવિજયજી, મુનિ પુણ્યવિજયજી, ડોલરરાય માંકડ, કે. કા. શાસ્ત્રી, જિતેન્દ્ર જેટલી, પંડિત સુખલાલજી, દલસુખ માલવણિયા, ભોગીલાલ સાંડેસરા, રસિકલાલ પરીખ, વિષ્ણુદેવ પંડિત, મકરંદ દવે, હરિપ્રસાદ શાસ્ત્રી, ભારતી શેલત વગેરે મુખ્ય છે. આ ઉપરાંત ભારતના રાષ્ટ્રપતિ દ્વારા સન્માનિત ગુજરાતના ૧૭ સંસ્કૃત વિદ્વાનોનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે.

ગુજરાતની યુનિવર્સિટીઓ પૈકી એક માત્ર શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાં પીએચ. ડી.ના શોધપ્રબંધો સંસ્કૃત ભાષામાં રજૂ કરવાનો નિયમ છે, બાકીની યુનિવર્સિટીઓમાં પ્રાયઃ ગુજરાતી, અંગ્રેજી કે હિન્દીમાં શોધપ્રબંધો રજૂ કરવામાં આવે છે. આ બધા શોધપ્રબંધોનું સ્તર કેટલાક અપવાદો બાદ કરતાં પ્રાયઃ સામાન્ય અને પ્રકાશનની નહિવત્ ક્ષમતાવાળું હોય છે.

સંસ્કૃતની કેટલીક પ્રશિષ્ટ કૃતિઓના ગુજરાતી અનુવાદો ગર્વરૂપ થયા છે, આ પૈકી વિશેષ ઉલ્લેખનીય છે : શ્રી ભાષ્ય (આનંદશંકર ધ્રુવ), દ્વયાશ્રય મહાકાવ્ય, માલતીમાધવ વગેરે (મણિલાલ દ્વિવેદી), શાકુન્તલ, ઉત્તરરામચરિત (ઉમાશંકર જોશી), ધ્વન્યાલોક કાવ્યપ્રકાશ, વક્રોક્તિજીવિત (નગીનદાસ પારેખ), કાવ્યાલંકાર (નટવરલાલ યાજ્ઞિક), કાવ્યાનુશાસન (તપસ્વી નાન્દી), ચારેય વેદો (વિષ્ણુદેવ પંડિત), શંકરાચાર્ય તથા કાલિદાસ ગ્રંથાવલિ (ગૌતમ પટેલ – શ્રીમતી નીલમ પટેલ), કાદંબરી (છગનભાઈ પંડ્યા), રઘુવંશ (પ્રજારામ રાવળ), રામાયણ (હંસા મહેતા), ભગવદ્ગીતા (સુંદરજી બેટાઈ), ભગવદ્ગીતા : દેવકીનંદન સંહિતા (પંડિત અંબાલાલ, સિદ્ધપુર), વૈયાકરણભૂષણસાર (ભગવતીપ્રસાદ પંડ્યા), અણુભાષ્ય (ગોવિંદલાલ ભટ્ટ), મેઘદૂત (કીલાચંદ ઘેલાભાઈ), પતંજલિ યોગસૂત્રો (રામકૃષ્ણ વ્યાસ), પુરાણો, રામાયણ, મહાભારત (સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય દ્વારા પ્રકાશિત) વગેરે વિશેષ ઉલ્લેખનીય છે.

આચાર્ય આનંદશંકર બાપુભાઈ ધ્રુવે દેવવિમલગણિના શબ્દોમાં થોડોક ફેરફાર કરીને ગુજરાતના સંસ્કૃત વાઙ્મય ક્ષેત્રમાં ગૌરવશીલ પ્રદાનને ધ્યાને લઈ કહ્યું હતું કે **'गीर्वाणवाचः पुरुषोत्तमेन जगतकृताकारि विलासवेश्म'** અર્થાત્ 'જગતકર્તા પરમાત્માએ આ દેશને ગીર્વાણવાગ્દેવીનું વિલાસભવન બનાવ્યો છે' તે ધ્યાનાર્હ બની રહે છે. વાગ્દેવીને આપણે પ્રાર્થીએ કે આપણું ગુજરાત આ વિદ્યાક્ષેત્રે અગ્રેસર બની રહે.

**સમાપન**

પ્રસ્તુત વિષય સંદર્ભે વ્યાપક અને ગહન માહિતી માટે જિજ્ઞાસુઓને આ લેખક દ્વારા અન્યોના સહયોગમાં સંપાદિત ગ્રંથો 'Contribution of Gujarat to Sanskrit Literature : Dr. M. I. Prajapati Felicitation Volume' (૧૯૯૮) અને 'ગુજરાતનું સંસ્કૃત – પ્રાકૃત સાહિત્યમાં પ્રદાન : પ્રિ. કાનજીભાઈ એમ. પટેલ અભિનંદન ગ્રંથ' તથા આ ગ્રંથોમાં ગ્રંથસ્થ આ સંબંધી વિસ્તૃત વાઙ્મયસૂચિ ઉપરાંત નીલાંજના શાહ કૃત 'સોલંકીકાલનું સાહિત્ય (૧૯૭૭) તથા તેમના દ્વારા સંપાદિત 'ગુજરાતનું સંસ્કૃતક્ષેત્રે પ્રદાન (૧૯૯૯) વગેરે ગ્રંથો જોઈ જવા ભલામણ છે.

## પરિશિષ્ટ

### ભારતના રાષ્ટ્રપતિ દ્વારા 'Certificate of Honour'થી સન્માનિત ગુજરાતના સંસ્કૃત વિદ્વાનો

ભારતના રાષ્ટ્રપતિ દ્વારા સંસ્કૃત-પ્રાકૃત-પાલિના ૧૭ વિદ્વાનોને 'Certificate of Honour' એનાયત કરીને ૧૯૬ પથી પ્રતિવર્ષ સન્માનિત કરવામાં આવે છે. આ અન્વયે રાષ્ટ્રપતિ ભવનમાં ખાસ સન્માન સમારોહનું આયોજન કરીને પ્રત્યેક સન્માનિત વિદ્વાનને 'પ્રશસ્તિપત્ર' તથા પાંચ લાખ રૂપિયા એનાયત કરવામાં આવે છે. આ પ્રથાના પ્રારંભથી વર્ષ ૨૦૧૫ના અંત સુધીમાં ગુજરાતમાંથી **સંસ્કૃતના ફક્ત ૧૭ વિદ્વાનોને** સન્માનિત કરવામાં આવ્યા છે, જેમનો ટૂંકમાં પરિચય નીચે મુજબ છે.

**૧. ૧૯૬૭. ડૉ. પ્રતાપરાય એમ. મોદી, M. A., Ph.D. (kiluni.) (૧૮૯૮-૧૯૮૬)**

**કારકિર્દી** : પૂર્વ પ્રોફેસર, શામળદાસ કૉલેજ, ભાવનગર, પૂર્વ પ્રિન્સિપાલ, બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ, પૂર્વ ડાયરેક્ટર, ઇન્ડોલૉજિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, દ્વારકા. **Ph.D. માર્ગદર્શન. નોંધપાત્ર પ્રકાશનો** : ૧. Aksara : A forgotten chapter in the History of Indian Philosophy (૧૯૩૨), ૨. શ્રીરામાનુજાચાર્ય-જીવન અને સિદ્ધાન્તો (૧૯૩૧), ૩. A Critique of the Brahmasutra - Part ૧-૨ (૧૯૪૩, ૧૯૫૬), ૪. Bhagavad Gita : A Fresh Approach (૧૯૫૨), ૫. Brahmasutra & Anubhastya : A Citical study (૧૯૭૩) વગેરે. **વિશિષ્ટ ઉપલબ્ધિઓ** : ૧. દક્ષિણા ફેલોશિપ (૧૯૨૦), ૨. ભાવનગર રાજ્યે તેમને સંસ્કૃતમાં પીએચ.ડી. કરવા જર્મની મોકલેલા. ૩. અમેરિકન ઓરિએન્ટલ સોસાયટી અને જર્મન ઓરિએન્ટલ સોસાયટીનું વર્ષો સુધી માનદ્ સભ્યપદ વગેરે. **સંપર્ક** : સુપુત્રો : શ્રી રાજેન્દ્રભાઈ, હિમાંશુભાઈ અને સુભાષભાઈ (શ્રી હિમાંશુભાઈ અમેરિકામાં છે)

**૨. પંડિત બાલકૃષ્ણ નીલકંઠ પંચોલી (શાસ્ત્રી) વ્યાકરણાચાર્ય (૧૯૧૨-૧૯૯૮)**

**કારકિર્દી** : સેવાનિવૃત્ત પ્રોફેસર, વારાણસેય સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારાણસી અને પૂર્વ પ્રધાનાચાર્ય, શ્રી ખેતાન સંસ્કૃત મહાવિદ્યાલય, વારાણસી, Ph.D. **માર્ગદર્શક. નોંધપાત્ર પ્રકાશનો** : ૧. કૌંડ ભટ્ટ વિરચિત વૈયાકરણ ભૂષણસાર ઉપર ગવેષણાત્મક મૌલિક 'પ્રભા' વ્યાખ્યા/ટીકા, ૨. ભટ્ટોજી દીક્ષિત વિરચિત વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદી (સંપૂર્ણ) સ્વર વૈદિકી પ્રક્રિયા સહિતનો 'વિમર્શ-રત્નપ્રભા' વિવેચન સાથે હિન્દી અનુવાદ (૪ ખંડો), વગેરે. **વિશિષ્ટ ઉપલબ્ધિઓ** : ભારત ધર્મ મહામંડળ, કાશી દ્વારા મહામહોપાધ્યાય, 'વ્યાકરણાલંકાર', 'વ્યાકરણ-વાગીશ', 'વિદ્વદ્રત્ન', 'અભિનવ પાણિની', 'પદવાક્યપ્રમાણપારાવારીણ', શ્રી બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ દ્વારા 'મહામહોપાધ્યાય'. **સંપર્ક** : ડૉ. કમલેશ શાસ્ત્રી, હીરા પેલેસ સામે, શ્રીજી પાર્ક, મણિનગર, ભાલકિયા બસ સ્ટેન્ડ પાસે, અમદાવાદ, ફોન : ૦૭૯-૨૫૪૬૬૫૦૪ (મો. ૯૮૨૪૨૬૮૬૪)

**૩. ડૉ. એસ્તેર અબ્રાહ્મ સોલોમન, M. A. Ph.D. (૧૯૨૭)**

**કારકિર્દી** : સેવાનિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. **Ph.D. માર્ગદર્શક. નોંધપાત્ર પ્રકાશનો** : ૧. Avidya : A Problem of Truth and Reality, ૨. Indian Dialectics ૨ Vols., ૩. સાંખ્યવૃત્તિ, ૪. સાંખ્ય - સપ્તતિ - વૃત્તિ, ૫. હિન્દુદર્શન

વગેરે. **વિશિષ્ટ ઉપલબ્ધિઓ :** ભારત સરકાર દ્વારા 'પદ્મશ્રી'થી અલંકૃત., હરિ ૐ આશ્રમ પારિતોષિક, : બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ દ્વારા 'મહામહોપાધ્યાય'ની ઉપાધિથી વિભૂષિત વગેરે.

**૪. ૧૯૮૪. ડૉ. અરુણોદય એન. જાની, M. A. Ph.D., D. Litt. (૧૯૨૧-૨૦૦૩)**

**કારકિર્દી :** સેવાનિવૃત્ત ડાયરેક્ટર, ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ તથા પૂર્વ પ્રોફેસર અને અધ્યક્ષ, સંસ્કૃત, પાલિ અને પ્રાકૃત વિભાગ તથા ડીન, ફેકલ્ટી ઑફ આર્ટ્સ, એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા. **Ph.D. માર્ગદર્શન** : ૧૪ વિદ્યાર્થીઓ. નોંધપાત્ર પ્રકાશનો : ૧. નૈષધીયચરિત, ૨. રસકૌમુદી, ૩. દુર્ગાસપ્તશતી (ગુજરાતી અનુવાદ સહિત), ૪. કાલિકાપુરાણ (ગુજરાતી અનુવાદ સહિત), ૬. ગુરુમૂર્તિ ચરિત (ઉ. ખંડો, ગુજરાતી અનુવાદ) વગેરે. **વિશિષ્ટ ઉપલબ્ધિઓ** : મહામહોપાધ્યાય - દરભંગા સંસ્કૃત યુનિવર્સિટી, દરભંગા (બિહાર), એલેક્ઝાંડર ફોન હમબોલ્ટ ફાઉન્ડેશન ફેલોશિપ (૧૯૫૭-૫૮) અને ત્યાર બાદ ફરી એક વાર, શાસ્ત્રચૂડામણિ (રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન, દિલ્હી) વગેરે. સંપર્ક : ડૉ. જયદેવ જાની, સી-૧, ડૉ. સી. એસ. પટેલ એન્કલેવ, પ્રતાપગંજ, વડોદરા-૩૯૦૦૦૨, મો. ૯૮૯૮૦૬૯૯૭૨

**૫. ૧૯૯૦. ડૉ. તપસ્વી એસ. નાન્દી, M. A. Ph.D. (૧૯૩૩-૨૦૧૦)**

**કારકિર્દી :** સેવાનિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, **Ph. D. માર્ગદર્શન** : ૧૪ વિદ્યાર્થીઓ. **નોંધપાત્ર પ્રકાશનો :** ૧. The Origin and Development of the Theory of Rasa and Dhvani in Sanskrit Poetics., ૨. Kavyanusasana with Alamkarcudamani and Viveka of Acharya Hemachandra : With Critical Introduction and English Translation, ૩. Sahrdayaloka, ૩ Vols., ૪. Mammata's Kavyaprakasa with Saradipika of Gunaratnagani, Critcal edition., ૫. Natyasastra, Critical edition, Co. ed. Dr. V. M. Kulkarni, વગેરે. **વિશિષ્ટ ઉપલબ્ધિઓ** : વિદ્યાવાચસ્પતિ (પૂ. મોરારિ બાપુ પ્રેરિત, ૨૦૦૫), શાસ્ત્રચૂડામણિ (રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન, દિલ્હી, ૧૯૯૪), એમિરિટ્સ પ્રોફેસર, યુ. જી. સી. (૧૯૯૨), વગેરે. સંપર્ક : શ્રીમતી હર્ષા નાન્દી, ૪, પ્રોફેસર કોલોની, નવરંગપુરા, અમદાવાદ-૯, ફોન : ૦૭૯-૨૭૯૧૧૯૧૯

**૬. ૧૯૯૨. ડૉ. રમેશ એસ. બેટાઈ, M. A. Ph.D. (૧૯૨૬ - ?)**

**કારકિર્દી :** સેવાનિવૃત્ત ડાયરેક્ટર, દ્વારકાધીશ, સંસ્કૃત એકેડેમી ઍન્ડ ઇન્ડોલોજિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, દ્વારકા, **Ph.D. માર્ગદર્શન** : ૧૦ વિદ્યાર્થીઓ. **નોંધપાત્ર પુસ્તકો** : ૧. Gita and Gandhiji (૧૯૭૦), ૨. Immortal Doctrines of Hinduism, ૩. Essence of Jainism (૧૯૯૮), ૪. Critical Law in Ancient India (૨૦૦૩), ૫. ધ્વનિ અને પાશ્ચાત્ય ચિંતન વગેરે. **વિશિષ્ટ ઉપલબ્ધિઓ** : હરિ ૐ આશ્રમ પારિતોષિક, વાચસ્પતિ પુરસ્કાર (પૂ. મોરારિબાપુ પ્રેરિત), યુ. જી. સી. રિસર્ચ ફેલોશિપ (૧૯૭૯-૮૦), કેન્દ્ર સરકાર દ્વારા 'Gita and Gandhiji' માટે ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા અવૉર્ડ વગેરે. **સંપર્ક** : શ્રીમતી જયાબહેન બેટાઈ, ૧૦૦૧, એ/૨, અનમોલ ટાવર્સ, નારણપુરા ટેલિફોન એક્ષચેન્જ સામે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩, ફોન : ૦૭૯-૨૭૪૯૨૨૭૬

**૭. ૧૯૯૪. ડૉ. ભગવતીપ્રસાદ ડી. પંડ્યા, M. A. Ph.D. વ્યાકરણાચાર્ય, (૧૯૨૬).**

**કારકિર્દી :** સેવાનિવૃત્ત રીડર, સંસ્કૃત વિભાગ, ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી. **Ph. D. માર્ગદર્શન** : ૫ વિદ્યાર્થીઓ. **નોંધપાત્ર પ્રકાશનો** : ૧. વૈયાકરણભૂષણસાર, ૨. પરિભાષેન્દુશેખર, ૩. અપ્પય દીક્ષિત : કવિ અને આલંકારિક, ૪. વેદોપદેશચંદ્રિકા. ૫. લગ્ન એક સંસ્કાર વગેરે. **વિશિષ્ટ ઉપલબ્ધિઓ** : શાસ્ત્રચુડામણિ (રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન, દિલ્હી), વિદ્યાવાચસ્પતિ (શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ અને વારાણસી વિદ્વત્ત પરિષદ, વારાણસી), બ્રહ્મર્ષિ (સાંદીપનિ વેદવિદ્યા નિકેતન, પોરબંદર), વાચસ્પતિ પુરસ્કાર (પૂ. શ્રી મોરારિ બાપુ પ્રેરિત, ૨૦૦૩-૦૪) વગેરે. **સંપર્ક** : ૧, ગોપાલકુંજ સોસાયટી, જવાહરનગર, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.

**૮. ૧૯૯૭. ડૉ. ગૌતમ વી. પટેલ M. A. Ph.D. (૧૯૩૬)**

**કારકિર્દી :** સેવાનિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ,

સંસ્કૃત વિભાગ, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ તથા પૂર્વ પ્રમુખ, ગુજરાત સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર **Ph. D. માર્ગદર્શન** : ૬ વિદ્યાર્થીઓ. **નોંધપાત્ર પ્રકાશનો** : ૧. Kumarsambhavam with the Commentray of Vallabhadeva, Critical edition, ૨. શંકરાચાર્ય ગ્રંથાવલી : સંસ્કૃત પાઠ અને ગુજરાતી અનુવાદ : ૧૨ ભાગ, ૩. વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ, ૪. મેઘદૂત : પાંચ ભાષાઓમાં, ૫. ગુરુ ગંગેશ્વરાચાર્ય વગેરે. **વિશિષ્ટ ઉપલબ્ધિઓ** : વિદ્યાવાચસ્પતિ (D. Litt.) લાલબહાદુર શાસ્ત્રી કેન્દ્રિય સંસ્કૃત વિદ્યાપીઠ, નવી દિલ્હી તથા શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ (૨૦૦૯-૧૦), શાસ્ત્રચૂડામણિ, રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન, નવી દિલ્હી, મહામહોપાધ્યાય (કવિ કુલગુરુ કાલિદાસ સંસ્કૃત યુનિવર્સિટી, રામટેક, નાગપુર), બ્રહ્મર્ષિ (સાંદીપનિ ગુરુકુળ, પોરબંદર), સ્વામી ગંગેશ્વરાનંદજી વેદ રત્ન પુરસ્કાર વગેરે. **સભ્ય** : દ્વિતીય સંસ્કૃત આયોગ, ભારત સરકાર, નવી દિલ્હી, **સંપર્ક** : 'વાલમ', એલ-૧૧૧, સ્વાતંત્ર્યસેનાની નગર, અખબારનગર સામે, નવા વાડજ, અમદાવાદ-૩૮૦૦૧૩, ફોન : ૦૭૯-૨૭૬૨૧૬૧૦.

**૯. ૧૯૯૮. ડૉ. સુરેશચંદ્ર જી. કાંટાવાલા, M. A. Ph.D. (૧૯૩૦-?)**

**કારકિર્દી** : સેવાનિવૃત્ત ડાયરેક્ટર, ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, તથા પૂર્વ પ્રોફેસર અને અધ્યક્ષ, સંસ્કૃત, પાલિ અને પ્રાકૃત વિભાગ તથા ડીન, ફેકલ્ટી ઑફ આર્ટ્સ, એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા. **Ph. D. માર્ગદર્શક. નોંધપાત્ર પ્રકાશનો** : મૌલિક, સંપાદિત, અનુવાદિત : ૪. **વિશિષ્ટ ઉપલબ્ધિઓ** : કોમનવેલ્થ સ્કોલર - ૧૯૬૨-૬૩, નૅશનલ લેક્ચરર, યુ. જી. સી. ૧૯૯૫ વગેરે. **સંપર્ક** : કેતકી બાગ (ગ્રાઉન્ડ ફ્લોર) અધ્યાપક નિવાસ સામે, ડૉ. કે. એચ. કામદાર માર્ગ, પ્રતાપગંજ, વડોદરા-૩૯૦૦૦૨ ફોન : ૦૨૬૫-૨૭૮૪૨૫૬

**૧૦. ૨૦૦૧. ડૉ. નારાયણ એમ. કંસારા, M. A. Ph.D. (૧૯૩૨)**

**કારકિર્દી** : સેવાનિવૃત્ત ડાયરેક્ટર, મહર્ષિ વેદવિજ્ઞાન એકેડેમી, અમદાવાદ તથા પૂર્વ ડાયરેક્ટર, આર્ષ, અક્ષરધામ, ગાંધીનગર. **Ph.D. માર્ગદર્શક. નોંધપાત્ર પ્રકાશનો** : ૧. વૈદિક ગણિતવિદ્યા ૩ ભાગ, ૨. ઋગ્વેદ અધ્યયન પ્રવેશિકા, ૩. તિલકમંજરી (સંપાદન), ૪. બુદ્ધિસાગર વ્યાકરણ વગેરે. **વિશિષ્ટ ઉપલબ્ધિઓ** : ગૌરવ પુરસ્કાર (ગુજરાત સંસ્કૃત સાહિત્ય અકાદમી, ૧૯૯૯) વગેરે. **સંપર્ક** : ૧૭/૧૭૬, વિદ્યાનગર ફ્લૅટ્સ, હિંમતલાલ પાર્ક પાસે, પોલિટેકનિક, અમદાવાદ-૧૫ ફોન : ૦૭૯-૨૬૭૪૦૭૪

**૧૧. ૨૦૦૫. ડૉ. રાજેન્દ્ર આઈ. નાણાવટી, M. A. Ph.D. (૧૯૩૯-૨૦૧૬)**

**કારકિર્દી** : સેવાનિવૃત્ત ડાયરેક્ટર, ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ તથા પૂર્વ પ્રોફેસર અને અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, ફેકલ્ટી ઑફ આર્ટ્સ, એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા. **Ph. D. માર્ગદર્શન** : ૮ વિદ્યાર્થીઓ. **નોંધપાત્ર પ્રકાશનો** : ૧. Secondary Tales of the Two Great Epics. ૨. Essays on Sanskrit Poetics. ૩. વક્રોક્તિ વિચાર, ૪. મરીચિકા (સંસ્કૃત કાવ્યો), ૫. સૌંદર્યલહરી : સચિત્ર હસ્તપ્રતનું સંપાદન વગેરે. **વિશિષ્ટ ઉપલબ્ધિઓ** : ગૌરવ પુરસ્કાર (સંસ્કૃત સાહિત્ય અકાદમી, ૨૦૦૮), વાચસ્પતિ પુરસ્કાર, (પૂ. મોરારિબાપુ પ્રેરિત, ૨૦૧૦), એમિરિટ્સ ફેલો, યુ. જી. સી. (૨૦૦૭-૦૯), શાસ્ત્રચૂડામણિ (રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન, દિલ્હી, ૨૦૦-૦૭) વગેરે. **સંપર્ક** : બી-૧૦૩, રાજલક્ષ્મી સોસાયટી, જૂના પાદરા રોડ, રેસ કોર્સ, વડોદરા-૩૯૦૦૧૫, ફોન : ૦૨૬૫-૨૩૫૮૯૩૨

**૧૨. ૨૦૦૭. ડૉ. વસંતરાય જી. પરીખ, M. A. Ph.D. (૧૯૩૩)**

**કારકિર્દી** : સેવાનિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલી. **Ph.D. માર્ગદર્શન** : ૫ વિદ્યાર્થીઓ. **નોંધપાત્ર પ્રકાશનો** : ૧. Nyayakandali with three commentries, ૨. Anumankhandadusanoddhar, ૩. તર્કતરંગિણી, ૪. ભારતીય દર્શનમાં પરિણામવાદ, ૫. યોગવાસિષ્ઠની કથાઓ વગેરે. **વિશિષ્ટ ઉપલબ્ધિઓ** : વાચસ્પતિ પુરસ્કાર, (પૂ. મોરારિબાપુ પ્રેરિત), ગૌરવ પુરસ્કાર (ગુજરાત સરકાર), ગૌરવ પુરસ્કાર (ગુજરાત સંસ્કૃત સાહિત્ય અકાદમી), શાસ્ત્રચૂડામણિ (રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન, દિલ્હી) વગેરે. સંપર્ક : ૩, દેના બૅંક સોસાયટી, અમરેલી-૩૬૫૬૦૧, ફોન : ૦૨૭૯૨-૨૨૪૬૩૫

**૧૩. ૨૦૧૦. ડૉ. વિજય ડી. પંડ્યા, M. A., Ph.D. (૧૯૪૭)**

**કારકિર્દી :** સેવાનિવૃત્ત પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ **Ph.D. માર્ગદર્શન :** ૧૫ વિદ્યાર્થીઓ. **નોંધપાત્ર પ્રકાશનો** : ૧. માઘકવિ (૧૯૯૮), ૨. તત્ત્વમસિ (૨૦૦૦), ૩. ભવભૂતિ : સમીક્ષાત્મક અધ્યયન, ૪. મહાકવિ અશ્વઘોષ, ૫. અયોધ્યાકાંડ - સુન્દરકાંડ (ગુજરાતી અનુવાદ) વગેરે. **વિશિષ્ટ ઉપલબ્ધિઓ :** હરિ ૐ આશ્રમ પુરસ્કાર, દક્ષિણા ફેલોશિપ (મુંબઈ યુનિવર્સિટી) વગેરે. **સંપર્ક :** 'ઉપનિષદ', ૧૧-એ, ન્યૂ રંગસાગર સોસાયટી, સરકારી ટ્યૂબવેલનો ખાંચો, બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮ ફોન : ૦૨૭૧૭-૨૩૩૬૩૭ (મો.) ૯૮૯૮૦૫૯૪૦૪

**૧૪. ૨૦૧૧. ડૉ. મણિભાઈ આઈ. પ્રજાપતિ, M. A. Ph.D. (૧૯૩૮)**

**કારકિર્દી :** સેવાનિવૃત્ત પ્રિન્સિપાલ, કાંકરેજ, આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, થરા તથા પૂર્વ-ડાયરેક્ટર, દ્વારકાધીશ સંસ્કૃત એકેડમી ઍન્ડ ઇન્ડોલોજિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, દ્વારકા **Ph.D. માર્ગદર્શન :** ૧૮ વિદ્યાર્થીઓ. **નોંધપાત્ર પ્રકાશનો :** ૧. સંસ્કૃત સ્તોત્રકાવ્ય : ઉદ્ભવ, વિકાસ અને સ્વરૂપ (૧૯૭૮), ૨. સ્વાધ્યાય સમિધા (૧૯૯૨), ૩. રામચંદ્ર-ગુણચંદ્ર કૃત નાટ્યદર્પણ (૧૯૯૮), ૪. આદ્યશક્તિ જગતજનની મા ઉમિયા (સંપાદન, ૨૦૦૯), ૫. સંસ્કૃત સાહિત્યમાં ગુજરાત દર્શન. (સંપાદન, ૨૦૧૧) વગેરે. **વિશિષ્ટ ઉપલબ્ધિઓ** : ગૌરવ પુરસ્કાર (ગુજરાત સંસ્કૃત સાહિત્ય અકાદમી, ૨૦૦૨-૦૩), શાસ્ત્રચૂડામણિ (રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન, દિલ્હી, ૨૦૦૫-૦૬), સાહિત્ય ભાસ્કર (આંતરરાષ્ટ્રીય સ્વામિનારાયણ મહોત્સવ પરિષદ, ગઢપુરમ્, ૨૦૧૦) વગેરે. **સંપર્ક :** ૧૧, નીલકંઠ બંગ્લોઝ, નીલકંઠ મહાદેવ રોડ, નાગલપુર, મહેસાણા-૩૮૪૦૦૨. ફોન : ૦૨૭૬૨-૨૪૩૮૬૩, મો. ૯૮૭૯૬૩૨૮૧૬.

**૧૫. ૨૦૧૨. ડૉ. રવીન્દ્રકુમાર નાગર, M. A. Ph.D. (૧૯૪૧ મથુરા, વતન : જૂનાગઢ)**

**કારકિર્દી :** પ્રિન્સિપાલ, સંસ્કૃત મહાવિદ્યાલય, ભારતીય વિદ્યાભવન, નવીદિલ્હી તથા સેવાનિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ, કર્મકાંડ વિભાગ, શ્રી લાલબહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ, નવીદિલ્હી. **પીએચ.ડી. માર્ગદર્શન :** ૨૦ વિદ્યાર્થીઓ. **નોંધપાત્ર પ્રકાશનો :** ૧. સંસ્કૃત વ્યાકરણ, ૨. સરસ્વતીપૂજનમ્, ૩. પૂજાવિધાન, ૪. ભારતીય સંસ્કૃતિ, ૫. વિવેકાનંદચરિતમ્ વગેરે. **વિશિષ્ટ ઉપલબ્ધિઓ :** ભારતના રાષ્ટ્રપતિ દ્વારા પદ્મશ્રીથી વિભૂષિત (૨૦૧૬), ઉત્તરપ્રદેશ સંસ્કૃત અકાદમી, લખનઉ દ્વારા વિશિષ્ટ સમ્માન, ૨૦૧૫. **સંપર્ક** : 38, Sanskrit Group Housing Society Plot No.3, Sector-14, Rohini, New Delhi-110085. M. 09818904001

**૧૬. ૨૦૧૨. શ્રી અંબાલાલ મણિશંકર જોશી, (પરંપરાગત વિદ્વાન), (૧૯૩૩)**

પ્રસિદ્ધ વેદપંડિત. **અધ્યાપન-સેવા :** પારંપરિક સંસ્કૃત પાઠશાળાઓ વગેરેમાં અધ્યાપન. **વિશિષ્ટ ઉપલબ્ધિઓ :** અનેક સંસ્કૃત મહાવિદ્યાલયો દ્વારા સન્માનિત. **સંપર્ક :** ૭૦-૭૧, શાંતિનિકેતન સોસાયટી, કૉલેજની પાછળ, અમરોલી, સુરત (ગુજરાત) - ૩૯૪૧૦૭

**૧૭. ૨૦૧૩. ડૉ. હંસાબહેન હિંડોચા, M. A., Ph.D. (૧૯૪૪)**

**કારકિર્દી :** સેવાનિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષા, સંસ્કૃત ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, પૂર્વ અધ્યાપિકા, દ્વારકાધીશ સંસ્કૃત એકેડેમી ઍન્ડ ઇન્ડોલોજિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, દ્વારકા તથા પૂર્વ અધ્યાપિકા, ગુરુકુળ મહિલા કૉલેજ, પોરબંદર **Ph. D. માર્ગદર્શન :** ૧૭ વિદ્યાર્થીઓ. **નોંધપાત્ર પ્રકાશનો :** ૧. રામરસિક સંપ્રદાય : ભક્તિ અને દર્શન (૧૯૯૩), ૨. વૈદિક સોમવલ્લી અને સોમરસ (૧૯૯૮), ૩. સંસ્કૃત સાહિત્યમાં મધુરરસ (૧૯૯૮), ૪. વિશ્વનાથસિંહકૃત 'સંગીત રઘુનંદન' : સમીક્ષાત્મક અધ્યયન (૨૦૦૦), ૫. Honey Comb (collection of Research Paprers : ૨૦૦૬) વગેરે. **વિશિષ્ટ ઉપલબ્ધિઓ :** શાસ્ત્રચૂડામણિ (રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન, દિલ્હી, ૨૦૦૮), શ્રેષ્ઠ રઘુવંશી મહિલા સંશોધક પ્રતિભા અવૉર્ડ (વિશ્વલોહાણા સમાજ, ૨૦૧૩), વિશિષ્ટ સંસ્કૃત વિદ્વત્સમ્માન (સંસ્કૃત સેવાસમિતિ, અમદાવાદ, ૨૦૦૭) વગેરે. **સંપર્ક :** ૨૦૨-B, પંચનાથ ટાવર્સ, સેંટ મેરી સ્કૂલ સામે, કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫ (ગુજરાત) મો. ૯૪૨૬૯૧૧૦૩૧

**મણિભાઈ પ્રજાપતિ**

# એલેક્ઝાન્ડ્રીઆ : લાઈબ્રેરી

**મોહનલાલ પટેલ**

એક કૉસ્મોપોલિટન સિટી (વિશ્વનગર) સ્થાપવાની મનોહર કલ્પના સાથે સિકંદરે ઈ. સ. ૩૩૧માં ઇજિપ્ત ખાતે પોતાનાં નામનો આધાર આપીને એલેક્ઝાન્ડ્રીઆ નામના નગરની સ્થાપના કરી. શહેરનું ઉત્તમ સ્થાપત્ય, ઉત્કૃષ્ટ પ્રકારનું બંદર, પશ્ચાદભૂમાં ૪૦ માળની ઊંચાઈ ધરાવતી દીવાદાંડી (Light house) તદ્‌ઉપરાંત જગતનાં જુદાંજુદાં ધર્મ, સંસ્કૃતિ અને ભાષાવાળાં રાષ્ટ્રોના નાગરિકો માટે રહેઠાણ, આરામ, વિહાર, વ્યાયામ વગેરે માટે સગવડભર્યાં સ્થાનો તેમ જ સ્નાન માટે સ્વિમિંગ પૂલો... આ બધું પરદેશીઓ માટે ભારે આકર્ષણરૂપ હતું. સાચા અર્થમાં આ શહેર એક વિશ્વનગર બની રહ્યું હતું. જગતભરના લોકોનો અહીં મેળો જામતો, વિચારોનું આદાન-પ્રદાન થતું અને વેપાર-વાણિજ્ય ઉપરાંત જ્ઞાન ગોષ્ઠીઓનું આયોજન પણ થતું. વેપારી, કલાકાર, સાહિત્યકાર કે ફિલસૂફ સૌ એક આબોહવાના જીવ બની રહેતા.

આ બધું ખરું, પણ એલેક્ઝાન્ડ્રીઆનું હૃદય તો એની લાઇબ્રેરી ! આ લાઇબ્રેરીનું ક્ષેત્ર ગ્રંથાલય પૂરતું મર્યાદિત નહોતું. એને સંલગ્ન સંશોધન કેન્દ્ર ગ્રંથાલય કરતાં ઘણું ઊંચું મૂલ્ય ધરાવતું હતું એમ કહેવામાં અતિશયોક્તિ નથી. અલબત્ત, એનું અસ્તિત્વ તો ગ્રંથાલયના આધારે જ હતું પણ સંશોધન કેન્દ્રમાં જગતભરના વિજ્ઞાનીઓ દ્વારા જે સંશોધન થયું એનું મૂલ્ય, એ સમયની દૃષ્ટિએ, શબ્દોમાં આંકી શકાય એમ નથી. ત્યાં થતા કાર્યને અનુલક્ષીને એ કેન્દ્ર જગતની પ્રથમ સંશોધન સંસ્થા (Research Institute) જેવું માનભર્યું બિરુદ પામ્યું હતું.

આ કેન્દ્રમાં કામ કરનાર વિજ્ઞાનીઓ દ્વારા બ્રહ્મ (Cosmos) ને ઓળખવા અને તેનાં રહસ્યોને જાણવા માટે પુરુષાર્થ થતો. અહીં સંશોધિત કેટલાંક રહસ્યો તો એવાં હતાં જેની ઝાંખી બે હજાર વર્ષ પછીના વિજ્ઞાનીઓએ કરેલી શોધમાં પાયાના કોઈ તત્ત્વરૂપે કરી શકાય એમ છે. જેમ કે, હેરોન (Heron)ના પુસ્તક ‘ઑટોમેટા’ (Automata)માં આજે ખૂબ વિકસિત રૉબોટની શક્યતાનો બોધ કરેલો જોઈ શકાય છે. આર્કિમીડીસે પુલી (ગરગડી - Pulley)નો જે ઉપયોગ (પુલીનું નિર્માણ કરીને) કરી બતાવ્યો એ ગરગડી-વિજ્ઞાન આજે આપણે મોટાં મોટાં તોતિંગ સ્ટ્રક્ચરો (માળખાં) ઉઠાવતું અને એની હેરફેર કરતું જોઈ શકીએ છીએ. હીરોફિલસે (Herophilus) જાહેર કર્યું હતું કે બુદ્ધિનું સ્થાન હૃદય નહીં પણ મગજ છે. યુક્લિડે ભૂમિતિના વિષયમાં કરેલું કામ આજે પણ અકબંધ છે. હિપ્પરચ્યુસે પૃથ્વી પર આંકેલા કાલ્પનિક અક્ષાંશ અને રેખાંશનો આજે પણ આપણે ઉપયોગ કરીએ છીએ.

ભારે આશ્ચર્યની વાત તો એ છે કે બે હજાર વર્ષ પહેલાં સંશોધન ક્ષેત્રે કામ કરતા આ વિજ્ઞાનીઓ પાસે એમના કાર્ય માટે સાધનો ટાંચાં હતાં અથવા નહીંવત્ હતાં એમ પણ કહી શકાય. એમની પાસે માઇક્રોસ્કોપ કે ટેલિસ્કોપ જેવા કોઈ ‘સ્કોપ’ નહોતા. અને થર્મોમીટર કે બેરોમીટર જેવાં કોઈ ‘મીટર’ નહોતાં. એમણે તો દોરી, લાકડી, ધાતુના ટુકડા જેવાં હાથવગાં સાધનોથી કામ ચલાવ્યું હતું. બુદ્ધિ, કલ્પના, અણખૂટ ધૈર્ય, અપરિમેય જુસ્સો વગેરે એમનાં હથિયાર કે સહાયક, જે ગણો તે હતાં.

સિકંદરની એક મહાન યુદ્ધવિજેતા તરીકેની સામાન્ય ઓળખ. સોળ વર્ષની ઉંમરે તો પિતા ફિલિપ (મેસેડોનિયાના રાજા, ગ્રીસની ઉત્તરે)ના લશ્કરમાં રહીને ક્યારેક તો મોરચા પર આગેવાની જેવું કામ કરીને લશ્કરી કુનેહ દાખવી હતી. પિતાના અવસાન પછી ૨૦ વર્ષની ઉંમરે રાજ્યધુરા સંભાળીને એણે યુદ્ધયાત્રા આરંભી દીધી

હતી. લડાઈનાં રક્તલાંછિત મેદાનોમાં ઘૂમનારો આ માણસ જગત માટે મંગલકારી કાર્યો કરનારો અને એમાં ઓતપ્રોત રહેનારો શી રીતે થઈ શક્યો ? સિકંદરના જીવનની આ જ તો એક આશ્ચર્યકારક ખૂબી છે !

સિકંદરમાં બાળપણથી જ અસાધારણ ચાંચલ્ય અને તરવરાટ તો હતાં જ પણ જેમ જેમ એનું વય વધતું ગયું તેમ તેમ એનામાં રહેલા બુદ્ધિચાતુર્યનું તેજ પણ પ્રકાશિત થવા લાગ્યું. એની તરુણાવસ્થાની એક ઘટનાએ એના જીવનને એક નવો અને ઘણો ઉપયોગી માર્ગ ચીંધ્યો. એક વખત કોઈ થિસેલિયન એક ઘોડો વેચવાના હેતુથી સિકંદરના પિતા પાસે આવ્યો. પરીક્ષા માટે ઘોડાને એક ખેતરમાં લઈ જવામાં આવ્યો. ઘોડો તોફાની અને બેકાબૂ જણાયો. એને ચકાસી જોનાર અશ્વવિદ્યાના જાણકારે કહી દીધું કે ઘોડો કોઈ રીતે ઉપયોગી થઈ શકશે નહીં. એ કોઈને સવારી કરવા નહીં દે. સિકંદરના પિતાએ એ ઘોડાને જંગલી પશુ ગણીને એનો સોદો કરવાનો ઇન્કાર કર્યો. સિકંદર ત્યાં હાજર હતો. એ ધીરેથી બોલ્યો : 'આ લોકો ઘોડાને કાબૂમાં રાખવાની એમની બિનઆવડતને લીધે એક પાણીદાર ઘોડાને જતો કરી રહ્યા છે' સિકંદરના આ બોલ તરફ કોઈએ ધ્યાન આપ્યું નહીં એટલે એણે એક વાર ફરીથી એ શબ્દો ઉચ્ચાર્યા એટલે એના પિતાએ કહ્યું : 'તારા કરતાં આ લોકો વધારે અનુભવી અને અશ્વવિદ્યા જાણનારા છે. એ લોકો કંઈ ન કરી શક્યા. તું કરી શકીશ ? શકવાનો છે ?'

'હા, હું કરી શકીશ' સિકંદરે જવાબ આપ્યો.

આ પછી સિકંદર ઘોડા પાસે ગયો. એણે ઘોડાની પીઠ થાબડી. થોડી ક્ષણો સુધી એ પ્રમાણે થાબડતો રહ્યો. ત્યાર બાદ આસ્તે રહીને ઘોડા પર સવાર થયો. ઘોડાને ચાબુક માર્યા વગર કે પગની એડીનો પ્રહાર કર્યા વગર એણે ઘોડાને ચલાવ્યો, ખેલાવ્યો, દોડાવ્યો અને પોતાની ઇચ્છા મુજબ ઘોડા પાસે કામ લીધું.

સિકંદરના પિતાને પુત્રના બુદ્ધિચાતુર્ય વિશે જાણકારી તો હતી જ, પણ ઘોડાની આ ઘટના પછી એમણે બીજું વિચારવા માંડ્યું. એમને લાગ્યું કે ચીલાચાલુ કેળવણી દીકરા માટે વામણી સાબિત થશે. એમણે બીજી વ્યવસ્થા વિચારી લીધી. સિકંદરની કેળવણી માટે રોકેલા બધા શિક્ષકોને એણે છૂટા કરી દીધા અને ગ્રીસના તત્કાલીન શ્રેષ્ઠ ફિલસૂફ એરિસ્ટોટલને ઊંચું મહેનતાણું અને બીજી ખાસ સગવડો આપીને સિકંદરની કેળવણી માટે રોક્યા.

એરિસ્ટોટલે સિકંદરને અનેક વિદ્યાઓનાં ઊંડાંઊંડાં રહસ્યો શીખવ્યાં. એક્રોઆમાટા અને ઇપોપ્ટિકા જેવા માત્ર મૌખિક રીતે શીખવવાના વિષયો પણ એમણે સિકંદરને શીખવ્યા. વૈદ્યકીય શાસ્ત્ર પણ સારી રીતે શીખવ્યું.

એરિસ્ટોટલ પાસેથી મેળવેલી વિદ્યા ઉપરાંત સિકંદરને સાહિત્યમાં ખાસ રુચિ હતી. હોમરનું ઇલિયડ મહાકાવ્ય તેમ જ સોફોક્લિસ, યુરિપીડીસ વગેરે નાટ્યકારોનાં નાટકો અને ટેલેસ્ટસ તેમ જ ફિલોઝેનસની કવિતામાં પણ એને ઘણો રસ હતો. યુદ્ધયાત્રાએ હોય ત્યારે પણ એ પુસ્તકોને પોતાના ઓશિકા નીચે રાખતો. પુસ્તકો ખૂટે કે ન મળે ત્યારે એ હારપેલસને લખીને મંગાવી લેતો. (હારપેલસ બેબિલોનના ખજાનાનો રક્ષક હતો)

એલેક્ઝાન્ડ્રીઆ નગર અને લાઇબ્રેરીની સ્થાપના પાછળની આટલી ભૂમિકા પછી પહેલાં તો એ લાઇબ્રેરીના ગ્રંથસંચય વિશે થોડી વાત કરીએ.

સિકંદર પછી ઇજિપ્તમાં એના રાજ્યના વારસ ગ્રીક ટૉલેમી રાજાઓએ લાઇબ્રેરીના નિભાવ અને વિકાસની જવાબદારી સંભાળી. આ સંભાળ માટે એ રાજાઓ એમની સંપત્તિમાંથી અઢળક ખર્ચ કરતા હતા. લાઇબ્રેરી માટે પુસ્તકો ખરીદવા માટે એમના એજન્ટોને વિવિધ દેશોમાં મોકલતા હતા. જરૂર પડ્યે ગમે તેટલો ખર્ચ કરીને પણ ઇચ્છિત પુસ્તકો મેળવી લેવાની એમને કાયમી સૂચના આપી રાખેલી હતી. એજન્ટો આ સૂચનાનો કાળજીપૂર્વક અમલ કરતા. જે પુસ્તકો ખરીદીમાં મળે એમ ન હોય એના માટે એજન્ટો જુદો માર્ગ અપનાવતા. પુસ્તકોની નકલ કરીને પરત કરવાની શરતે એ મેળવતા. વિશ્વાસથી આ કામ ચાલતું. જ્યાં એનો અભાવ હોય ત્યાં ડિપોઝિટ તરીકે માગણી પ્રમાણેનાં નાણાં આપવામાં આવતાં નકલનું કામ તો એલેક્ઝાન્ડ્રીઆની લાઇબ્રેરીમાં જ થતું. આ કાર્ય માટે લાઇબ્રેરીમાં ખાસ નિષ્ણાતો હતા.

એથેન્સવાસીઓ એમના કબજા હેઠળનાં પુસ્તકોને

જીવની જેમ જાળવતા. નકલ માટે પણ એ લોકો પુસ્તકો આપવા તૈયાર ન થતા. આવા સંજોગોમાં ટૉલેમી રાજાઓ પ્રમાણ કરતાં ઘણું વધારે નાણું ગીરો મૂકીને નકલ માટે પુસ્તકો મેળવતા. ટૉલેમી ત્રીજા (Eurgetes)એ અઢળક નાણું ગીરો મૂકીને ધાર્યાં પુસ્તકો મેળવ્યાં ખરાં, પણ નાણું જતું કરવાની ગણતરી રાખીને પુસ્તકો પરત ન કર્યાં. એથેન્સવાસીઓ રોષે ભરાયા. સંઘર્ષ કર્યો, કશું વળ્યું નહીં. આખરે સમાધાનરૂપે એથેન્સવાસીઓએ પુસ્તકોની નકલો મેળવીને સંતોષ માનવો પડ્યો.

પુસ્તકો મેળવવાનો એક આશ્ચર્યકારક રસ્તો પણ ટૉલેમી રાજાઓએ અપનાવ્યો હતો. એલેક્ઝાન્ડ્રીઆ બંદરમાં લાંગરેલાં વહાણોમાં પોલીસ મોકલવામાં આવતી અને જે હાથ લાગે તે પુસ્તકો મેળવી લેવાતાં.

ટૉલેમી રાજાઓએ આ રીતે ગ્રંથાલયને સમૃદ્ધ કરવા માટે ઘણું કામ કર્યું એ તો ખરું, એમણે નવા ગ્રંથો તૈયાર કરાવવા માટે પણ એમના થકો આગવો પુરુષાર્થ કર્યો હતો. આમ એલેક્ઝાન્ડ્રીઆની લાઇબ્રેરીના વિકાસમાં ટૉલમી રાજાઓની નિષ્ઠાપૂર્વકની તપશ્ચર્યા હતી.

આપણે ત્યાં પુરાણા હસ્તલિખિત ગ્રંથો પોથીના રૂપમાં હોય છે. જે વાંચવા માટે સગવડભર્યા બની રહે છે. જ્યારે ઇજિપ્તની આ લાઇબ્રેરીના ગ્રંથો વીંટા (Scroll)ના રૂપમાં હતા. એમને વાંચવા, રાખવા, સાચવવા માટે ભારે કાળજી લેવી પડતી હતી.

એલેક્ઝાન્ડ્રીઆની લાઇબ્રેરીમાંના પુસ્તકોની સંખ્યાનો ચોક્કસ આંકડો ઉપલબ્ધ નથી, પણ એ પુસ્તકોની સંખ્યા પાંચ લાખની હોવાનો અંદાજ છે.

અગાઉ કહ્યું તેમ એલેક્ઝાન્ડ્રીઆની લાઇબ્રેરીનું બીજું અંગ એનું સંશોધન કેન્દ્ર હતું. આ કેન્દ્ર એક સંશોધન સંસ્થા તરીકે જાણીતું બનેલું છે. અહીં સંશોધન માટેની વ્યવસ્થા જાણવા જેવી છે. આ સંશોધન કેન્દ્રમાં ગણિતશાસ્ત્ર, પદાર્થવિજ્ઞાન, જીવવિજ્ઞાન, ખગોળશાસ્ત્ર, ભૂગોળનું વિજ્ઞાન, ભાષા, સાહિત્ય, વૈદ્યકીય વિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન વગેરે વિવિધ જ્ઞાનશાખાઓના સંશોધન માટે દરેક વિષયને અલગ ફાળવી શકાય એ માટે અહીં મોટા મોટા દસ ખંડો હતા. આ ખંડો સાથે બોટાનિકલ ગાર્ડન, ફુવારા, પ્રાણીસંગ્રહાલય, તેમ જ બીજી કેટલીક સગવડો પણ જોડાયેલી હતી. આ બધી સગવડો ઉપરાંત એક વિશાળ ડાઇનિંગ હૉલ પણ હતો. ભોજન ઉપરાંત ફુરસદના સમયે અહીં સામાન્ય ચર્ચાઓ અને ગોષ્ઠીઓ થતી.

વિવિધ દેશોના અનેક વિજ્ઞાનીઓએ તેમ જ વિવિધ વિષયોના તજ્જ્ઞોએ આ સંશોધન કેન્દ્રમાં કામ કર્યું હતું તે પૈકીના કેટલાકના કાર્ય વિશે અહીં અછડતો ખ્યાલ આપ્યો છે :

**ઇરાતોસ્થિનીસ (Eratosthenes)**

એલેક્ઝાન્ડ્રીઆની લાઇબ્રેરીની સ્થાપના પછી ઇરાતોસ્થિનીસ એનો પ્રથમ ડાયરેક્ટર હતો. એના વિરોધીઓ ગ્રીક મૂળાક્ષર પ્રમાણે એને બીટા (Beta) અર્થાત્ બીજા ગ્રેડમાં મૂકતા. પણ ખરેખર તો એ આલ્ફા (Alpha) અર્થાત્ પ્રથમ ગ્રેડનો વિજ્ઞાની હતો. પૃથ્વી સપાટ નહીં પણ વળાંક (કર્વેચર) વાળી છે એવું એણે માત્ર બે પાતળી લાકડીઓના સાધનથી નક્કી કરીને કહ્યું હતું. એણે એક લાકડી એલેક્ઝાન્ડ્રીઆમાં અને બીજી લાકડી ૮૦૦ માઇલના અંતરે Syene નામના શહેરમાં ઊભી કરીને સૂર્યના તડકામાં આ બે લાકડીઓના પડછાયાના કદના આધારે બુદ્ધિપૂર્વકની ગણતરીએ આ તારણ કાઢ્યું હતું. એણે પૃથ્વીના કદ વિશે પણ વાત કરી હતી.

એ ઘણી વિદ્યાશાખાઓનો નિષ્ણાત હતો જે પૈકી ખગોળશાસ્ત્ર, ઇતિહાસ, ભૂગોળ, તત્ત્વજ્ઞાન, ગણિતશાસ્ત્ર, કાવ્ય વગેરે મુખ્ય હતી.

**હિપ્પરચ્યુસ (Hipparchus)**

એણે નક્ષત્રો વિશે જાણકારી મેળવવાનું કામ કર્યું અને તારાઓના પ્રકાશના પ્રમાણનાં તારણ કાઢ્યાં. વર્ષની ચોક્કસ લંબાઈ એણે નક્કી કરી. અને પૃથ્વી પર કાલ્પનિક રેખાંશ-અક્ષાંશનું અંકન કર્યું.

**યુક્લિડ (Eculid)**

એણે ભૂમિતિને વૈજ્ઞાનિક રૂપ આપ્યું. ઉપર કહ્યું તેમ એનું Elements પુસ્તક જાણીતું છે.

**ડાયોન્યસિયસ (Dionysius)**

એણે ભાષાના ઘટકો (Parts of Speech) ઉપર કામ કર્યું અને ભાષાને વિજ્ઞાનના રૂપમાં ઢાળવાનો પુરુષાર્થ કર્યો.

**હીરોફિલસ (Herophilus)**

શરીરવિજ્ઞાનમાં કામ કર્યું. એણે પ્રથમવાર જાહેર કર્યું કે બુદ્ધિનું સ્થાન હૃદયમાં નહીં પણ મગજમાં છે.

**હેરોન (Heron)**

ગતિશીલ યંત્રો માટે ગીયરનો શોધક. એના પુસ્તક 'ઑટોમેટા'માં આજના સમયમાં ખૂબ પ્રગતિ પામી ચૂકેલા રૉબોટની શક્યતાની ઝાંખી થાય છે.

**એપોલોનિયસ (Apollonius)**

એ ગણિતશાસ્ત્રી હતો. એણે શંકુના જુદાજુદા સ્તરના આકારો વિશે લખ્યું છે અને ellipse, પેરાબોલા, હાયરબોલા તેમ જ જુદા જુદા વળાંકો વિશે અને ગ્રહો તથા ધૂમકેતુની ભ્રમણકક્ષા વિશે વાત કરી છે.

**ટૉલેમી (Ptolemy)**

ગ્રીક રાજાઓ સિવાયના પરિવારનો વિજ્ઞાની. ભૂગોળ વિદ્યાશાખામાં કામ કર્યું હતું. એણે વિશ્વનો નકશો તૈયાર કર્યો. કેન્દ્રમાં પૃથ્વીને રાખી અને પૃથ્વીની આસપાસ હજારની સંખ્યા કરતાં વધારે તારાઓ દર્શાવ્યા હતા. એણે પૃથ્વીનો પણ અલગ નકશો તૈયાર કર્યો હતો.

**Aristarehus**

સૂર્ય અને ચંદ્રના કદ ઉપરાંત એમના અંતર વિશે પણ એણે સંશોધન કર્યું. એણે સૂર્ય કેન્દ્રમાં હોવાનું તેમ જ પૃથ્વી એને ફરતી હોવાની જાહેરાત કરી.

**આર્કિમીડીસ (Archimedes)**

બાથટબમાં સ્નાન કરતી વખતે એકાએક સ્ફુરેલી તરતી વસ્તુઓનો નિયમ (Law of Floating Bodies)ની શોધથી વધારે જાણીતા થયેલા આર્કિમીડીસની અસાધારણ બુદ્ધિમત્તા તો મિકેનિકલ એન્જિનિયરિંગના ક્ષેત્રમાં જોવા મળે છે. એણે એલેક્ઝાન્ડ્રીઆના સંશોધન કેન્દ્રમાં રહીને આ ક્ષેત્રમાં ઘણું કામ કર્યું હતું. ફક્ત એક વાંસડાના સાધનથી ઘણા મોટા વજનવાળી વસ્તુઓ-પદાર્થોને દડાની માફક ઉછાળીને ફેંકી દઈ શકાય એ માટે ઉચ્ચાલનની શોધ, વહાણ જેવાં તોતિંગ સ્ટ્રક્ચરોને ઊંચકીને તેમની હેરફેર કરી શકાય એ માટે ગરગડીઓ (Pulleys)ના ઉપયોગની શોધ, પાણીનું લેવલ ઊંચું લાવવા માટે વપરાશમાં લઈ શકાય એવો ઊંચો લાકડાનો સ્ક્રૂ (Screw) આવી અનેક શોધો આર્કિમીડીસે કરેલી છે. એમ કહેવાય છે કે લિઓનાર્દો-દ-વીન્સીના ઉદય પહેલાં મિકેનિકલ એન્જિનિયરિંગના ક્ષેત્રમાં આર્કિમીડીસનું સ્થાન વીન્સી જેટલું હતું.

**હાઈપેશિયા (Hypatia)**

એલેક્ઝાન્ડ્રાઆની લાઇબ્રેરીના આરંભમાં લાઇબ્રેરીમાં વિજ્ઞાની ઇરાનોસ્થિનીસનું જે સ્થાન હતું એટલું અથવા કદાચ એથી વિશેષ સ્થાન આ સ્ત્રી-વિજ્ઞાની હાઈપેશિયાનું હતું. વિજ્ઞાનનાં એકાધિક ક્ષેત્રોમાં એનું નામ મહત્ત્વના સ્થાને હતું. પણ ગણિતશાસ્ત્રમાં એ ટોચ ઉપર હતી. ખગોળશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્રમાં પણ એણે ઘણું મહત્ત્વનું કામ કર્યું હતું. ફિલસૂફીના ક્ષેત્રમાં એ ઊંચા સ્થાને હતી એટલું જ નહીં પણ ઘણી સક્રિય હતી. એ નિયોપ્લેટોનિક સ્કૂલ ઑફ ફિલોસોફીના વડા તરીકેનું સ્થાન સંભાળતી હતી. એ Pagan (કોઈ પણ ધર્મમાં શ્રદ્ધા ન ધરાવવાની વિચારસરણી) પંથમાં અગ્રેસર હતી. એ ક્ષેત્રમાં એ ઘણું લખતી અને બોલતી. એની આ પ્રવૃત્તિ જીવન માટે જોખમી હતી તે એ જાણતી હતી છતાં એ ક્ષેત્રે નિર્ભય બનીને કામ કરતી. આ જોખમ એટલા માટે હતું કે એ સમયમાં રોમન કૅથોલિક ધર્મ હજુ બાલ્યાવસ્થામાં હતો અને એનો વિસ્તાર કરીને પગદંડો જમાવવા માટે એના ધર્મીઓ પ્રયત્નશીલ હતા. આના કારણે એ ધર્મીઓ Pagan પંથીઓના કટ્ટર વિરોધી હતા. હાઈપેશિયાના સમયમાં એલેક્ઝાન્ડ્રીઆના ચર્ચમાં આર્ચબિશપ તરીકે સિરિલ (Cyril) હતા. હાઇપેશિયા રોમન ગવર્નર સાથે મૈત્રી ભાવ રાખતી હતી, એ કારણે પણ એ આર્ચબિશપને આંખમાં કણાની જેમ ખૂંચતી હતી. આ સ્ત્રી અપાર મનોબળના કારણે કોઈ જોખમને લક્ષમાં લેતી નહોતી.

એનો જન્મ ઈ. સ. ૩૭૦માં એલેક્ઝાન્ડ્રીઆમાં થયો હતો. એ અત્યંત રૂપવતી હતી એટલે લગ્ન માટે એને ઘણી દરખાસ્તો મળતી હતી. પણ એમાં એને રસ નહોતો એટલે એ સઘળી દરખાસ્તોને નકારતી હતી.

ઈ. સ. ૪૧૫ના વર્ષમાં એક દિવસ હાઈપેશિયા એના કામ પર જતી હતી ત્યારે આર્ચબિશપ સિટિલના ક્ષેત્રના અનુયાયીઓ (Parishiones)નું એક ટોળું એના માર્ગમાં ઊભું હતું. હાઈપેશિયાનો રથ જ્યારે આ ટોળા

પાસે પહોંચ્યો ત્યારે આ ઝનૂની ટોળાંએ એને રથમાંથી ખેંચી કાઢી. એનાં વસ્ત્રો ફાડી નાખ્યાં અને એને જીવતી રહેંસી નાખી. આ લોકો એટલેથી ન અટક્યા. એમણે હાઈપેશિયાના કાર્યક્ષેત્ર એલેક્ઝાન્ડ્રીઆની લાઇબ્રેરીનો ધ્વંસ કર્યો. અને સાત સદી પુરાણી લાઇબ્રેરીનો અંત આણ્યો. આ સમયે હાઈપેશિયાની ઉંમર ૪૫ વર્ષની હતી.

હાઈપેશિયાના મૃત્યુ પછી લાઇબ્રેરીના અવશેષ રૂપે લગભગ કશું ન રહ્યું. લાઇબ્રેરીના ધ્વંસમાં હાઇપેશિયાના નિમિત્ત કરતાં વધારે તો ધાર્મિક અંધત્વ અને અસહિષ્ણુતાએ ભાગ ભજવ્યો. લાઇબ્રેરીમાં મોટા ભાગે તો Pagan આબોહવા હતી. જેને રોમન કૅથોલિકો ખમી શકે એમ નહોતા. પરિણામે એલેક્ઝાન્ડ્રીઆનું જે ગૌરવ હતું એ નાશ પામે એવી સ્થિતિનું નિર્માણ થયું. લાઇબ્રેરીના નાશથી શું નાશ પામ્યું અને કેટલા પ્રમાણમાં નાશ પામ્યું એની ભૌતિક ગણતરી કરવાનો કશો અર્થ નથી. છતાં એ ગણવું હોય તો એમ કહી શકાય કે ગ્રંથાલયનાં પુસ્તકોનો લગભગ સર્વનાશ થયો. એ પુસ્તકોના ટાઇટલ કે એના સર્જકોની કોઈ યાદી કે સૂચિ નથી. સર્જકો અજ્ઞાત ક્ષેત્રમાં ધકેલાઈ ગયા એ નુકસાનનો શો અંદાજ માંડવો ? હા, જે બહુ જાણીતા સર્જકો કે નાટ્યકારો હતા એમની બાબતમાં નુકસાનની થોડી જાણકારી મળી શકી. જેમ કે, સોફોક્લિસનાં ૧૨૩ નાટકોમાંથી ફક્ત ૭ (સાત) બચવા પામ્યાં હતાં.

આજે ભગ્નાવશેષરૂપે સ્થળ ઉપર કશું જોવા જેવું રહ્યું નથી. અંધારી જગ્યામાં ખાલી છાજલીઓમાં શું જોવાનું ? બહાર સૂના વિસ્તારમાં શીર્ષ સિવાયનું એક સ્ફિંક્સનું પૂતળું અને એક ઊંચો માઇક્રોવેવ ટાવર નજરે પડે છે... બધું સમેટાઈ ગયું છે અને વિશેષ કરુણતા તો એ વાતની કે લોકોની જાણકારીના ક્ષેત્રમાંથી પણ એલેક્ઝાન્ડ્રીઆની લાઇબ્રેરી લુપ્ત થઈ ગઈ છે !

### ગ્રંથાલયનો પુનરુદ્ધાર

આ સમૃદ્ધ ગ્રંથાલયના પુનરુદ્ધાર માટે ઈ. સ. ૧૯૭૪માં એલેક્ઝાન્ડ્રીઆ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ડૉ. મોહમ્મદ લોત્ફી ડોવિડારના સૂચનના આધારે ઇજિપ્તના ઉચ્ચશિક્ષણ મંત્રાલય દ્વારા ઘટતી કાર્યવાહી હાથ ધરવામાં આવતાં આ વિચારને આંતરરાષ્ટ્રીય સમુદાય દ્વારા ભારે મોટું પ્રોત્સાહન સાંપડ્યું છે. ખાસ નોંધપાત્ર બાબત એ કે ઈ. સ. ૧૯૮૮માં યુનેસ્કો દ્વારા ગ્રંથાલયના નવા ભવનની ડિઝાઇન તૈયાર કરવા માટેની વૈશ્વિક સ્પર્ધાને સ્પોન્સર કરવામાં આવતાં, વિશ્વના ૫૨ દેશોના ૫૨૪ સ્થપતિઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ પૈકી નોર્વેની Snohetta કંપનીની ડિઝાઇન પસંદ થતાં આ કંપની દ્વારા Bibliotheca Alexadrina, Alexndriaના ૧૧ માળના ભવનનું બાંધકામ કરવામાં આવ્યું છે. આ ભવન અને ગ્રંથાલયના વિકાસ માટે વિશ્વભરમાંથી ૨૨૦+ મિલિયન અમેરિકન ડૉલરની આર્થિક સહાય ઉપરાંત હસ્તપ્રતો, પુસ્તકો વગેરે વિપુલ વાચનસામગ્રી ભેટમાં આપવામાં આવી છે. આ ભવનનું એલેક્ઝાન્ડ્રીઆના પૂર્વીય બંદરે ૪૫૦૦૦ વર્ગ મીટર જમીન ઉપર બાંધકામ કરવામાં આવ્યું છે, જેમાં ૮૦ મિલિયન પુસ્તકો ઇત્યાદિ વાચનસામગ્રી સંગ્રહવાની ક્ષમતા છે. આ ગ્રંથાલય દ્વારા પરંપરાગત કાર્યો / પ્રવૃત્તિઓ ઉપરાંત શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. અહીં પ્લેનિટેઅરિઅમ, વૈવિધ્યસભર સંગ્રહસ્થાનો (Museums), માહિતી વિજ્ઞાનના પ્રશિક્ષણ માટે ખાસ વિભાગ, વાચનસામગ્રીના સંરક્ષણ માટે અદ્યતન પ્રયોગશાળા અને અન્ય આનુસંગિક સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. આ ગ્રંથાલયના પુનરુદ્ધાર પાછળના મૂળભૂત હેતુઓ : વિદ્યાકીય પ્રવૃત્તિઓ, વિચાર-વિમર્શ અને બૌદ્ધિક પ્રવૃત્તિઓના કેન્દ્ર તરીકે વિકાસ પામે તે રહ્યા છે, જેનું તે સાંગોપાંગ નિર્વહણ કરી રહ્યું છે. આજે આ ગ્રંથાલય શિલ્પસ્થાપત્યની દૃષ્ટિએ વિશ્વના એક દર્શનીય ગ્રંથાલય તરીકે ખ્યાતિપ્રાપ્ત છે.

### સંદર્ભ સાહિત્યસામગ્રી :


(i) Universal History of the World. Vol-૩ Golden Press, New York

(ii) Cosmos/Carl Sagan Ballantine Books, New York

(iii) યક્ષકર્દમ / મોહનલાલ પટેલ, હર્ષ પ્રકાશન, અમદાવાદ-૩૮૦૦૦૧

(iv) ઇન્ટરનેટ

# ૧૯મી સદીના મુંબઈ ઈલાકામાં સામાજિક પરિવર્તન : ટૂંકી ૧૯મી સદી અને અધૂરું આધુનીકરણ[1]

પ્રવીણ જ. પટેલ

સમય અંગે જુદા જુદા સમાજોમાં જુદી જુદી માન્યતાઓ પ્રવર્તતી હોય છે. જેમ કે પશ્ચિમના દેશોમાં સમયને એક સીધી રેખામાં વહેતી આદિ અને અંતવાળી ઘટના માનવામાં આવે છે. તેથી ત્યાં ઉત્ક્રાંતિ અને પ્રગતિ જેવા ખ્યાલો વિકસ્યા અને વ્યક્તિ, સમૂહ, કે સમાજ સ્વપ્રયત્ને ઘટનાઓને આકાર આપી શકે એટલે કે પોતાનો ઇતિહાસ સ્વયં રચી શકે એવી પુરુષાર્થ-પ્રધાન મનોવૃત્તિ પણ વિકસી. એટલું જ નહીં જે તે સમયે બનેલી ઘટનાઓના દસ્તાવેજીકરણનો અને ઇતિહાસ-લેખનનો મહિમા પણ સ્વીકાર્યો. જ્યારે ભારતીય સંસ્કૃતિમાં સમયને મહદંશે અનાદિ-અનંત અને ચક્રાકાર ઘટના ગણવામાં આવતી હોવાથી દિવસ-રાત અને ઋતુઓના ચક્રની માફક કાળચક્રનો એટલે કે સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ, અને કલિયુગ જેવા એક પછી એક ચક્રાકાર ગતિમાં આવતા ચાર યુગોનો ખ્યાલ દ્રઢીભૂત થયો હોવાથી ભારતની સંસ્કૃતિમાં ઉત્ક્રાંતિ અને પ્રગતિ જેવા ખ્યાલો તો વિકસ્યા નહીં. પરંતુ વ્યક્તિની સક્રિયતા (agency)ને પ્રોત્સાહન આપવાને બદલે લગભગ અકર્મણ્યતાનું પોષક એવું એક પ્રારબ્ધવાદી વલણ સામાન્ય જનતામાં જડ ઘાલી ગયું. પરિણામે દસ્તાવેજીકરણનું કે ઇતિહાસ-લેખનનું મહત્ત્વ પણ મહદંશે સ્વીકારાયું નહીં.

પરંતુ માનવસમાજ અને સભ્યતાના વિકાસનો ઇતિહાસ બતાવે છે કે કોઈ પણ સમાજ કે સભ્યતા રાતોરાત અસ્તિત્વમાં આવતાં નથી. દરેક સમાજના ઘડતરમાં તેના ઇતિહાસનો અર્થાત્ તેના ભૂતકાળમાં બનેલી ઘટનાઓનો ફાળો નોંધપાત્ર હોય છે. કારણ કે જે તે સમાજની સામાજિક-આર્થિક સંરચના, સંસ્કૃતિ, પરંપરાઓ, રીત-રિવાજો વગેરે કાળક્રમે વિકાસ પામતાં હોય છે. વર્તમાન ભારત પણ આંતર-બાહ્ય પડકારોની સામે અનુકૂલન સાધવાની સદીઓ પુરાણી મથામણની જ નીપજ છે. વૈદિક કાળ પછી બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મની, હિંદુ ધર્મની કંઈક અંશે પ્રભાવિત એવી, સ્વદેશી કહી શકાય તેવી વિચારધારાઓએ ભારતની તે સમયની સમાજરચનાને અમુક અંશે પ્રભાવિત કરી હતી. ત્યારબાદ પરદેશથી આવેલ અનુક્રમે મુસ્લિમ રાજ્યકર્તાઓની ઇસ્લામિક સંસ્કૃતિની અને પશ્ચિમના દેશોની ખ્રિસ્તી ધર્મની અને વિશેષ કરીને બ્રિટનની આધુનિક સંસ્કૃતિની અસર ભારત ઉપર પડી. જોકે ઇસ્લામિક સંસ્કૃતિ કરતાં ૧૯મી સદીમાં પ્રસરેલી બ્રિટનની આધુનિક (modern) સંસ્કૃતિની અસરોએ ભારતીય સમાજને બદલવામાં મોટો ફાળો આપ્યો જેનો પ્રભાવ આજે પણ જોવા મળે છે.

આ લેખમાં આધુનીકરણ (modernisation)તરફ ગતિ કરી રહેલા વર્તમાન ભારતના સામાજિક પ્રશ્નો અને પડકારોને ૧૯મી સદીના મુંબઈ ઇલાકામાં આવેલાં કેટલાંક સામાજિક પરિવર્તનોના સંદર્ભમાં સમજવાનો પ્રયત્ન કર્યો છે. કેમ કે ભારતના આધુનીકરણની શરૂઆત જ ૧૯મી સદીમાં થઈ હતી અને તેમાં ય તે સમયના મુંબઈ ઇલાકાનો ફાળો નોંધપાત્ર હતો. આમ તો અંગ્રેજોની અસર હેઠળ સૌ પહેલાં બંગાળનો ઇલાકો ૧૭૫૭ના પ્લાસીના યુદ્ધ પછી એટલે કે ૧૮મા સૈકાના અંતમાં આવ્યો હતો. અને ત્યાં પશ્ચિમની સંસ્કૃતિની અસર પણ વહેલી શરૂ થઈ હતી. જેને કારણે બંગાળની નવજાગૃતિ લેખે ઓળખાતી બૌદ્ધિક અને સામાજિક ચળવળ શરૂ થઈ જેના જ્યોતિર્ધર રાજા રામમોહન રોય (૧૭૭૨-૧૮૩૩) હતા. તેથી રામમોહન રોયને પહેલા આધુનિક ભારતીય કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. પરંતુ ભારતના આધુનીકરણમાં કદાચ બંગાળ કરતાં પણ મુંબઈ શહેર અને ઇલાકાએ તથા ત્યાં થઈ ગયેલા વિચારકોએ ઘણો વધુ ફાળો આપ્યો છે તે પણ એટલી જ નક્કર હકીકત છે. એનું એક કારણ એ હતું કે કલકત્તા, મદ્રાસ, બનારસ જેવાં અન્ય શહેરો તો અંગ્રેજોના આગમન પહેલાંનાં હતાં અને તે સદીઓ-જૂની પરંપરાઓ અને ઇતિહાસ ધરાવતાં હતાં. જ્યારે મુંબઈ શહેર તો આવા ઇતિહાસ અને પરંપરાઓથી મુક્ત હતું

અને અંગ્રેજોના વહીવટ હેઠળ જ ઘાટ પામ્યું હતું (Farooqui ૧૯૯૬). તેથી ત્યાં આધુનીકરણની જે અસર થઈ તે ખૂબ જ ઊંડી, ઘનિષ્ઠ, અને વ્યાપક હતી. અને મુંબઈ શહેરે જ મુંબઈ ઇલાકાના આધુનીકરણમાં ઘણો મોટો ભાગ ભજવ્યો હતો. આ ઉપરાંત ૧૯મી સદીના મધ્ય ભાગથી તો મુંબઈ ઇલાકાએ અને ત્યાં થઈ ગયેલા વિચારકોએ જ સમગ્ર ભારતને નેતૃત્ત્વ પૂરું પાડી તેના આધુનિક ઘડતરમાં સિંહ ફાળો આપ્યો હતો. તેથી મુંબઈ ઇલાકામાં ૧૯મી સદીમાં આવેલા સામાજિક પરિવર્તનની સમીક્ષા ભારતના આધુનીકરણને સમજવામાં ઘણી ઉપયોગી છે.

એક લગભગ સર્વસ્વીકૃત હકીકત એ છે કે ભારતમાં આધુનીકરણની પ્રક્રિયા પૂરે પૂરી વિકસી નથી અને સાંપ્રત ભારતમાં પારંપરિક (Traditional) સંસ્કૃતિ અને આધુનિક સંસ્કૃતિ બંન્નેનાં તત્ત્વો જોવા મળે છે (Madan ૧૯૮૭, ૧૯૮૯, Rudolf and Rudolf ૧૯૬૭, Singer ૧૯૫૯, Singh, ૧૯૭૩, ૧૯૭૮, Srinivas ૧૯૬૨, ૧૯૬૮). તેથી તો આજે ભારતની ગણના વિકાસ પામતા અથવા તો અર્ધ-વિકસિત દેશોમાં થાય છે. આ સંદર્ભે એક અગત્યનો સવાલ એ ઊભો થાય છે કે : ભારતનું આધુનીકરણ જો ૧૯મી સદીના આરંભથી શરૂ થયું હોય તો આજે લગભગ ૨૦૦ વર્ષ પછી પણ સદીઓ પુરાણી જ્ઞાતિ પ્રથા અને તેમાંથી ઉપજતાં સંઘર્ષો અને અનામત આંદોલનો; વારંવાર થતાં કોમી હુલ્લડો અને ભાષાકીય અથવા પોતાની આગવી ઓળખ (identity) કે તેવા સંકિર્ણ ખ્યાલોને લઈને થતા સંઘર્ષો; સ્ત્રીઓની, હરિજનોની, આદિવાસીઓની અને અન્ય નબળા વર્ગોની દયનિય સ્થિતિ; આંતર-ધાર્મિક કે આંતરજ્ઞાતીય લગ્નોનો ખાપ પંચાયતો કે સમાજ દ્વારા હિંસક વિરોધ; બાળવિવાહ અને દીકરીઓને જન્મના અધિકારથી પણ વંચિત રાખવા જેવા કુરિવાજો અને રૂઢિઓ કેમ આપણને આટલાં બધાં પજવે છે ? બીજા શબ્દોમાં કહીએ તો હજુ પણ આધુનિકતાથી આપણે આટલા બધા દૂર કેમ છીએ ?

આ લેખનો હેતુ ઉપરોક્ત પ્રશ્નોના સંદર્ભે ૧૯મી સદીમાં અંગ્રેજોની અસર હેઠળ ભારતમાં અને ખાસ કરીને મુંબઈ ઇલાકામાં આવેલા આધુનીકરણની અસરો તપાસવાનો છે. ૧૯મી સદીમાં ભારતમાં અને ખાસ કરીને તેના બંગાળ અને મુંબઈ ઇલાકા જેવા વિસ્તારોમાં જે પરિવર્તનો આવ્યાં તે એક નવજાગૃતિ (renaissance) હતી એમ કેટલાક વિદ્વાનોનું માનવું છે. (Dasgupta ૨૦૦૯, ૨૦૧૧; Majumdar ૨૦૦૨, ૨૦૦૭). પરંતુ આ માન્યતા સાથે બીજા કેટલાક જાણકારો સંમત થતા નથી (Pannikar ૨૦૧૧, Singh ૨૦૧૬). તેથી ૧૯મી સદી ભારતની નવજાગૃતિની સદી હતી તે માન્યતામાં કેટલો સત્યાંશ છે તેની ચકાસણી કરવાનો મુંબઈ ઇલાકના સંદર્ભે અહીં પ્રયત્ન કર્યો છે.

આ માટે આ લેખને ચાર વિભાગમાં વહેંચ્યો છે : (૧) પહેલા વિભાગમાં આધુનીકરણનો ખ્યાલ સ્પષ્ટ કરવા માટે યુરોપમાં ઉદ્‌ભવેલી નવજાગૃતિ અને તેના પરિણામે થયેલા યુરોપના આધુનીકરણનું વિહંગાવલોકન, (૨) બીજા વિભાગમાં ૧૮મી સદીના અંત સમયની મુંબઈ ઇલાકાની સામાજિક, રાજકીય, અને આર્થિક પરિસ્થિતિનું નિરૂપણ, (૩) તેના અનુસંધાનમાં ૧૯મી સદી એ ભારતની નવજાગૃતિની સદી હતી તેથી પ્રસ્થાપિત માન્યતાની મુંબઈ ઇલાકાના સંદર્ભે સમીક્ષા, અને (૪) છેલ્લે ઉપસંહારમાં સમગ્ર ચર્ચાનું સમાપન કરવામાં આવ્યું છે.

## I

## યુરોપમાં આધુનીકરણનો ઉદય અને વિકાસ : લાંબી ૧૯મી સદી (૧૭૮૯-૧૭૧૪)[૨]

યુરોપની સંસ્કૃતિમાં મુક્ત વિચાર અને બુદ્ધિગમ્ય અભિગમનો ઉદય ખ્રિસ્તી યુગ (Christian Era-CE) પહેલાંના પાંચમા-છઠ્ઠા સૈકાથી પ્રાચીન ગ્રીસમાં થયો હતો. પરંતુ ખ્રિસ્તી યુગના પાંચમા સૈકાના અંતે રોમન સામ્રાજ્યના પતન પછી એક બાજુ બુદ્ધિપ્રધાન ગ્રીક ચિંતકોનાં મૂળ લખાણો લગભગ અપ્રાપ્ય અને વિસ્મૃત થઈ ગયાં હતાં અને તેમની વિકૃત રજૂઆતો ફેલાઈ હતી. અને બીજી બાજુ રોમન ચર્ચનું રાજકીય અને સામાજિક વર્ચસ્વ વધ્યું. પરિણામે બુદ્ધિગમ્ય (rational) અભિગમનું સ્થાન રૂઢિગત માન્યતાઓએ અને ધર્માંધતાએ લીધું. કોઈ પણ માન્યતાની યોગ્યાયોગ્યતા સાબિત કરવા માટે ચર્ચ, બાઇબલ, અને પાદરીઓની સત્તા અધિકૃત મનાઈ અને તેમનાં મંતવ્યો ઉપર શ્રદ્ધા રાખવા ઉપર ભાર મૂકવામાં આવ્યો. આમ પ્રાચીન ગ્રીસમાં જે તર્કયુક્ત અને વાસ્તવદર્શી વિચારણા ઉદય પામી હતી તે એક હજાર વર્ષ જેટલા લાંબા ચાલેલા યુરોપના મધ્ય યુગમાં લગભગ લુપ્ત થઈ ગઈ. પરંતુ ૧૧મી અને ૧૩મી સદી દરમિયાન થયેલાં ધર્મયુદ્ધોના (crusades) એક અણધાર્યા પરિણામ સ્વરૂપે

પ્રાચીન ગ્રીસના પ્લેટો અને એરિસ્ટોટલ જેવા ચિંતકોનાં લખાણો પુનઃ પ્રકાશનમાં આવ્યાં અને યુરોપના શિક્ષિત અને વિચારશીલ લોકોને તેમની બુદ્ધિપ્રધાન વિચારધારાનો સાચો પરિચય થયો. તેના પરિણામે ૧૪મી-૧૫મી સદીમાં યુરોપમાં જે નવોન્મેષ ઊભો થયો તેને ઇતિહાસકારો પુનર્જાગૃતિ (renaissance) તરીકે ઓળખાવે છે. યુરોપ માટે આ સમયગાળો એક સંક્રાંતિનો યુગ બની ગયો. યુરોપના સાહસિક દરિયા-ખેડુઓએ લાંબી દરિયાઈ મુસાફરીઓ કરી યુરોપમાં પહેલાં જેની જાણ નહોતી તેવા અમેરિકા અને ભારત જેવા દેશોની શોધ કરી જેને ઇતિહાસકારો 'આવિષ્કારના યુગ' (age of discovery) તરીકે બિરદાવે છે. એક રીતે યુરોપના આધુનીકરણનો આરંભ પણ આ સમયથી થયો એમ કહી શકાય. ત્યારબાદ મધ્ય યુગમાં પ્રસ્થાપિત થયેલ રોમન કેથલિક ખ્રિસ્તી ધર્મ સામે એક મોટો પડકાર ઊભો થયો. તેને કારણે ૧૬મી સદીમાં માર્ટિન લ્યુથર અને જ્હોન કેલ્વીન જેવા વિચારકોની આગેવાની હેઠળ પ્રોટેસ્ટંટ તરીકે ઓળખાતી ધાર્મિક, રાજકીય, બૌદ્ધિક, અને સાંસ્કૃતિક સુધારાની (reformation) ચળવળ જન્મી. સત્ય એ કોઈ ધર્મ કે પાદરીઓનો ઇજારો નથી અને સત્યની શોધ દરેક વ્યક્તિ પોતાની રીતે કરી શકે છે તથા ધાર્મિક કે કોઈ પણ પ્રકારના વિચારોને બુદ્ધિ અને અનુભવ દ્વારા ચકાસી શકે છે એવી માન્યતા પ્રચલિત થઈ. આમ ચર્ચ અને ધર્મના પ્રભુત્વના અંતની સાથે વ્યક્તિવાદનો પણ ઉદ્ભવ થયો. પ્રાકૃતિક જગતમાં કોઈ પણ પ્રકારના અપ્રાકૃત અથવા અલૌકિક કે ઇન્દ્રિયાતીત તત્ત્વોનો સમાવેશ થતો નથી અને દરેક કુદરતી ઘટનાનું કારણ અન્ય કુદરતી ઘટનાઓમાં સમાયેલું હોય છે એવી કાર્ય-કારણને પ્રાધાન્ય આપતી માન્યતા પણ દઢીભૂત થઈ. આમ યુરોપના બૌદ્ધિકો વાસ્તવિક જગતના પ્રશ્નોને વૈજ્ઞાનિક રીતે જોતા થયા. આ પ્રક્રિયાની નોંધપાત્ર શરૂઆત બ્રિટનના દાર્શનિક ફ્રાન્સીસ બેકનના (૧૫૬૧-૧૬૨૬) સત્યને પામવા વાસ્તે સંપૂર્ણ વૈજ્ઞાનિક અભિગમ અને અનુભવજન્ય તથ્યો પર આધારિત વ્યાપ્તીકરણ (inductive logic)ની પદ્ધતિ અપનાવવાના આગ્રહથી થઈ. આમ બાહ્ય જગતને લગતા પ્રશ્નો વિશે વિચારવા ઉપર ભાર મૂકતી આધુનિક વિચારધારાનો ઉદ્ભવ થયો જેને થોમસ હોબ્સ (૧૫૮૮-૧૬૭૯), રેન ડેકાર્ટ (૧૫૯૬-૧૬૫૦), જ્હોન લોક (૧૬૩૨-૧૭૦૪), અને સ્પીનોઝા (૧૬૩૨-૧૬૭૭) વગેરેના લખાણો દ્વારા પુષ્ટિ મળી, આ અભિગમને કારણે તાર્કિક વિચારણા ઉપરાંત અનુભવજન્ય જ્ઞાનને મહત્ત્વ મળ્યું અને કોઈ પણ પ્રકારના જ્ઞાનની સુનિશ્ચિતતાને પડકારવાની વૃત્તિ ઊભી થઈ. આમ વૈજ્ઞાનિક બુદ્ધિવાદ (rationalism) અને સંદેહવાદ (skepticism)નો ઉદય થયો. પરિણામે ગેલીલીઓ અને ન્યૂટન જેવા વૈજ્ઞાનિકોની શોધોને આધારે ૧૭મી સદીમાં વૈજ્ઞાનિક ક્રાંતિનો અને ૧૮મી સદીમાં માત્ર તર્કયુક્ત અને બુદ્ધિસંગત (rationalistic) વિચારણા ઉપર ભાર મૂકતી જ્ઞાનજાગૃતિ અથવા પ્રબુદ્ધતા (Englightenment)નો ઉદય થયો. આ પ્રબુદ્ધતાની વિચારસરણીને વરેલા વૉલ્ટેર, ડીડેરો, રુસો, હ્યુમ, આદમ સ્મિથ, અને કાન્ટ જેવા ચિંતકોએ કોઈ પણ અધિકૃત (legitimate) કાયદેસર સત્તા તર્ક ઉપર આધારિત અને બુદ્ધિગમ્ય હોવી જોઈએ એ માન્યતાને પ્રસ્થાપિત કરી અને સ્વતંત્રતા, સામાજિક સમાનતા, બંધુત્વ, સહનશીલતા, પ્રગતિ, કાયદાના બંધારણ ઉપર આધારિત સરકાર, અને ધર્મ તથા રાજ્ય-સત્તાને એકબીજાથી અલગ રાખવા (ધર્મનિરપેક્ષ- secular) જેવાં મૂલ્યોનું પ્રતિપાદન કર્યું. પરિણામે પાશ્ચાત્ય દેશોમાં ઔદ્યોગિક ક્રાંતિ આવી, રાજાશાહી અને ચર્ચની સત્તા ઉપર નિયંત્રણ આવ્યું, રાજકીય ક્રાંતિઓ થવા માંડી, લોકશાહી, રાષ્ટ્રવાદ, અને સંસ્થાનવાદ (colonialism)નો અભૂતપૂર્વ પ્રસાર થયો. આ સમગ્ર પ્રક્રિયાના પરિણામે યુરોપમાં જે વૈચારિક અને બૌદ્ધિક મૂલ્યોમાં તથા આર્થિક-સામાજિક પરિસ્થિતિમાં પરિવર્તન આવ્યું તેને સાંપ્રત સમયના સામાજિક ચિંતકો આધુનીકરણ (modernisation) તરીકે ઓળખાવે છે. સંસ્થાનવાદના પરિપાક રૂપે આ આધુનીકરણની થોડી ઘણી અસરો દુનિયાના બીજા અનેક દેશો ઉપર પણ પડવા લાગી.

**યુરોપની લાંબી ૧૯મી સદી : ૧૭૮૯-૧૯૧૪**

આ સંદર્ભે ૧૯મી સદીમાં અનેક શકવર્તી અને વિશ્વવ્યાપી પરિવર્તનો આવ્યાં જેના પરિણામો આજે પણ સાંપ્રત સમયમાં જોવા મળે છે. કાર્લ માર્ક્સની વિચારસરણીને વરેલા બ્રિટિશ ઇતિહાસકાર એરિક હોબ્સબૉન આ સદીને યુરોપની લાંબી ૧૯મી સદી તરીકે ઓળખાવતાં જણાવે છે કે તેની શરૂઆત ૧૭૮૯ની ફ્રેંચ ક્રાંતિથી થઈ અને તેનો અંત ૧૯૧૪માં પહેલા વિશ્વયુદ્ધની શરૂઆતથી થયો. આમ ફ્રેંચ ક્રાંતિ અને ઔદ્યોગિક ક્રાંતિ એમ બેવડી ક્રાંતિ (dual revolutions)થી પ્રબળ બનેલી અને લાંબી ૧૯મી સદીમાં વિશ્વવ્યાપી બનેલી આધુનીકરણની આ પ્રક્રિયાને કારણે વિશ્વમાં

અનેક પરિવર્તનો આવ્યાં જેને પરિણામે રાજ્યસત્તાનું મહત્ત્વ અનેક ઘણું વધ્યું. વિશ્વના ઇતિહાસમાં સૌપ્રથમ વાર રાજ્ય દ્વારા આધુનિક કેળવણી આપવાની પ્રથા શરૂ થઈ. જેને કારણે કેળવણીનો વ્યાપ તો વધ્યો પણ સાથે સાથે નાગરિકતા (citizenship)નો ખ્યાલ પણ વિકસ્યો. ધર્મ પ્રત્યેનું વફાદારીનું સ્થાન રાષ્ટ્ર પ્રત્યેની વફાદારીએ લીધું. વિજ્ઞાન અને સંશોધનોના વિકાસને કારણે ઔદ્યોગિક ઉત્પાદનોમાં નિત નવીન ટેકનોલોજીનો ઉપયોગ થવા માંડ્યો. જેને પરિણામે વધેલાં ઉત્પાદનો માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારો અસ્તિત્વમાં આવ્યાં. સામ્રાજ્યવાદ (empirialism) અને સંસ્થાનવાદ (colonialism) વિકસ્યા. પશ્ચિમના દેશોની સમૃદ્ધિ અને સામર્થ્યમાં પણ અભૂતપૂર્વ વૃદ્ધિ થઈ. અને સાથે સાથે મૂડીવાદી વર્ગ તથા મજૂર વર્ગ વચ્ચે જ નહીં પરંતુ સંસ્થાનવાદી રાજ્યો વચ્ચે પણ સંઘર્ષો ઊભા થયા.

આ સંદર્ભે ૧૯મી સદીમાં ભારતમાં અને ખાસ કરીને મુંબઈ ઇલાકામાં આવેલાં વૈચારિક, બૌદ્ધિક, અને સામાજિક પરિવર્તનોની ચર્ચા કરીએ તે પહેલાં ૧૮મી સદીના અંતે મુંબઈ ઇલાકાની આર્થિક, સામાજિક, અને સાંસ્કૃતિક પરિસ્થિતિ ઉપર એક નજર નાખવી જરૂરી છે.

## II

## ૧૮મી સદીના અંત સમયની મુંબઈ ઇલાકાની પરંપરાગત સામાજિક, આર્થિક, રાજકીય, અને સાંસ્કૃતિક પરિસ્થિતિ

૧૮મા સૈકાના ઉત્તરાર્ધથી મુઘલ સામ્રાજ્ય નબળું પડતાં મરાઠાઓનું વર્ચસ્વ વધવા માંડ્યું હતું અને તેમણે પશ્ચિમ ભારતના કોંકણ અને પૂર્વ ગુજરાતના કેટલાક પ્રદેશો પોતાના કબજામાં લઈ લીધા હતા. તથા પશ્ચિમ ગુજરાતના કાઠિયાવાડ અને કચ્છમાં અનેક નાનાંમોટાં રજવાડાં સ્વતંત્ર રાજ્યો તરીકે અસ્તિત્વમાં આવ્યાં હતાં. બીજી બાજુ ૧૭૫૭ના પ્લાસીના યુદ્ધ પછી બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતના અનેક વિસ્તારોમાં પોતાનું વર્ચસ્વ જમાવવા માંડ્યું હતું. અને તેણે ધીમે ધીમે કરવેરા ઉઘરાવીને એક રાજ્યકર્તા તરીકેનો રાજકીય દરજ્જો મેળવી લીધો હતો. આમ પશ્ચિમ ભારતમાં અંગ્રેજોના તાબા હેઠળ આવેલા મુંબઈ ઇલાકા તરીકે ઓળખાતા વિસ્તારમાં ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, અને સિંધના કેટલાક પ્રદેશોનો સમાવેશ થતો હતો. અને તેની સરહદ ઉત્તરમાં બલૂચિસ્તાન, પંજાબ, અને રાજસ્થાન; પૂર્વમાં ઇન્દોરનું રાજ્ય, મધ્યભારતના પ્રાંતો, અને નિઝામનું હૈદરાબાદ; દક્ષિણમાં મદ્રાસ ઇલાકો અને મૈસુરનું રાજ્ય; અને પશ્ચિમમાં અરબ મહાસાગરથી અંકિત થઈ હતી.

૧૯મી સદીમાં જ્યારે બ્રિટિશરોએ મુંબઈ ઇલાકા ઉપર પોતાનું આધિપત્ય સ્થાપવા માંડ્યું ત્યારે ઇલાકામાં રાજકીય અરાજકતા વ્યાપક હતી (Yagnik and Sheth ૨૦૦૫). ઇલાકાનું સામાજિક, રાજકીય, અને આર્થિક જીવન ભારતના અન્ય ભાગોની માફક પ્રમાણમાં સ્થગિત, રજવાડી, અને સામંતશાહી (feudal) હતું અને મહદંશે ધર્મ, જ્ઞાતિપ્રથા, પરંપરાગત રિવાજો, અને ખેતી ઉપર આધારિત હતું. તેમાં વ્યક્તિ કરતાં સમષ્ટિનું મહત્ત્વ હતું. અને વ્યક્તિનું જીવન તેના કુટુંબ, સગાં-સંબંધીઓ, જ્ઞાતિ, અને ગ્રામસમુદાય જેવાં જૂથોથી પ્રભાવિત હતું. તેથી વ્યક્તિગત સ્વતંત્રતાનો ખ્યાલ પ્રમાણમાં નહીંવત હતો અને વ્યક્તિના અધિકારો કરતાં તેની જવાબદારીઓનું મહત્ત્વ વધુ હતું. ઇલાકામાં જે થોડાંઘણાં શહેરો હતાં તે કાં તો જે તે વિસ્તારનાં રાજકીય વડાં મથકો હતાં અથવા ધાર્મિક યાત્રાસ્થાનો અથવા દરિયાકિનારે આવેલાં બંદરો હતાં. શહેરી વિસ્તારો કરતાં ગ્રામવિસ્તારો ઘણા વધુ હતા અને ખેતીપ્રધાન ગ્રામજીવન યુગોપુરાણી પરંપરાઓથી બંધાયેલું હતું. જજમાની પ્રથાને કારણે ખેતી કરતી જ્ઞાતિઓ ઉપર બીજી વસવાયાં તરીકે ઓળખાતી સહાયક જ્ઞાતિઓ નિર્ભર રહેતી. ખેતી પણ પરંપરાગત પદ્ધતિએ જ થતી. ખેતીની જમીન વેચી શકાતી નહીં. ગામડાંમાં કે શહેરોમાં જે ઉત્પાદન થતું તે બજારો માટે નહીં પરંતુ સ્વવપરાશ માટે જ થતું. આર્થિક વ્યવહારોમાં નાણાંનું ચલણ પ્રમાણમાં ઘણું ઓછું હતું અને સાટા પ્રથાથી (barter system) જ મોટા ભાગનો આર્થિક વ્યવહાર ચાલતો હતો. રાજકીય અરાજકતા, જોહુકમી, અને વારંવાર પડતા દુકાળોને કારણે આર્થિક બેહાલી વધી હતી. વ્યક્તિએ જાતમહેનતથી મેળવેલી સિદ્ધિઓને આધારે મેળવેલા દરજ્જા (achieved status) કરતાં જન્મગત દરજ્જા (ascribed status)નું મહત્ત્વ વધુ હતું. તેથી વ્યાવસાયિક સાહસવૃત્તિ (entrepreneurship) ઘટી હતી. વેપારી વણિકોનો ખૂબ જ નાનો મધ્યમ વર્ગ મુખ્યત્વે ધીરધારનો ધંધો કરતો અને તે પણ રાજ્યના શાસકો અને પીંઢારા જેવાં તત્ત્વોથી ડરીડરીને. પવિત્રતા અને અપવિત્રતાના ખ્યાલોને આધારે ઊંચી અને નીચી જ્ઞાતિઓનો પરંપરાનિષ્ઠ કોટીક્રમ (hierarchy) જે

ઊભો થયો હતો તેમાં મહદંશે બ્રાહ્મણોનો સામાજિક અને કર્મકાંડી (ritualistic) દરજ્જો સર્વોચ્ચ ગણાતો. તેઓ બીજી જ્ઞાતિઓ કરતાં વધુ શિક્ષિત હતા અને સંસ્કૃત ભાષા તથા પારંપારિક શાસ્ત્રોના જ્ઞાનમાં તેઓ પારંગત હતા. વળી મુંબઈ ઇલાકાના મરાઠીભાષી પ્રદેશોમાં તો પેશવાઈને કારણે બ્રાહ્મણો અને તેમાંય ખાસ કરીને ચિતપાવન બ્રાહ્મણોનું સામાજિક, રાજકીય, અને સાંસ્કૃતિક વર્ચસ્વ ઇલાકાના અન્ય પ્રદેશો કરતાં અનેક ઘણુ વધું હતું (kumar ૧૯૬૮ : ૩૭-૩૮). જ્યારે ખેતી કરતાં પટેલ-પાટીલ-કણબી જેવા વિશાળ જનસમુદાયોની સામાજિક અને આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી હતી (kumar ૧૯૬૮ : ૨૪-૨૫). જન્મ, વિવાહ, લગ્ન, અને ન્યાતવરા કે સામૂહિક જમણવારના પ્રસંગોએ પાળવામાં આવતા સામાજિક રિવાજો જ્ઞાતિએ-જ્ઞાતિએ અને એક જ જ્ઞાતિની પેટા જ્ઞાતિઓમાં પણ અલગ હતા અને તેમાં અનેકવિધતા જોવા મળી હતી. છૂતાછૂતની ભાવના પ્રબળ હતી. (Dalpatram(૧૮૮૭) ૧૯૮૨)

ન્યાયવ્યવસ્થા પણ પરંપરાગત ધોરણોને આધારે ચાલતી હતી જેમાં મહદંશે સાર્વજનિક (universalistic) માપદંડોને બદલે જ્ઞાતિ કે ધર્મ-આધારિત એકદેશીય (particularistic) માપદંડોને મહત્ત્વ અપાતું અને ક્યારેક ગુનેગાર વ્યક્તિના સામાજિક મોભાને આધારે સગવડિયો ન્યાય અપાતો. કેળવણી મહદંશે પરંપરાગત શાસ્ત્રો ઉપર આધારિત અને મર્યાદિત વર્ગો પૂરતી જ સીમિત હતી. આમ મુંબઈ ઇલાકો સામાજિક, રાજકીય, આર્થિક, અને સાંસ્કૃતિક રીતે પશ્ચિમમાં વિકસેલી આધુનિક વિચારધારા, સંસ્કૃતિ, અને સભ્યતાથી લગભગ અપરિચિત હતો.

સદીઓથી ચાલી આવેલા આ પારંપરિક અને લગભગ સ્થગિત સામાજિક જીવનમાં બ્રિટિશરોના આગમનથી ધીમા પણ ચોક્કસ પરિવર્તનની શરૂઆત થવા માંડી. ૧૮મી સદીના અંતે મુંબઈ ઇલાકામાં બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની ધીમે ધીમે પોતાનો પગપેસારો કરી રહી હતી. તેની સાથે ખૂબ જ નાના પાયા પર બ્રિટનની કાનૂની વ્યવસ્થાના, રાજ્યવ્યવસ્થાના, અને અર્થવ્યવસ્થાના અમુક અંશોનું આસ્તે આસ્તે અનુસરણ થઈ રહ્યું હતું. ખ્રિસ્તી મિશનરીઓની કેળવણી અને સ્વાસ્થ્યને લગતી પ્રવૃત્તિઓ દ્વારા ધીમે ધીમે પાશ્ચાત્ય સંસ્કૃતિ અને સભ્યતાથી ઇલાકાનો ભદ્ર વર્ગ થોડા ઘણા અંશે પરિચિત થવા માંડ્યો હતો.

## III

## મુંબઈ ઇલાકામાં રેનેસાં ?: ટૂંકી ૧૯મી સદી અને અધૂરું આધુનીકરણ

ઉપર દર્શાવ્યા પ્રમાણે અંગ્રેજોએ સૌપ્રથમ ૧૮મી સદીના અંતે પૂર્વ ભારતમાં અને ખાસ કરીને બંગાળમાં પોતાનું આધિપત્ય સ્થાપવા માંડ્યું હતું અને તેથી પશ્ચિમના દેશોની આધુનિક વિચારધારાની અસર પણ ત્યાં જ સૌથી પહેલાં અને સૌથી વધુ પડી. પરિણામે ત્યાં ખાસ કરીને રાજા રામમોહન રોયના સમયથી જે સુધારાની ચળવળ ઊભી થઈ અને કેટલીક ધાર્મિક અને સામાજિક રૂઢિઓ સામે ઊહાપોહ ઊભો થયો તેને બંગાળની નવજાગૃતિ તરીકે ઓળખવામાં આવે છે. આ ચળવળ દ્વારા સતી પ્રથા, બાળલગ્નો, વિધવાવિવાહ, જ્ઞાતિપ્રથા, અને સ્ત્રીઓનો હલકા દરજ્જા જેવી અનેક સમસ્યાઓને લઈને સમાજ સુધારાનું જે આંદોલન શરૂ થયું હતું તે આસ્તે આસ્તે મુંબઈ ઇલાકા સહિત ભારતના અન્ય પ્રદેશોમાં પણ ફેલાવા લાગ્યું હતું. તેથી આ ચળવળને કેટલાક વિદ્વાનો ભારતની નવજાગૃતિ અથવા જે તે પ્રદેશની નવજાગૃતિ તરીકે ઓળખાવે છે (Majumadar ૨૦૦૨, ૨૦૦૭; Das Gupta ૨૦૦૯, ૨૦૧૧).

જોકે ભારતની આ સુધારાની ચળવળને યુરોપની નવજાગૃતિ સાથે સરખાવવી કેટલી ઉચિત છે એ એક મોટો પ્રશ્ન છે (Panikkar ૨૦૧૧, Singh ૨૦૧૬). કારણ કે, આપણે ઉપર જોયું તેમ, લગભગ એક હજાર વર્ષ લાંબા મધ્યયુગના અંતે પ્રાચીન ગ્રીસ અને રોમના ફિલસૂફોના વિચારોના પુનરોત્થાનથી ૧૪-૧૫મી સદીના યુરોપમાં નવજાગૃતિ થઈ હતી. અને તેને પરિણામે જે લાંબી ૧૯મી સદી સુધીની ૪૦૦-૫૦૦ વર્ષ ચાલેલી પરિવર્તનોની હારમાળા સર્જાઈ અને જે આધુનિક સમાજનો ઉદય થયો તેથી માત્ર યુરોપની જ નહીં પરંતુ સમગ્ર વિશ્વની ક્રાંતિકારી કહી શકાય તેવી કાયાપલટ થઈ હતી. તેની સરખામણીમાં બંગાળની કે મુંબઈ ઇલાકાની કે ભારતની કહેવાતી નવજાગૃતિ તો ખૂબ જ અલ્પજીવી, અછડતી, ઉપરછલ્લી, અને માત્ર મઠ્ઠીભર ભદ્રવર્ગને જ આવરી લેતી હતી. અને તે નવજાગૃતિની જનક કહેવાતી ૧૯મી સદી તો પ્રમાણમાં ખૂબ જ ટૂંકી હતી અને તેને પરિણામે આવેલું આધુનીકરણ પણ અધૂરું હતું.

આ હકીકતને સમજવા માટે આ વિભાગમાં પહેલાં

૧૯મી સદીના મુંબઈ ઇલાકાના ભૌગોલિક અને સામાજિક સ્વરૂપની ચર્ચા કરી છે. ત્યારબાદ મુંબઈ ઇલાકામાં આવેલાં પરિવર્તનોનું ટૂંકી ૧૯મી સદીના સંદર્ભે પૃથક્કરણ કર્યું છે.

## ૧૯મી સદીમાં મુંબઈ ઇલાકાનું ભૌગોલિક અને સામાજિક સ્વરૂપ

આજે જેને મુંબઈ શહેર તરીકે ઓળખવામાં આવે છે તે મૂળ સાત ટાપુઓનો પ્રદેશ હતો. ૧૭મી- ૧૮મી સદીમાં તેની ઉપર ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ પોતાનો કબજો મજબૂત કરી ઈ. સ. ૧૮૦૦માં સુરત કબજે કર્યું. અને ઈ. સ. ૧૮૫૭માં થયેલ 'ખડકીની લડાઈ' તરીકે ઓળખાતા અંગ્રેજો અને મરાઠાઓ વચ્ચેના બીજા યુદ્ધના અંતે કંપનીએ ગુજરાતના ભરૂચ, ખેડા વગેરે વિસ્તારો ઉપર કબજો મેળવ્યો અને વડોદરાની ગાયકવાડ સરકારે પણ સંધી કરીને અંગ્રેજોનું પ્રભુત્વ સ્વીકાર્યું. ત્યારબાદ ૧૮૧૮ સુધીમાં અંગ્રેજોએ પૂના, અહમદનગર, નાશિક, શોલાપુર, બેલગામ, ખડકી, અને ધારવાડ જેવા અનેક વિસ્તારો ઉપર પોતાની માલિકી સ્થાપી દીધી. ઉપરાંત ૧૮૩૯માં એડન અને ૧૮૪૭માં સિંધ ઉપર પણ પોતાનું વર્ચસ્વ સ્થાપ્યું.[૬] અને ૧૮૫૩માં સિંધીઆ પાસેથી ગુજરાતનું પંચમહાલ લીઝ ઉપર લઈ લીધું. આમ મુંબઈ ઇલાકાના અનેક વિસ્તારો ઉપર અંગ્રેજોએ ધીમે ધીમે પોતાનો કબજો સ્થાપી દીધો.

આ ઉપરાંત મુંબઈ ઇલાકામાં કચ્છ, કાઠિયાવાડ, પાલનપુર, મહીકાંઠા, રેવાકાંઠા, વડોદરા, ખંભાત, ધરમપુર, વાંસદા, સચીન જેવાં ગુજરાતનાં રજવાડાંઓનો અને અન્ય પ્રદેશોનાં આવાં સામંતશાહી રાજ્યોનો પણ સમાવેશ થતો હતો. આ રજવાડાંઓ આમ તો સ્વતંત્ર રીતે પોતાનો આંતરિક કારભાર ચલાવતાં હતાં પરંતુ તેમાંનાં ઘણાં બધાંએ ૧૮૨૦ સુધીમાં બ્રિટિશ સર્વોપરિતા સ્વીકારી લીધી હતી. વહીવટી સરળતા માટે આ બધાં રજવાડાંઓને મુંબઈ સરકારે ઉત્તર (ગુજરાત) અને દક્ષિણ (મરાઠા) એમ બે વિભાગમાં વહેંચી દીધાં હતાં અને તેમના કબજા હેઠળ મુંબઈ ઇલાકાના સમગ્ર વિસ્તારને ઉત્તર (ગુજરાત), મધ્ય (દખ્ખણ), દક્ષિણ (કર્ણાટક), અને સિંધ એવા ચાર વિભાગ અને ૨૬ જિલ્લાઓમાં વહેંચ્યું હતું અને મુંબઈ શહેરને સમગ્ર ઇલાકાનું મુખ્ય મથક બનાવ્યું હતું[૭]. ઉત્તર વિભાગનું વડું મથક અમદાવાદ, મધ્ય વિભાગનું વડું મથક પૂના, દક્ષિણ વિભાગનું વડું મથક બેલગાંવ, અને સિંધ વિસ્તારનું વડું મથક કરાંચી હતું. અને સમગ્ર ઇલાકાનો વહીવટ બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ નીમેલા ગવર્નર દ્વારા થતો.

આમ ૧૯મી સદીના મુંબઈ ઇલાકામાં વર્તમાન ગુજરાતનો ઘણો વિસ્તાર, મહારાષ્ટ્રનો મોટો ભાગ, અને કર્ણાટકના કેટલાક પ્રદેશો ઉપરાંત વર્તમાન પાકિસ્તાનનો સિંધ પ્રદેશ તથા યમનના એડનનો પણ સમાવેશ થતો હતો. ઉપરાંત આ ઇલાકાની સરહદમાં બ્રિટિશરોને આધીન નહીં તેવા દીવ, દમણ, અને ગોવા જવા કેટલાક પોર્ટુગીઝ વિસ્તારો પણ હતા.

૧૯૦૧ની વસ્તી ગણતરી મુજબ મુંબઈ ઇલાકાની વસ્તી લગભગ અઢી કરોડ હતી, જેનો મુખ્ય ભાગ (લગભગ ૨ કરોડ) હિંદુ હતો. મુસલમાન, જૈન, પારસી, ખ્રિસ્તી, તથા યહૂદી ધર્મના લોકો લઘુમતીમાં હતા. ભાષાની દૃષ્ટિએ ગુજરાતી, મરાઠી, અને કોંકણી આ ઇલાકાની મુખ્ય ભાષાઓ હતી. કચ્છી, હિન્દુસ્તાની, સિંધી વગેરે અન્ય ભાષી લોકો લઘુમતીમાં હતા.

લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી હોવાથી મુંબઈ ઇલાકાની વસ્તીનો ઘણો મોટો ભાગ ગામડાંઓમાં રહેતો હતો. તે ઉપરાંત જ્ઞાતિપ્રથા, બાળલગ્નો, સંયુક્ત કુટુંબની પ્રથા, અને ભાષાના વૈવિધ્યને કારણે લોકોમાં સ્થળાંતર કરવાની વૃત્તિ લગભગ નહીંવત હતી (Davis ૧૯૫૧, p.૧૦૮). ઇલાકાનાં મુખ્ય શહેરોમાં મુંબઈ, પૂના, સુરત, ભરૂચ, અમદાવાદ વગેરેનો સમાવેશ થતો હતો. પરંતુ મુંબઈ લગભગ ૧૭મી સદીના અંતમાં ઈસ્ટ ઇન્ડિયા કંપની હસ્તક આવ્યું હોવા ઉપરાંત બીજા અનેક કારણોસર ઇલાકાનાં બીજાં બધાં શહેરોથી સૌથી મોટું અને સૌથી વધુ વિકસિત શહેર હતું. ત્યાં ધીમે ધીમે વ્યાપારની તકો વધતાં ગુજરાતમાંથી પારસી, દાઉદી વ્હોરા, કચ્છી, લોહાણા, વાણિયા વગેરે સમુદાયના લોકો પણ આવીને વસ્યા હતા.

જે પ્રદેશો અંગ્રેજોની પાશ્ચાત્ય સંસ્કૃતિની સીધી અને સઘન અસર હેઠળ વહેલા આવ્યા અને લાંબા વખત સુધી રહ્યા તે તેના રંગે સ્વાભાવિક રીતે જ વધુ રંગાયા હતા. તેથી મુંબઈ શહેરમાં પાશ્ચાત્ય સંસ્કૃતિની અસર સૌથી વહેલી અને સૌથી વધુ થઈ. ત્યારબાદ ઇલાકાનાં સુરત, અમદાવાદ, પૂના જેવાં શહેરો જે પોતપોતાના વિસ્તારનાં મુખ્ય વહીવટી મથકો હતાં ત્યાં પણ આ સંસ્કૃતિની અસર વધુ હતી. પરંતુ કસબાઓ અને ગામડાંઓમાં તેની ખાસ અસર નહોતી પડી.

વળી મુંબઈ ઇલાકામાં આવેલાં રજવાડાં જે અંગ્રેજોની પાશ્ચાત્ય સંસ્કૃતિના સીધા સંપર્કમાં નહોતાં આવ્યાં ત્યાં તે સંસ્કૃતિની અસર પ્રમાણમાં ઘણી ઓછી પડી. તે જ રીતે ઇલાકાના વનવાસી પ્રદેશો જેવા પ્રમાણમાં દુર્ગમ વિસ્તારો પણ પાશ્ચાત્ય સંસ્કૃતિથી લગભગ અસ્પૃશ્ય જ રહ્યા. આમ પાશ્ચાત્ય સંસ્કૃતિની સાથે જોડાયેલી આધુનિક સંસ્કૃતિની અસર સમગ્ર ઇલાકામાં સપ્રમાણ ન થઈ શકી. બીજી એક નોંધપાત્ર હકીકત એ પણ છે કે મુંબઈ ઇલાકો ધર્મ, ભાષા, રૂઢિઓ, રીત-રિવાજો વગેરેની અનેકવિધતાને કારણે સંસ્કૃતિની દૃષ્ટિએ એક ભાતીગળ વિસ્તાર રહ્યો. તેને લીધે પણ અંગ્રેજો દ્વારા દાખલ કરાયેલી આધુનિક સંસ્કૃતિનો સ્વીકાર સમાજના જુદા જુદા જૂથોમાં એક સરખો નહોતો. દાખલા તરીકે ખ્રિસ્તી મિશનરીઓની શિક્ષણને લગતી પ્રવૃત્તિઓને લીધે તથા અન્ય સામાજિક-રાજકીય કારણો સર ખ્રિસ્તી ધર્મ પાળનાર લોકોએ અને વ્યાપાર અને ઉદ્યોગ વાસ્તે ગુજરાતના પારસી લોકોએ આધુનિક સંસ્કૃતિનો પ્રમાણમાં સૌથી પહેલાં અને સૌથી વધુ સ્વીકાર કર્યો હતો (Davis ૧૯૫૧ pp. ૧૭૭-૧૯૪; Guha ૧૯૭૦). શહેરી વિસ્તારોમાં પણ જે લોકો પાશ્ચાત્ય કેળવણી પામ્યા તેઓ આ સંસ્કૃતિના રંગે પ્રમાણમાં વધુ રંગાયા. પરંતુ રૂઢિચુસ્ત હિંદુ બ્રાહ્મણો અને સ્ત્રીઓ ઉપર આ સંસ્કૃતિની અસર પ્રમાણમાં સીમિત રહી. તે જ રીતે ગામડાંઓમાં વસતા હિંદુ અને મુસલમાન લોકોમાં પશ્ચિમની આધુનિક સંસ્કૃતિની અસર ખૂબ જ ઓછી પડી હતી.

### ટૂંકી ૧૯મી સદી અને અધૂરું આધુનીકરણ

વધુમાં, આધુનીકરણની દૃષ્ટિએ મુંબઈ ઇલાકામાં પાશ્ચાત્ય સંસ્કૃતિનો પ્રસાર ૧૯મી સદીમાં પ્રમાણમાં મોડો શરૂ થયો અને અલ્પજીવી રહ્યો. તેની ખરી શરૂઆત ૧૯મી સદીના બીજા દસકાથી થઈ અને અંત ૧૮૫૭ના વિપ્લવ પછી ઈસ્ટ ઇન્ડિયા કંપનીના રાજ્યનો અસ્ત થયો અને ભારતમાં બ્રિટિશ તાજનું આધિપત્ય સ્થપાયું ત્યારે જ થઈ ગયો. તેથી યુરોપની લાંબી ૧૯મી સદી (૧૭૮૯-૧૯૧૪)ના સંદર્ભે ભારતની અને ખાસ કરીને મુંબઈ ઇલાકાની ૧૯મી સદી ખૂબ જ ટૂંકી (૧૯૨૦-૧૮૫૭) રહી. આ હકીકતને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકવા માટે ૧૯મી સદીમાં આવેલાં પરિવર્તનોના બદલાતા સ્વરૂપની ચર્ચા મુંબઈ ઇલાકાના સંદર્ભે અહીં તેના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એમ બે તબક્કામાં વહેંચવામાં આવી છે. અને બન્ને તબક્કાની ચર્ચા દરમિયાન આધુનીકરણના સંદર્ભે જે તે સમયની બ્રિટિશરોની નીતિઓ અને તે નીતિઓ અંગે પડેલા ઇલાકાના લોકોના પ્રતિભાવ ઉપર પ્રકાશ ફેંકવાનો પ્રયત્ન કર્યો છે.

### ૧૯મી સદીનો પૂર્વાર્ધ (૧૮૦૦થી ૧૮૫૭)
### બ્રિટિશરોની પ્રગતિશીલ નીતિઓ

૧૮મી સદીના અંતે મુંબઈ ઇલાકામાં બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની પોતાનો પગપેસારો કરી રહી હતી તે દરમિયાન ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં બ્રિટનની કાનૂની વ્યવસ્થાના, રાજ્યવ્યવસ્થાના, અને અર્થવ્યવસ્થાના અમુક અંશોનું અનુસરણ થઈ રહ્યું હતું. નાના પાયા ઉપર છાપખાનાં સ્થપાયાં હતાં. પરંતુ તેમનો ઉપયોગ મહદંશે પરંપરાગત પંચાંગ કે ધાર્મિક પુસ્તકો છાપવા પૂરતો જ મર્યાદિત હતો (Palsetia ૨૦૦૧ : ૧૭૬). આગળ જોયું તેમ, ખ્રિસ્તી મિશનરીઓની કેળવણી અને આરોગ્યને લગતી પ્રવૃત્તિઓને લીધે પાશ્ચાત્ય સંસ્કૃતિ અને સભ્યતાથી ઇલાકાના લોકો થોડે ઘણે અંશે પરિચિત થવા માંડ્યા હતા. પરંતુ ૧૯મી સદીના પૂર્વાધના લગભગ પહેલા બે દસકા સુધી તો ઈસ્ટ ઇંડિયા કંપની મુંબઈ ઇલાકામાં પોતાનું રાજકીય પ્રભુત્વ સ્થાપવાના સંઘર્ષોમાં વ્યસ્ત હતી અને આ ઇલાકાના મોટા ભાગના પ્રદેશો ઉપર તેનું આધિપત્ય સ્થપાયું ન હોવાથી તેના વહીવટની કોઈ દૂરગામી અસરો પડે તેવી સંભાવના જ નહોતી.

ભારતમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીના રાજકીય વહીવટ માટે બ્રિટનથી જે અમલદારો આવતા તે સર્વેને શૈક્ષણિક લાયકાત, તેમના વ્યક્તિગત સ્વભાવ, અને વૈચારિક માન્યતાઓમાં વિજેતા સામ્રાજ્યવાદીનું ઘમંડ હતું. તો કેટલાક અમલદારો ઇંગ્લૅન્ડના એડમંડ બર્કની રૂઢિચુસ્ત કે નાફેરવાદી (conservative) અને યથાસ્થિતિવાદી (stausquoist) વિચારસરણી ધરાવતા હતા. જ્યારે બીજા કેટલાક અધિકારીઓ હિંદીઓ પ્રત્યે આદરની લાગણી ધરાવતા અને જેરેમી બેંથામ, જેમ્સ મિલ, અને જોહ્ન સ્ટુઅર્ટ મિલના ઉપયોગિતાવાદી (utilitarian)[૮] વિચારોથી પ્રભાવિત થયેલા, પ્રગતિશીલ (progressive), અને ઉદારમતવાદી (liberal) અધિકારીઓ હતા (Kumar ૧૯૬૮ : ૮૪-૮૫).

૧૯મી સદીના બીજા દાયકાથી તેના પૂર્વાર્ધના અંત સુધી મુંબઈ ઇલાકાના વહીવટ કાજે આવેલા મોટા ભાગના

બ્રિટિશ રાજ્યકર્તાઓ અને અમલદારો પ્રમાણમાં ઉદારમતવાદી અને પ્રગતિશીલ વિચારસરણી ધરાવતા હતા. અલબત્ત તેઓ ઈસ્ટ ઇન્ડિયા કંપનીને લાભ થાય તેવી સામ્રાજ્યવાદી નીતિઓની જ તરફેણ કરતા પણ સાથે સાથે ભારતના લોકોનું પણ કંઈક અંશે હિત થાય તેવી ભાવના સેવતા. તેમાંના સૌથી પહેલાં આવેલા અને સૌથી વધુ સમય રહેલા મુંબઈ ઇલાકાના ગવર્નર માઉંટસ્ટુઅર્ટ એલ્ફીન્સ્ટનનો કાર્યકાળ વિશેષ ઉલ્લેખનીય છે. કારણ કે મુંબઈ ઇલાકામાં જેને સાચા અર્થમાં આધુનીકરણ કહેવાય તેવાં પરિવર્તનોની શરૂઆત ૧૮૧૯-૧૮૨૭ દરમિયાનના માઉંટસ્ટુઅર્ટ એલ્ફીન્સ્ટનના ગવર્નર તરીકેના વહીવટી કાળમાં થઈ.

જોકે એલ્ફીન્સ્ટન પ્રખર બ્રિટિશ સામ્રાજ્યવાદી હોવા છતાં પ્રમાણમાં મધ્યમ માર્ગી અને વ્યવહારુ નીતિઓના સમર્થક હતા (Kumar ૧૯૬૮ : ૪૭-૪૮).[૯] તેઓ તેમની વહીવટી કુશળતા માટે જાણીતા હતા અને પોતાની ફરજ માટે જ્યાં જતા ત્યાંની સ્થાનિક આર્થિક અને રાજકીય પરિસ્થિતિ ઉપરાંત ત્યાંના લોકોની રહેણીકરણી તેમના રીત-રિવાજો વગેરે વિશે સૂક્ષ્મ અવલોકનો કરીને તેની વ્યવસ્થિત લેખિત નોંધ રાખતા. તેથી તેમણે ઈસ્ટ ઇન્ડિયા કંપનીના પોતાના લાંબા કાર્યકાળ દરમિયાન અનેક પ્રકારની જવાબદારીઓ નિભાવી તથા સ્થાનિક લોકો વિશે જે માહિતી મેળવી તેના આધારે મુંબઈ ઇલાકામાં કંપની સરકારના આધુનિક વહીવટનો પાયો નાંખ્યો. તેમની નીતિઓની એક લાક્ષણિકતા એ હતી કે તેઓ સ્થાનિક લોકોના હિતો, રીત-રિવાજો, પરંપરાઓ, અને તેમની ઇચ્છાઓને, જો તે બ્રિટિશ સર્વોપરિતાના પડકારરૂપ ના હોય તો, માન આપતા. તેથી તો તેમણે મરાઠાઓની લાગણીઓને માન આપીને સતારાના રાજાને બ્રિટિશરોએ કબજે કરેલું તેમનું રાજ્ય પાછું આપ્યું હતું. તથા સ્થાનિક જાગીદારોની જમીનો તથા તેમના પરંપરાગત અધિકારો અને સત્તાઓ પરત કરી હતી. બ્રાહ્મણોને પણ તેમની મંદિરની જમીનો આપીને અને તેમની વિદ્વત્તાને નવાજીને ખુશ કર્યા હતા. તદુપરાંત ગ્રામ પંચાયતો અને ગામના મુખીની ઉપયોગિતા સ્વીકારીને તેમની સત્તા બરકરાર રાખી હતી જેથી કરીને સ્થાનિક સ્તરે ગામલોકો પોતાનો વહીવટ પોતે કરી શકે અને પરસ્પરના ઝઘડાઓનો શાંતિથી ઉકેલ લાવી શકે. હિંદુ પ્રજાના અને ખાસ કરીને બ્રાહ્મણોના રૂઢિચુસ્ત સ્વભાવથી પરિચિત હોવાથી તેઓ લોકો ઉપર બિનજરૂરી સુધારા લાદવાનું ટાળતા (Kumar ૧૯૬૮ : ૫૦-૫૧).

સાથે સાથે તેમની ઉપયોગિતાવાદી, ઉદારમતવાદી, અને પ્રગતિશીલ નીતિઓથી તેમના આઠ વર્ષના વહીવટ દરમિયાન એલ્ફીન્સ્ટને અનેક સુધારાઓ કરીને મુંબઈ ઇલાકાનું આધુનીકરણ કરવામાં પણ ઘણો મોટો ફાળો આપ્યો. તેમના અનેક સુધારાઓમાંનો એક મહત્ત્વનો સુધારો જમીન મહેસૂલ અંગેનો હતો. મુંબઈ ઇલાકામાં તેમણે રૈયતવારી પ્રથા દાખલ કરી જમીન મહેસૂલ ઉઘરાવવાની પ્રથામાં સુધારા કર્યા. તે પહેલાં સમગ્ર ભારતમાં જમીનની વ્યક્તિગત માલિકીનો ખ્યાલ અસ્તિત્વમાં નહોતો. પરંતુ રૈયતવારી પ્રથાના અમલથી જે વ્યક્તિ જે જમીન ઉપર ખેતી કરતી હોય (રૈયત) અને જ્યાં સુધી પોતાનું મહેસૂલ નિયમિત રીતે ભરતી હોય ત્યાં સુધી તેને તે જમીનના માલિક ગણવાનું નક્કી કરવામાં આવ્યું. તે પોતાની માલિકીની જમીન કોઈને ભાડે આપી શકે અથવા ગીરો મૂકી શકે અથવા વેચીને કે ભેટમાં આપીને તેનો માલિકી-હક્ક બીજાને આપી શકે એમ પણ સ્વીકારવામાં આવ્યું. આમ એલ્ફીન્સ્ટનના સમયમાં મુંબઈ ઇલાકામાં સૌપ્રથમ વાર જમીનની વ્યક્તિગત માલિકીનો હક્ક અસ્તિત્વમાં આવ્યો. બીજું આ વ્યવસ્થા અંતર્ગત જે તે ખેડૂત પાસેથી તેની માલિકીની જમીન પ્રમાણે મહેસૂલ ઉઘરાવવાનું હોવાથી જમીનની માપણી કરવાની અને જમીનની માલિકી અંગેના દસ્તાવેજો નોંધવાની પ્રથા પણ શરૂ થઈ. તેથી વહીવટી તંત્રમાં જમીન નોંધણી ખાતું, જમીન માપણી ખાતું, અને મહેસૂલ ખાતું એમ જુદાં જુદાં ખાતાં અસ્તિત્વમાં આવ્યાં. વળી જમીન મહેસૂલ રોકડમાં ભરવાનું હોવાથી આર્થિક વ્યવહારોમાં નાણાંનું મહત્ત્વ પણ વધ્યું (Desai ૧૯૬૪ : ૨૦૫-૨૪૫; Kaiwar ૧૯૬૮ : ૫૬-૭૨).

આમ જમીન મહેસૂલ અંગેના સુધારાને કારણે મુંબઈ ઇલાકામાં આધુનિક વ્યક્તિવાદી અને નાણાં ઉપર આધારિત મૂડીવાદી અર્થતંત્રનો ઉદય થયો. આ સાથે અલગ અલગ વહીવટી કાર્યોને આધારે વહીવટી તંત્રમાં મહેસૂલ વિભાગ ઉપરાંત પુલિસ વિભાગ, જાહેર આરોગ્ય અને સુખાકારી વિભાગ, ન્યાયતંત્ર, વગેરે અલગ અલગ વિભાગો ઊભા થયા. તેથી ઇલાકાનું વહીવટી તંત્ર વિશાળ અને સંકુલ (complex) બન્યું અને તેના આધુનીકરણની પણ શરૂઆત થઈ. પેશવાઓના વહીવટમાં જે વંશપરંપરાગત કે વારસાગત

હોદ્દાઓ હતા તેમાં જરૂરી ફેરફારો કરી જે તે પદ માટે વ્યક્તિની જરૂરી લાયકાત (qualification) અને વહીવટની અસરકારકતા (effectiness) તથા કાર્યક્ષમતા (efficiency) ઉપર ભાર મુકાવા માંડ્યો. આ ઉપરાંત સ્પર્ધાત્મક કસોટી (competitive examination) દ્વારા ઉમેદવારોની તટસ્થ પસંદગી કરવી, પસંદ કરેલા ઉમેદવારોને તેમની યોગ્યતા અને જવાબદારી મુજબ પદ અને પગાર આપવા, તેમની કાર્યકુશળતાના આધારે જ તેમની પદોન્નતિ કરવી વગેરે તત્ત્વો દ્વારા જર્મન સમાજશાસ્ત્રી મેક્સ વેબરે દર્શાવેલ બુદ્ધિગમ્ય સત્તા (rational authority), અસરકારકતા (effectiveness), અન કાર્યક્ષમતા (efficiency) ઉપર ભાર મૂકતી પશ્ચિમની આધુનિક અમલદારશાહી અસ્તિત્વમાં આવી (Kumar ૧૯૬૮).

આ માટે જે લાયકાતો નક્કી કરવામાં આવી તેમાં હોદ્દાની જવાબદારી પ્રમાણે શૈક્ષણિક લાયકાત, સ્થાનિક ભાષાઓ ઉપરનું પ્રભુત્વ, તથા અંગ્રેજી ભાષાના જ્ઞાનને પ્રાધાન્ય આપવામાં આવ્યું. પરિણામે પાશ્ચાત્ય પદ્ધતિ પ્રમાણે શિક્ષણ આપવાની પણ જરૂરિયાત ઊભી થઈ. તેથી એલ્ફીન્સ્ટને તે અંગે પણ સુધારા કર્યા. તેમણે જોયું કે ૧૮૫૧માં સ્થપાયેલી 'બૉમ્બે એજ્યુકેશન સોસાયટી' દ્વારા અંગ્રેજોનાં બાળકોને અંગ્રેજીમાં પાશ્ચાત્ય શિક્ષણ આપવાની સગવડ હતી. પરંતુ ભારતીયો માટે એવી વ્યવસ્થાનો અભાવ હતો. તેથી ઇલાકાના વતનીઓને પાશ્ચાત્ય શિક્ષણ આપવા માટે ૧૮૨૦માં સ્થપાયેલી 'નેટીવ એજ્યુકેશન સોસાયટી' દ્વારા પ્રયત્નો શરૂ કર્યા (Kumar ૧૯૬૮ : ૫૩). સૌપ્રથમ તેમણે પોતાની વ્યવહારુ અને મધ્યમમાર્ગી નીતિ અંતર્ગત ૧૯૨૧માં સંસ્કૃત ઉપરાંત પુરાતન હિંદુ સાહિત્યના અભ્યાસ માટે પૂનામાં એક કૉલેજની સ્થાપના કરી. મુંબઈ ઇલાકાના અને ખાસ કરીને મહારાષ્ટ્રના પોતાના દીર્ઘકાલીન અનુભવને આધારે તેમણે નોંધ્યું હતું કે મહારાષ્ટ્રીયન સમાજમાં બ્રાહ્મણોનું ઘણું વર્ચસ્વ છે. માટે બ્રાહ્મણો બ્રિટિશ પદ્ધતિથી અપાતા પારંપરિક વિષયોના શિક્ષણનો સૌપ્રથમ સ્વીકાર કરતા થાય તે ધ્યેયથી તેમણે પૂનાની કૉલેજ સ્થાપી હતી. પછી ધીમે ધીમે તેમને વિજ્ઞાન અને બીજા આધુનિક ઉદારમતવાદી વિષયોનું પણ શિક્ષણ આપવું તેવી એમની યોજના હતી. તે સાથે સમાજના બધા વર્ગોને આધુનિક શિક્ષણ મળે તે વાસ્તે તેમણે સરકારની આર્થિક મદદથી શાળાઓ ખોલવાની શરૂઆત કરી. અને આ શાળાઓમાં યુરોપમાં વિકસેલા વૈજ્ઞાનિક જ્ઞાનનો વ્યવસ્થિત અને નિરંતર પ્રસાર થાય તેની ઉપર ભાર મૂક્યો. તેઓ માનતા હતા કે જો આવું શિક્ષણ માત્ર ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા જ અપાય તો સ્થાનિક લોકોમાં અને ખાસ કરીને બ્રાહ્મણો જેવા ભદ્ર વર્ગમાં કંપની સરકારના ઇરાદાઓ ખ્રિસ્તી ધર્મના પ્રચારના છે તેવી ખોટી છાપ પડે. જે બાબત તેમના મતે કંપની સરકારના લાંબા ગાળાના હિતમાં નહોતી. તેથી સ્થાનિક લોકોની ધાર્મિક લાગણી ન દુભાય તે માટે સરકારી શાળાઓમાં અપાતી કેળવણીને ધર્મનિરપેક્ષ પણ રાખી (Kumar ૧૯૬૮ : ૫૩-૫૬).

આ ઉપરાંત સ્થાનિક ભાષાઓમાં ભણવા માટે જરૂરી સાહિત્ય મળી રહે તે માટે ખાસ કરીને મરાઠી અને ગુજરાતી ભાષાઓમાં પાઠ્યપુસ્તકો તૈયાર થાય, છપાય, તથા કેટલાક અંગ્રેજી ગ્રંથોનો અનુવાદ થાય તેવી વ્યવસ્થા પણ તેમણે સરકારી ખર્ચે અને સરકારની દેખરેખમાં ઊભી કરી. એટલું જ નહીં આધુનિક પદ્ધતિથી શિક્ષણ આપનારા સ્થાનિક શિક્ષકોનો અભાવ હોવાથી શિક્ષકોને તાલીમ આપવા માટે પણ તેમણે વ્યવસ્થા કરી. શિક્ષકો બને એટલા વધુ વિદ્યાર્થીઓને સારી રીતે ભણાવે તે માટે તેમને પ્રોત્સાહિત કરવા તેમના પગાર ઉપરાંત વિદ્યાર્થીઓ પાસેથી થોડી-ઘણી ફી ઉઘરાવવાની છૂટ આપી. ઉપરાંત ઉત્તમ શિક્ષકોને ઇનામો આપવાની વ્યવસ્થા ઊભી કરી હતી. તથા સ્થાનિક ભાષાઓમાં ઉચ્ચ કક્ષાનાં મૌલિક અને અનુવાદિત પુસ્તકોના લેખકો અને અનુવાદકોને માટે પણ ઇનામો આપવાની યોજના બનાવી હતી (Elphinstone ૧૮૨૮; Desai ૧૯૬૪ pp.૩૦૮-૩૫૫). આ બધા પ્રયત્નો પાછળ તેમનો મુખ્ય ધ્યેય સ્થાનિક લોકોમાં આધુનિક કેળવણી મેળવવા માટેની પ્રબળ ઇચ્છા ઊભી કરવાનો હતો. આમ ભારતમાં આધુનિક કેળવણીનો તથા યુરોપમાં વિકસેલા વૈજ્ઞાનિક જ્ઞાનનો વ્યવસ્થિત અને નિરંતર પ્રસાર થાય તે માટે એલ્ફીન્સ્ટને ઘણા પ્રયત્નો કર્યા હતા.

તેમણે ન્યાયતંત્રમાં પણ સુધારા કર્યા. બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું મુંબઈ ઇલાકામાં આધિપત્ય સ્થપાયું તે પહેલાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અત્યંત કથળી ગઈ હતી. મુગલો અને પેશવાઓએ સ્થાપેલી ન્યાયપ્રણાલી ધાર્મિક રીત-રિવાજો અને પરંપરાઓ ઉપર આધારિત હતી. અને ન્યાય પણ મહદંશે ગુનેગાર વ્યક્તિઓના સામાજિક અને જન્મજાત દરજ્જા પ્રમાણે અને ન્યાય તોળનાર વ્યક્તિની મુનસફીને

આધારે તોળાતો. એલ્ફીન્સ્ટને ન્યાયતંત્રનું આધુનીકરણ કર્યું. 'એલ્ફીન્સ્ટન કોડ' તરીકે ઓળખાતી કાયદાના રાજ્યની પશ્ચિમની વિભાવનાઓ પ્રમાણે ન્યાય મળે તેવી અને દરેક નાગરિકને કાયદા આગળ કોઈ પણ જાતના ભેદભાવ વગર સમાન ગણવાની વ્યવસ્થા ઊભી કરી. અને કડક પગલાં લઈ પીંઢારા જેવાં અરાજકતા ફેલાવતાં તત્ત્વોને નેસ્તનાબૂદ કર્યાં.

આમ એલ્ફીન્સ્ટનના ૧૮૧૯થી ૧૮૨૭ સુધીના આઠ વર્ષના કાર્યકાળ દરમિયાન પાશ્ચાત્ય સંસ્કૃતિમાં વિકસેલ આધુનીકરણની અસર મુંબઈ ઇલાકામાં લગભગ દરેક ક્ષેત્રમાં દેખાવા લાગી. એલ્ફીન્સ્ટનની વિદાય પછી તેમના અનુગામી તરીકે ૧૮૨૭માં આવેલા જ્હોન માલ્કમે પણ ઇલાકામાં આ પ્રક્રિયા ચાલુ રાખી. સ્થાનિક લોકોને કેળવણી તથા સરકારી નોકરીઓ મળી રહે તે માટે તેમના પુરોગામીની માફક માલ્કમે પ્રયત્નો ચાલુ રાખ્યા. તેમના વહીવટકાળ દરમિયાન ૧૮૨૭માં અંગ્રેજી કેળવણીના પ્રસાર માટે એલ્ફીન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટ સ્થપાઈ હતી (Heimsath ૧૯૬૪ p.૧૩). ઉપરાંત ઇલાકામાંથી સતી પ્રથા અને છોકરીઓને દૂધ પીતી કરવા જેવા જુનવાણી રિવાજોને નાબૂદ કરવા વાસ્તે તેઓ ૧૮૩૦માં ગુજરાતનો પ્રવાસ કરીને સુધારાની પ્રવૃત્તિઓ કરતા સ્વામીનારાયણ પંથના સ્થાપક સહજાનંદ સ્વામીનો સહકાર મેળવવા સ્વામીને રૂબરૂ મળ્યા હતા. ૧૮૩૧માં તેઓ ઇંગ્લૅન્ડ પાછા ગયા હતા તે પહેલાં મુંબઈ ઇલાકામાં વાહનવ્યવહારની સુવિધાઓ સુધારી અને ભારત તથા ઇંગ્લૅન્ડ સાથે આગબોટ દ્વારા નિયમિત આવ-જા થાય તેવી વ્યવસ્થા પણ કરી. આ જ પ્રકારની નીતિઓ તેમના અનુગામીઓએ પણ થોડા ઘણા અંશે ચાલુ રાખી. જેથી કરીને સમયાંતરે મુંબઈ અને લંડન વચ્ચેનો સંપર્ક ઘનિષ્ઠ બન્યો. પશ્ચિમમાં વિકસેલા આધુનિક વૈદકશાસ્ત્ર (allopathy) પ્રમાણે તાલીમ આપતી ગ્રાંટ મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલની સ્થાપના ૧૮૪૫માં થઈ. અને ૧૮૫૩માં મુંબઈ ઇલાકામાં રેલવેની શરૂઆત પણ થઈ. આમ રોડ અને રેલવે વ્યવહારની સગવડો વધતાં ઇલાકાના અંતરિયાળ વિસ્તારો વચ્ચે સંપર્ક વધ્યો અને ઔદ્યોગિકરણ માટે સાનુકૂળતા ઊભી થઈ. પરિણામે ૧૮૫૪માં ધ બૉમ્બે સ્પીનિંગ ઍન્ડ વીવિંગ કંપની નામની ઇલાકાની સર્વ પ્રથમ મિલ મુંબઈ શહેરમાં અસ્તિત્વમાં આવી.

આ રીતે ૧૯મી સદીના પૂર્વાર્ધમાં મુંબઈ ઇલાકામાં આવેલા મોટાભાગના બ્રિટિશ અધિકારીઓની નીતિઓને પરિણામે ઇલાકાના અને ખાસ કરીને મુંબઈ શહેરના આર્થિક વિકાસમાં સારી એવી વૃદ્ધિ થઈ. અને તેની સાથે આધુનીકરણની શરૂઆત થઈ. જોકે અહીં નોંધવું જોઈએ કે તે સમયના મોટા ભાગના બ્રિટિશ રાજ્યકર્તાઓ અને અમલદારો પ્રમાણમાં ઉદારમતવાદી, પ્રગતિશીલ વિચારસરણી ધરાવતા હતા અને ભારતના લોકોનું પણ કંઈક અંશે હિત થાય તેવી ભાવના સેવતા હતા છતાં ઇલાકામાં જે કાંઈ આધુનીકરણ થયું તે તેમની ઈસ્ટ ઇન્ડિયા કંપનીને લાભ થાય તેવી સામ્રાજ્યવાદી નીતિઓનું એક અણધાર્યું પરિણામ જ હતું; હેતુપૂર્વક ઇલાકાનું કે દેશનું આધુનીકરણ કરવાના પ્રયત્નો લગભગ નહીંવત હતા. ઉપરાંત તેઓ સ્થાનિક લોકોની પ્રથાઓ અને સંસ્કૃતિમાં ઓછામાં ઓછી દાખલ કરીને સુધારા લાવવા માગતા હોવાથી આધુનીકરણની પ્રક્રિયા અત્યંત ધીમી હતી એટલું જ નહીં પણ તેમની કેટલીક નીતિઓ રૂઢિપરસ્ત conservative) પણ હતી.

### ઇલાકાના લોકોનો દ્વિધાભાવી (ambivalent) પ્રતિભાવ : બૌદ્ધિક અભિગમનો ઉદય અને સામાજિક સુધારાની ચળવળો

કંપની સરકારના રાજ્યમાં અરાજકતાની નાબૂદીથી અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધરતાં સ્વાભાવિક રીતે જ બંગાળની માફક મુંબઈ ઇલાકાના ભદ્ર વર્ગ અને સામાન્ય જનતામાં બ્રિટિશ રાજ્ય પ્રત્યે સહાનુભૂતિ અને આવકારની લાગણી જન્મી. જેનો આછો ખ્યાલ આપણને દલપતરામ જેવા કવિઓનાં લખાણોમાં જોવા મળે છે.

ઉપરાંત આધુનિક કેળવણી દ્વારા પશ્ચિમની વૈજ્ઞાનિક અને ઉદારમતવાદી વિચારધારાનો પ્રભાવ ભણેલા ગણેલા વર્ગોમાં વધવા માંડ્યો. પરિણામે આ વર્ગમાં બુદ્ધિગમ્ય (rational) અને વ્યક્તિકેન્દ્રી (individualistic) અભિગમ પ્રત્યેનો ઝોક વધવા માંડ્યો. અને સદીઓ પુરાણી સામાજિક અને ધાર્મિક પરંપરાઓ, રીતરિવાજો, પ્રથાઓ, સંસ્થા (instituions)ઓ તથા માન્યતાઓ પ્રત્યે આ નૂતન અભિગમ પ્રમાણે જોવાની શરૂઆત થઈ. જેને પરિણામે મુંબઈ ઇલાકામાં બંગાળની માફક અને કદાચ થોડી ઘણી તેની અસર તળે જ સુધારાની ચળવળ ઊભી થઈ.

અંગ્રેજોના આગમન પહેલાં જૂના સામંતશાહી જમાનામાં ભારતનો આમ આદમી જે તે રાજ્યકર્તાનો આશ્રિત

(subject) હતો અને તેની એક નાગરિક (citizen) તરીકેની રાજકીય અને સાર્વજનિક ભૂમિકા લગભગ નહીંવત હતી. પરંતુ અંગ્રેજોના સમયમાં આધુનિક પત્રકારત્વ અને નાગરિકતાની વિભાવનાઓનો ઉદય થયો હતો. ભારતમાં છાપખાનાંની શરૂઆત જોકે ૧૮મી સદીના અંતથી પારસી સાહસિકો દ્વારા થઈ હતી (Palsetia ૨૦૦૧: ૧૭૬). પણ આ છાપખાનાં, આગળ જોયું તેમ, મોટા ભાગે પંચાંગ કે કેલેન્ડર છાપતાં અથવા પારસી ધર્મના થોડા ઘણા ગ્રંથો છાપતાં. પરંતુ શાળાઓ માટે છપાતાં પાઠ્યપુસ્તકો અને આધુનિક કહેવાય તેવાં વર્તમાનપત્રો તથા સામયિકો જેવા સાહિત્યનું છાપકામ ૧૯મી સદીના બીજા-ત્રીજા દાયકાથી શરૂ થયું. દાખલા તરીકે 'મુંબઈ સમાચાર' નામનું પહેલું ગુજરાતી છાપું ૧૮૨૨માં શરૂ થયું હતું. ત્યારબાદ ૧૮૩૨માં બાલ શાસ્ત્રી ગંગાધર ઝાંબેકરે 'બોમ્બે દર્પણ' નામનું છાપું અંગ્રેજી-મરાઠીમાં કાઢ્યું. અને ૧૮૪૦માં તેમણે 'દિગદર્શન' નામનું મરાઠી માસિક શરૂ કર્યું. મરાઠી ભાષાના પહેલા વ્યાવસાયિક પત્રકાર તરીકે ઓળખાતા ગોવિંદ વિઠ્ઠલ કુંતેએ ૧૮૪૧માં 'પ્રભાકર' શરૂ કર્યું હતું. આમ ધીમે ધીમે વર્તમાનપત્રોની સંખ્યા વધવા માંડી. ૧૮૪૯ સુધીમાં પારસીઓ દ્વારા પાંચ ગુજરાતી છાપાં નીકળતાં હતાં. આ બધાં છાપાં દ્વારા મુખ્યત્વે મુંબઈ અંગેની અગત્યની માહિતી ઉપરાંત દેશ અને દુનિયાના સમાચારો છપાતા હતા. ધીમે ધીમે આ છાપાં અને સામયિકોમાં મંતવ્યોને પણ સ્થાન મળવા માંડ્યું. છાપાં અને સામયિકોમાં વ્યક્ત થતાં મંતવ્યો અને તેથી ઊભી થતી ચર્ચાઓમાં બ્રિટિશ કેળવણી અને પાશ્ચાત્ય વિચારધારાની અસર પણ છતી થતી હતી. જોકે તેમાં દેશી લોકોની પ્રથાઓ, રિવાજો, માન્યતાઓ ઉપર ટીકાત્મક લખાણો વધુ આવતાં. તેમાંથી ખાસ કરીને પારસીઓમાં સુધારાની ચળવળ શરૂ થઈ હતી. છતાં લગભગ શરૂઆતથી જ પત્રકારત્વની સ્વતંત્રતા, બ્રિટિશ મૂલ્યો, અને બૌદ્ધિક અભિગમ પ્રત્યે નિસબત (commitment) દેખાતી હતી. સમય જતાં સામાજિક કે ધાર્મિક પ્રશ્નો અને સુધારાઓની ચર્ચાઓ ધીમે ધીમે બીજા સમુદાયોમાં પણ વધવા માંડી. આમ આ સમય દરમિયાન આધુનિક વ્યાવસાયિક પત્રકારત્વ, સામાજિક સુધારાઓ, અને નાગરિકતાના ખ્યાલોનો વિકાસ થયો.

પરિણામે, મુંબઈ ઇલાકામાં ૧૮૪૦માં મૂર્તિપૂજાને દૂર કરવા, જ્ઞાતિપ્રથાને નાબૂદ કરવા, તથા વિધવા પુનર્લગ્નના પ્રસાર માટે 'પરમહંસ મંડળી'ની સ્થાપના થઈ. અલબત્ત, મંડળીની સભાઓ ખાનગીમાં થતી. અને ૧૮૪૮માં સામાજિક પ્રશ્નોની ચર્ચા માટે અને સ્ત્રીઓને કેળવણી આપવા માટે 'સ્ટુડંટ્સ લીટરરી એન્ડ સાયંટિફિક સોસાયટી'ની સ્થાપના થઈ. એ જ હેતુથી ૧૮૫૧માં 'બુદ્ધિવર્ધક હિન્દુ સભા'ની સ્થાપના થઈ (Heimsath ૧૯૬૪ : ૧૦૦).[૧૦] એ દરમિયાન દાદાભાઈ નવરોજી વગેરેએ 'જ્ઞાન પ્રસારક મંડળી'ની સ્થાપના ૧૮૪૮માં કરી હતી. આ બધી મંડળીઓ સામાજિક અને ધાર્મિક સુધારાઓ માટે સ્થપાયેલી અને તેમના સભ્યો મોટા ભાગે ૧૮૨૭માં સ્થપાયેલી એલ્ફીન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટ અને જ્હોન વિલ્સન ઇંગ્લિશ સ્કૂલનાં વિદ્યાર્થીઓ હતા. ૧૮૫૨માં[૧૧] એલ્ફીન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટના કેટલાક પારસી વિદ્યાર્થીઓએ ભૂત, ચુડેલ, ડાકણ વગેરે અંગેના વહેમો પાછળ રહેલી અંધશ્રદ્ધા દૂર કરવા માટે કેટલાક વૈજ્ઞાનિક પ્રયોગો કર્યા હતા અને તે માટે ખોલાસે જાદુ (જાદુનો ખુલાસો) નામનું ચમત્કારોનો વૈજ્ઞાનિક ખુલાસો કરતું અને બુદ્ધિનિષ્ઠાને સમર્થન આપતું ગુજરાતી ભાષાનું પહેલું ચોપાનિયું કે સામયિક પણ શરૂ કર્યું હતું.[૧૨]

૧૯મી સદીના પૂર્વાર્ધમાં જુવાન પેઢીને સુધારા માટે બૌદ્ધિક પ્રેરણા આપવામાં એલ્ફીન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટના પહેલાં વિદ્યાર્થીઓમાંના એક બાલ ગંગાધર શાસ્ત્રી ઝાંબેકરનો (૧૮૧૨-૧૮૪૬) મોટો ફાળો હતો. તેઓ પાછળથી તે ઇન્સ્ટિટ્યૂટના પહેલા ભારતીય પ્રોફેસર બનેલા. બાલ શાસ્ત્રીએ વિધવા પુનર્લગ્ન, જ્ઞાતિઓના જુનવાણી રિવાજોમાં સુધારા, અને જે લોકોનું ખ્રિસ્તી ધર્મમાં પરિવર્તન થયું હતું તેમને હિન્દુ ધર્મમાં પાછા લેવા જેવા પ્રશ્નો માટે જાગૃતિ આણવાના પ્રયત્નો કર્યા હતા. અલબત્ત, બાલ શાસ્ત્રી પોતે ચુસ્ત હિંદુ હતા અને હિંદુ ધર્મના માળખામાં રહીને જ સુધારો કરવાનો આગ્રહ રાખતા હતા.

પૂનાની સરકારી અંગ્રેજી શાળામાં ભણેલા અને પછી અમદાવાદમાં ન્યાયાધીશ બનેલા લોકહિતવાદી તરીકે જાણીતા ગોપાલ હરિ દેશમુખ (૧૮૨૩-૧૮૯૨) પણ આ સમયના બીજા અગત્યના સુધારક હતા. તેઓ અંગ્રેજી જાણતા હોવા છતાં મરાઠી ભાષામાં લખતા અને જ્ઞાતિપ્રથા, બાળલગ્નો, વિધવાઓની સામાજિક સ્થિતિ, બ્રાહ્મણોના હિન્દુ ધર્મ ઉપરના વર્ચસ્વ વગેરે ઉપર કડક ભાષામાં પ્રહાર કરતા. તેઓ સ્વતંત્રતાના પ્રખર હિમાયતી હતા અને માનતા હતા કે સ્વતંત્રતા માટે જ્ઞાન જરૂરી છે. તે માટે તે રાજા રામ મોહન

રોયની માફક સંસ્કૃતના શિક્ષણને બદલે અંગ્રેજી શિક્ષણના હિમાયતી હતા.

જ્યોતિબા ગોવિંદ ફૂલે (૧૮૨૭-૯૦) જેવા સુધારકોએ ૧૯મી સદીના મધ્યભાગમાં કન્યાકેળવણી અને અસ્પૃશ્યો માટે પૂનામાં શાળાઓ ખોલેલી. આ ઉપરાંત દાદોબા પાંડુરંગ તરધાડકર (૧૮૧૪- ૮૨), તેમના ભાઈ ભાસ્કર પાંડુરંગ તરધાડકર (૧૮૧૬-૪૭), વિષ્ણુ ભીકાજી ગોખલે (વિષ્ણુબાવા બ્રહ્મચારી) (૧૮૨૫-૭૧), વિષ્ણુ પરશુરામ શાસ્ત્રી પંડિત (૧૮૨૭-૭૬) જેવા સુધારકોએ મહારાષ્ટ્રમાં સુધારાઓની ઝુંબેશ ચલાવેલી.

આ જ રીતે ગુજરાતના સૌથી પહેલા સુધારક દુર્ગારામ મંછરામ મહેતાજી (૧૮૦૯-૧૯૭૬) હતા. તેમણે એલ્ફીન્સ્ટન દ્વારા દાખલ કરાયેલી નવી પ્રાથમિક શિક્ષણ પ્રણાલી હેઠળ તાલીમ લીધી હતી. અને ૧૮૨૮થી સુરતમાં સરકારી શાળાના શિક્ષક હતા. તેમને અંગ્રેજી નહોતું આવડતું છતાં તેઓ પાશ્ચાત્ય વિચારથી પ્રભાવિત થયા હતા અને સ્ત્રીઓના સામાજિક દરજ્જા, મૂર્તિપૂજા, તથા ભૂતપ્રેત જેવી માન્યતાઓનું ખંડન કરતા હતા. તેમણે વિધવાઓ પ્રત્યે થતા અજુગતા વ્યવહાર અંગે ૧૮૩૮માં જાહેર વિરોધ શરૂ કર્યો હતો અને જ્ઞાતિપ્રથા સહિત અનેક સામાજિક પ્રશ્નોની ચર્ચા કરવા માટે ૧૮૪૪માં 'માનવ ધર્મ સભા'ની સ્થાપના કરી હતી. આ ઉપરાંત વીર નર્મદ તરીકે ઓળખાતા નર્મદાશંકર લાલશંકર (૧૮૩૩-૮૬), મહિપતરામ રૂપરામ (૧૮૩૦-૯૧), અને કરસનદાસ મૂળજી (૧૮૩૨-૭૧) જેવા ગુજરાતી વિદ્યાર્થીઓ ૧૮૫૦ના દાયકાથી શરૂઆતમાં એલ્ફીન્સ્ટન કૉલેજમાં યુરોપિયન કેળવણી મેળવી અને પાશ્ચાત્ય મૂલ્યોથી પ્રભાવિત થઈ 'બુદ્ધિવર્ધક હિંદુ સભા'ના નેજા તળે સામાજિક સુધારાની ચળવળના પ્રણેતા બન્યા હતા (Yagnik and Sheth ૨૦૦૫ pp. ૬૧-૯૭).

કરસનદાસ મૂળજી એક શિક્ષક, લેખક, પત્રકાર અને સુધારક હતા. તેમણે 'સત્યપ્રકાશ' નામનું સાપ્તાહિક ૧૮૫૫માં શરૂ કર્યું હતું. અને તેમાં તથા અન્ય સામયિકોમાં પોતાના સુધારા અંગેના વિચારો વ્યક્ત કરતા હતા. તેમણે ઉપાડેલી વૈષ્ણવ સંપ્રદાયના મહારાજોની સ્ત્રીઓ પ્રત્યેની અનૈતિક હરકતો ઉઘાડી પાડવા માટેની ઝુંબેશ મહારાજ લાઈબલ (Libel) કેસ તરીકે ઘણા લાંબા સમય સુધી ચર્ચામાં રહી હતી. તે જ રીતે તેમના મિત્ર અને સાથીદાર નર્મદાશંકરે (૧૮૩૩-૧૮૮૬) સ્ત્રીઓના શિક્ષણ, વિધવા વિવાહ, જ્ઞાતિઓના વાડાઓ તોડવા, તથા પાશ્ચાત્ય વિજ્ઞાનનું જ્ઞાન મેળવવા ઇંગ્લૅન્ડની (પરદેશની) મુસાફરી કરવા જેવા મુદ્દાઓ ઉપર સુધારાઓ માટે ચળવળ ઉપાડી હતી. મહિપતરામ રૂપરામ અને કરસનદાસ મૂળજી જેવા સુધારકો ઇંગ્લૅન્ડનો પ્રવાસ પણ કરી આવ્યા હતા.[૧૩] ગુજરાતમાં ફાર્બસ તરીકે ઓળખાતા એલેક્ષાંડર ફોર્બ્સ દ્વારા ૧૮૪૮માં સ્થપાયેલી 'ગુજરાત સોસાયટી' અને 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'એ પણ સુધારા તથા સ્ત્રી-કેળવણી જેવા મુદ્દાઓ ઉપર જાગૃતિ આણવાનો સારો એવો પ્રયત્ન કરેલો. અને આ સોસાયટીના નેજા હેઠળ ૧૮૪૯માં છોકરા-છોકરીઓને સહશિક્ષણ આપતી કદાચ ભારતની સર્વ પ્રથમ શાળાની સ્થાપના કરી હતી. આ સુધારાઓના પ્રચારમાં કવિ દલપતરામે પણ સારા એવા પ્રયત્નો કરેલા (Desai ૧૯૬૪ ૪૧૨-૪૯૭; Yagnik and Sheth ૬૧-૯૭)

આમ મુંબઈ ઇલાકાના પૂર્વાર્ધમાં અંગ્રેજોની સંસ્કૃતિ અને કેળવણીની અસર હેઠળ થોડા ઘણા અંશે પાશ્ચાત્ય સંસ્કૃતિનો સમર્થક એવો એક શિક્ષિત વર્ગ ઊભો થયો ખરો પણ તે ખૂબ જ નાનો હતો. ઘણા સુધારકો ઉચ્ચ જ્ઞાતિના અને શહેરી વિસ્તારોમાં રહેતા ભણેલાગણેલા લોકો જ હતા. તેઓએ મોટા ભાગે બંગાળના સુધારકોએ ઉપાડેલા સામાજિક પ્રશ્નો ઉપર જ ધ્યાન આપ્યું હતું. પરંતુ બંગાળના સુધારકો કરતાં પ્રમાણમાં તેઓ મવાળ હતા. તે સમયના રૂઢિચુસ્ત સમાજનું સામાજિક દબાણ એટલું બધું હતું કે આપણે અગાઉ જોયું તેમ શરૂઆતમાં તેમાંના કેટલાક તો સમાજની ટીકાથી બચવા ખાનગીમાં મળવાનું રાખતા હતા. પાછળથી મુખ્યત્વે છાપાંઓ અને સામયિકોની ચર્ચાઓ દ્વારા વ્યક્તિગત કે નાનાં જૂથોમાં રહીને સુધારા તરફી જનમત કેળવવા ઉપર ધ્યાન આપવા માંડ્યું. પરંતુ સમગ્ર મુંબઈ ઇલાકાને કે ભારત દેશને આવરી લેતી સર્વગ્રાહી અને વ્યાપક સુધારાની ઝુંબેશ ઊભી થવા પામી નહોતી. (Heimasath ૧૯૬૪).

આ સંદર્ભે બીજી નોંધપાત્ર હકીકત એ હતી કે મુંબઈ ઇલાકાના આ સુધારકો બૌદ્ધિક અભિગમના સમર્થક હોવા છતાં તેમાંના કેટલાક ચુસ્ત હિન્દુ હતા અને મહદંશે હિન્દુ ધર્મની મર્યાદાઓમાં રહીને જ સુધારા કરવાનું માનતા હતા. તેઓ સ્ત્રીઓ અંગેના પ્રશ્નો ઉઠાવતા પણ તેમની ચળવળમાં સ્ત્રીઓની સંડોવણી નહોતી (Thakkar ૧૯૯૭). આમ એક

રીતે તેઓ આધુનિક વિચારસરણીના અમુક અંશે સમર્થક હતા, પરંતુ તેમને આધુનિકતાને સંપૂર્ણપણે વરેલા ક્રાંતિકારી સુધારકો કહી શકાય નહીં. આ સમયના મોટા ભાગના સુધારકોનો ઝોક આધુનિકતા અને પરંપરાના સમન્વય ઉપર હતો. પરિણામે તેઓમાં સુધારા કે સામાજિક પરિવર્તન પ્રત્યે સુધારાવાદી અને રૂઢિગત વલણો એક સાથે પ્રવર્તતાં હતાં જેને કારણે એક પ્રકારની દ્વિધાભાવ (ambivalence) રહેતો. તેથી તો તેમાંના નર્મદ જેવા કેટલાક સુધારકો પાછળથી રૂઢિવાદી બની ગયા હતા તો કેટલાકે તેમણે કરેલ સુધારા માટે રૂઢિવાદી તત્ત્વોના દબાણ હેઠળ પ્રાયશ્ચિત્ત પણ કર્યું હતું.

આ સંદર્ભે ત્રીજી નોંધપાત્ર બાબત એ પણ છે કે તેમની સુધારાની ચળવળનું કાર્યક્ષેત્ર માત્ર શિક્ષિત ભદ્રવર્ગ પૂરતું જ મર્યાદિત હતું. જ્યોતિબા ફૂલે જેવા જ્વલંત અપવાદો બાદ કરતાં મોટા ભાગના સુધારકોએ નિમ્ન કે મધ્યમ જ્ઞાતિઓ, દલિતો, અને આદિવાસી જેવા પ્રમાણમાં અવિકસિત સમુદાયોના પ્રશ્નો ઉપર કોઈ ખાસ ધ્યાન આપ્યું નહોતું. વિશાળ વસતિ ધરાવતા ગ્રામ સમુદાયોના લોકોનાં મનોવલણો કે વ્યવહારમાં પણ આધુનિક મૂલ્યોની પ્રમાણમાં ખૂબ જ ઓછી અસર થઈ હતી. અલબત્ત, રૈયતવારી જેવી પ્રથાથી નાણાંને પ્રાધાન્ય આપતી તથા વ્યક્તિવાદી સંસ્કૃતિનો વિકાસ થયો. પરંતુ તેથી ધીરધારનો ધંધો કરતા વણિકોને જ ફાયદો થયો અને ગામડાંમાં પહેલાં જે જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચે એકતા અને સુલેહ-સંપ પ્રવર્તતાં હતાં તેનો લગભગ અંત આવી ગયો (Kumar ૧૯૬૮ : ૩૧૮-૩૩૨).

### ૧૯મી સદીનો ઉત્તરાર્ધ (૧૮૫૮થી ૧૯૦૦)

૧૮૫૭ના વિપ્લવ પછી બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના રાજ્યનો અંત આવ્યો અને તેના કબજા હેઠળનું મુંબઈ ઇલાકા સહિતનું સમગ્ર ભારત ૧૮૫૮ની પાર્લામેન્ટના કાયદા પ્રમાણે (Act of Parliament of ૧૮૫૮) બ્રિટિશ તાજના અધિકારમાં આવી ગયું. અને ૧૯મી સદીના ઉત્તરાર્ધની શરૂઆત થઈ. આ સંદર્ભે, ઉપર કરેલી ૧૯મી સદીના પૂર્વાર્ધની ચર્ચા મુજબ, પહેલાં આ સમયની બ્રિટિશ સરકારની નીતિઓની સમીક્ષા કરીશું અને ત્યારબાદ આ નીતિઓના અનુસંધાનમાં આવેલી ઇલાકાના લોકોની પ્રતિક્રિયાની ચર્ચા કરીશું.

### સરકારની પ્રત્યાઘાતિ (reactioinary) નીતિઓ

મુંબઈ ઇલાકામાં ૧૮૫૮ પછી અંગ્રેજ હકૂમતે થોડાંઘણાં વિકાસનાં કાર્યો ચાલુ તો રાખ્યાં હતાં. જેમ કે મુંબઈ જેવા ઝડપથી વિકાસ પામતા શહેરમાં વસતા લોકોને આધુનિક જરૂરિયાતો પૂરી પાડવા ૧૮૭૨માં બૉમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્થાપના કરવામાં આવી. લોકો માટે વાહનવ્યવહારની સગવડો વધી, બાગ-બગીચાઓ બન્યા વગેરે.

પરંતુ ૧૮૫૭ના વિપ્લવ પછી બ્રિટિશ રાજ્યકર્તાઓની ભારત પ્રત્યેની નીતિમાં પણ આમૂલ પરિવર્તન આવ્યું. ૧૯મી સદીના પૂર્વાર્ધમાં કેળવણીને અને ભણેલા ગણેલા ભારતીયોને બ્રિટિશ રાજ્યકર્તાઓ દ્વારા જે ઉત્તેજન મળતું હતું તે બંધ થયું. સદીના ઉત્તરાર્ધમાં ભણેલા વર્ગમાં વધતી જતી રાજકીય જાગૃતિને કારણે બ્રિટિશરો આ વર્ગ તરફ અવિશ્વાસની દૃષ્ટિએ જોવા લાગ્યા અને તેમના પ્રત્યે અસહિષ્ણુ બનતા ગયા. આ ભણેલા વર્ગમાંના કેટલાકને સરકારી પદોથી લલચાવી બ્રિટિશ રાજ્ય પ્રતિ વફાદાર થવા તેઓ પ્રોત્સાહન આપવા લાગ્યા અને તે રીતે ભણેલા હિંદીઓમાં ભાગલા પાડવા લાગ્યા.

આ ઉપરાંત, ભારતમાં અને વિશ્વમાં પોતાની સત્તાને મજબૂત કરવા માટે મથી રહેલી બ્રિટિશ સરકારે યુદ્ધો માટે લશ્કર અને અમલદારશાહીને મજબૂત કરવા અતિશય ખર્ચ કરવા માંડ્યો અને કેળવણી કે બીજી સામાજિક સેવાઓની ઉપેક્ષા કરવા માંડી. જે કેળવણીથી પશ્ચિમની આધુનિક સંસ્કૃતિનો પ્રસાર થતો હતો તે કેળવણીની સંસ્થાઓને મળતી સરકારી આર્થિક સહાય નહીંવત કરીને તેમને માત્ર બ્રિટિશ રાજ્ય માટે જરૂરી નોકરો પેદા કરવાની સંસ્થાઓ બનાવી દીધી. પરિણામે હિંદના યુવાનોનો એક વર્ગ પાશ્ચાત્ય કેળવણી લઈને આધુનિક મૂલ્યો તરફ આકર્ષાયો હતો તથા આધુનિક બૌદ્ધિક અભિગમની તરફેણ કરીને સમાજમાં જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરતો થયો હતો અને જે વર્ગ ૧૮૫૭ના વિપ્લવથી પણ દૂર રહ્યો હતો તે જ પ્રગતિશીલ વર્ગની વિરુદ્ધ જાણે કે સામ્રાજ્યવાદી બ્રિટિશ સરકારની તાકાત કામે લાગી. બ્રિટિશરોને ૧૮૫૭ના વિપ્લવ પાછળનાં અનેક કારણોમાંનું એક તેમની સતી પ્રથા નાબૂદ કરવા અને વિધવા વિવાહને પ્રોત્સાહન આપવા જેવી સામાજિક સુધારાની નીતિ પણ લાગી. તેથી તેઓએ ૧૯મી સદીના પૂર્વાર્ધમાં અપનાવેલી સામાજિક સુધારાને ઉત્તેજન આપવાની નીતિ પણ છોડી દીધી.

આમ ૧૯મી સદીના પૂર્વાર્ધમાં ભારતનું આધુનીકરણ કરવાના જે થોડા ઘણા પ્રયત્નો થતા હતા તે તો મંદ થયા પણ તેને બદલે યથાસ્થિતિવાદી અને પ્રતિક્રિયાવાદી (reac-

tionary) નીતિઓને પ્રોત્સાહન મળ્યું. ૧૮૫૭ના વિપ્લવ પછી અંગ્રેજ સરકારે જુદી જુદી નીતિઓ દ્વારા જમીનદારો, તાલુકાદારો, અને દેશી રજવાડાંઓના વડાઓને પંપાળીને તેમની વફાદારી પોતાના તરફી કરી દીધી અને તેમને બ્રિટિશ હકૂમતના આડતિયા જેવા જ બનાવી દીધા. એટલું જ નહીં તેમની 'ભાગલા પાડો અને રાજ્ય કરો'ની નીતિને કારણે જુદી જુદી કોમોને, ખાસ કરીને હિન્દુઓ અને મુસલમાનોને એકબીજા વિરુધ્ધ લડાવવાની નીતિએ જોર પકડ્યું.

પહેલાં તો ઔપચારિકતા ખાતર પણ અંગ્રેજો કહેતા કે તેમનો હેતુ ભારતના વતનીઓની તાલીમ આપી તેમને સ્વશાસન માટે તૈયાર કરવાનો હતો. જેથી સમયાંતરે ભારતીયોને તેમના દેશની સત્તા સોંપી શકાય. પરંતુ ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં તો તેઓ ખુલ્લેઆમ કહેવા લાગ્યા કે હિંદના વતનીઓ તેમની પરંપરાગત સંસ્કૃતિને કારણે સ્વરાજ્ય માટે હજુ પરિપક્વ થયા નથી અને તેથી તેમના ઉપર બ્રિટિશરોએ અનિશ્ચિત સમય સુધી રાજ્ય કરવું પડશે.

જોકે ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં ઇલાકામાં આધુનિક વહીવટી તંત્ર અને ન્યાય તંત્ર છેક જિલ્લા કક્ષા સુધી પ્રસર્યું હતું. વહીવટની સરળતા માટે સત્તાનું વિકેન્દ્રીકરણ કરવા વાસ્તે મ્યુનિસિપાલિટીઓ તથા ડિસ્ટ્રિક્ટ બોર્ડ જેવી સંસ્થાઓ સ્થાનિક કક્ષાએ કેળવણી, સ્વાસ્થ્ય, પાણી વગેરે બાબતો પૂરી પાડવાની જવાબદારી તેમને હસ્તક સોંપી તે અંગે સ્થાનિક લોકો પાસેથી કરવેરા ઉઘરાવવાની સત્તા પણ આપી હતી. અને આ સંસ્થાઓનો વહીવટ ચૂંટાયેલા અને સરકાર દ્વારા નિયુક્ત સભ્યો દ્વારા થાય તેવી વ્યવસ્થા ઊભી કરી હતી. પણ તેમનું નિયંત્રણ સરકાર દ્વારા જ થતું. તેથી આવી સંસ્થાઓ ખાસ સ્વાયત્તતા વિનાની સરકારના વિભાગો જેવી જ બની રહી. વહીવટની બધી જ જવાબદારી અને સત્તા અંગ્રેજોના પ્રભુત્વવાળી 'ઇન્ડિયન સિવિલ સર્વિસ' (Indian Civil Service- ICS)ના અધિકારીઓમાં જ કેન્દ્રિત કરી. ભારતીયો માટે આ 'ઇન્ડિયન સિવિલ સર્વિસ'માં જોડાવાનું અનેક કારણોસર દુષ્કર બનાવી દીધું. સરકારના બીજા વિભાગોમાં પણ અંગ્રેજ અધિકારીઓ ટોચનાં અને વધુ પગારવાળાં સ્થાને બિરાજતા.

બ્રિટિશ અર્થતંત્રને મજબૂત કરવા અને બ્રિટનનાં ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે ભારતના ઔદ્યોગીકરણની ઉપેક્ષા કરી. આમ છેક પહેલા વિશ્વયુદ્ધ પછી માત્ર કોલસાની ખાણો, રેલવે, ટેક્ષ્ટાઈલ, અને શણ જેવા મુખ્ય ઉદ્યોગો સિવાય બીજા ખાસ કોઈ ઉદ્યોગોનો ભારતમાં વિકાસ ન થયો. અલબત્ત, તેની પાછળ અંગ્રેજોની નીતિઓ ઉપરાંત ભારતની પારંપારિક સંસ્કૃતિ પણ કંઈક અંશે જવાબદાર હતી (Myers and Kannappan ૧૯૭૦ pp. ૩૬-૮૬; Streehkerk ૧૯૯૭). તેમ છતાં ૧૯ સદીના અંત સુધીમાં કાપડ મિલોનો સારો એવો વિકાસ થયો હતો. સદીના અંત સુધીમાં ઇલાકામાં મુંબઈ, અમદાવાદ, અને ખાનદેશ વગેરે થઈને ચારસો ઉપરાંત મિલો હતી. જેમાંની લગભગ પંચોતર ટકા જેટલી મિલો મુંબઈ શહેરમાં હતી. આ ઉપરાંત અમદાવાદ, સુરત, યેવલા, નાસીક, થાણા, અને મુંબઈના થઈને લગભગ બે લાખ જેટલા હસ્ત-વણાટના કારીગરો હતા. સદીના અંતે ઇલાકામાં રેલવે વ્યવહાર આશરે આઠ હજાર કિલોમીટરથી વધુ વિસ્તારમાં પ્રસર્યો હતો. કેળવણીના ક્ષેત્રે પણ સારી એવી પ્રગતિ થઈ હતી. રજવાડાંઓએ પણ સરકારી કેળવણીની પદ્ધતિ અપનાવી હતી.

## ઇલાકાના લોકોનો દ્વિધાભાવી (ambivalent) પ્રતિભાવઃ રાષ્ટ્રવાદ અને પુનરુત્થાનવાદી (revavivalistic) વિચારસરણીનો પ્રભાવ

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં પણ અનેક સુધારકો દ્વારા સુધારાની ચળવળો તો ચાલુ રહી. તેમાં ૧૮૬૭માં થયેલી 'પ્રાર્થના સભા'ની સ્થાપના વિશેષ ઉલ્લેખનીય છે.

પરંતુ બ્રિટિશરોની ભારત વિરોધી નીતિઓ જેમ જેમ લોકોના ધ્યાનમાં આવતી ગઈ તેમ તેમ તેનો વિરોધ પણ પ્રબળ થવા માંડ્યો. ૧૮૬૦માં આવક વેરાની નાબુદી માટે અને ૧૮૬૭માં લાઇસન્સ વેરાની નાબૂદી માટે આંદોલન થયું. લોકોની સમસ્યાઓની રજૂઆત સરકાર સમક્ષ કરવા ૧૮૬૭માં 'પૂના ઓસોસિએશન' નામની સંસ્થા સ્થપાઈ જે ૧૮૭૦ પછી 'પૂના સાર્વજનિક સભા' તરીકે ઓળખાવા લાગી. આ સંસ્થામાં મહાદેવ ગોવિંદ રાનડે જેવા આગેવાનો કાર્યરત હતા. ઉપરાંત આ સમય દરમિયાન સ્વદેશી માલના વપરાશ માટે પણ જાગૃતિ આણવાના પ્રયત્નો શરૂ થયા. આ સંદર્ભે ૧૮૬૭માં સ્વદેશી માલના આગ્રહ માટે સુરત, ભરૂચ, અમદાવાદ જેવાં શહેરોમાં સંસ્થાઓ સ્થપાઈ. ૧૮૭૧થી મોટાં શહેરોમાં પ્રજામાં રાજકીય જાગૃતિ લાવવા માટે 'પ્રજા સમાજ' નામનાં મંડળો સ્થપાવા માંડ્યાં. જોકે આ મંડળો ટૂંકજીવી હતાં છતાં લોકોમાં આવેલી નવી રાજકીય જાગૃતિ દર્શાવતાં હતાં. ભારતના મિલ ઉદ્યોગનાં હિતોની રક્ષા માટે ૧૮૫૭માં 'ધ

બૉમ્બે મિલ ઓનર્સ ઓસોસિએશન'ની સ્થાપના થઈ હતી. આ સમયગાળા દરમિયાન સિવિલ સર્વિસ અને અન્ય સરકારી નોકરીઓમાં ભારતીયોની થતી અવગણના અને યુરોપિયન્સ તથા એંગ્લો ઇન્ડિયન્સને મળતી પ્રાથમિકતા વિરુદ્ધ પણ જનમત ઊભો થઈ રહ્યો હતો. આ લોકમતને વાચા આપવા સુરેન્દ્રનાથ બેનર્જીએ ઝુંબેશ ઉપાડી અને મુંબઈ ઇલાકામાં પણ તે અંગે સભાઓ ભરી. પાશ્ચાત્ય કેળવણી, સાહિત્ય, અને વિચારધારાના પ્રસારને કારણે સમાજના અગ્રેસર ગણાતા ભણેલા-ગણેલા વર્ગમાં રાષ્ટ્રાભિમાન અને દેશની આઝાદીની ઝંખના પ્રબળ બની. સ્વામી દયાનંદ સરસ્વતીએ ૧૮૭૫માં આર્યસમાજની રાજકોટમાં સ્થાપના કરી. અલબત્ત, સામાજિક અને ધાર્મિક સુધારા ઉપરાંત આર્યસમાજનો મુખ્ય ધ્યેય ભારતની વૈદિક પરંપરા પુનર્જીવિત કરવાનો તથા પુરાતન સંસ્કૃતિના પુનરુત્થાન (revival)નો હતો. જોકે આ ચળવળ પંજાબ સિવાય બીજા પ્રદેશોમાં પ્રચલિત ન બની. પણ મુંબઈ ઇલાકામાં તેના કેટલાક સમર્થકોમાં રાનડે અને ગોપાલ હરિ જેવા આગેવાનો પણ હતા. આ ઉપરાંત, ૧૮૮૨માં 'પ્રજા હિતવર્ધક સભા'ની આગેવાની હેઠળ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સ્થાનિક લોકોનું પ્રતિનિધિત્વ વધારવા સફળ આંદોલન શરૂ થયું હતું. ૧૮૮૪માં અમદાવાદમાં 'ગુજરાત સભા'ની સ્થાપના થઈ. (Rajyagor ૧૯૮૨ pp.૪૩૭-૩૯).

ગ્રામ-અર્થતંત્રના તૂટવાને પરિણામે અસંખ્ય લોકો દારુણ ગરીબીમાં ધકેલાઈ ગયા હતા. તેથી દાદાભાઈ નવરોજી અને આર.સી. દત્ત જેવા વિચારકો એવા નિશ્ચય પર આવ્યા હતા કે પરદેશી હકૂમતની ધૂંસરીમાંથી મુક્ત થવાથી જ દેશના આવા પ્રશ્નોનો હલ થશે. તેથી મુંબઈ ઇલાકામાં ૧૯મી સદીના ઉત્તરાર્ધના અંત સુધીમાં દાદાભાઈ નવરોજી, ન્યાયમૂર્તિ રાનડે, લોકમાન્ય ટિળક જેવા અનેક નેતાઓએ છાપાંઓ અને સામયિકો દ્વારા તથા સભાઓ અને પ્રવચનોનું આયોજન કરીને રાષ્ટ્રવાદી ચળવળના પ્રચાર માટે અથાગ પ્રયત્નો કર્યા. જેને પરિણામે ઇલાકામાં લોકજાગૃતિનો એક મોટો જુવાળ ઊભો થયો જે અંતે આઝાદીની ચળવળમાં પરિણમ્યો (Heimsath ૧૯૬૪, pp.૧૩૧-૧૪૬).

રાષ્ટ્રવાદીઓ ધાર્મિક અને સામાજિક સુધારકો પણ હતા. પરંતુ લોકમાન્ય ટિળકની રાજકીય સુધારાને પ્રાથમિકતા આપવાની ઝુંબેશને કારણે તથા અન્ય ઉગ્રવાદીઓની ગતિવિધિઓને પરિણામે ભારતની આઝાદીની આગળ સામાજિક સુધારાના બીજા બધા મુદ્દા આંતરિક અને ગૌણ થઈ ગયા. વળી સામાજિક સુધારણા માટે સુધારકોને પોતાના સમાજના જ બહુમતી રૂઢિચુસ્ત લોકો સાથે સંઘર્ષમાં ઊતરવું પડતું હતું જે બ્રિટિશ રાજ્યની સામે લડવા કરતાં અનેક રીતે મુશ્કેલ અને પીડાદાયક હતું. તેથી અંગ્રેજો પાસેથી આઝાદી મેળવ્યા પછી આ બધા મુદ્દાઓ ઉપર ધ્યાન આપી શકાશે એવું વલણ ઊભું થયું. વળી તેમાંના કેટલાક નેતાઓની દૃષ્ટિએ બ્રિટિશરોને ભારતમાંથી હાંકી કાઢવાની રાષ્ટ્રવાદી ચળવળને પ્રબળ બનાવવા અને લોકોમાં આત્મવિશ્વાસ ઊભો કરવા માટે દેશપ્રેમની ભાવના ફેલાવવા માટે પશ્ચિમની સંસ્કૃતિની વિરુદ્ધ ભારતની પુરાતન સંસ્કૃતિના ગૌરવને પુનર્જીવિત કરવું જરૂરી હતું. તેથી તેઓએ અંગ્રેજી ભાષા વિરુદ્ધ ભારતીય ભાષાઓને મહત્ત્વ આપવા માંડ્યું. પશ્ચિમની વેશભૂષા, જીવનશૈલી, રહેણીકરણી વગેરેને સ્થાને સ્વદેશી ઉત્પાદનો અને ભારતીય જીવનશૈલીને મહત્ત્વ આપવા લાગ્યું. આમ દેશપ્રેમ અને રાષ્ટ્રવાદના અતિરેકને કારણે બે પરિણામો આવ્યાં. એક તો 'પ્રાચીન ભારતીય સંસ્કૃતિ જ વિશ્વની સર્વોત્તમ સંસ્કૃતિ છે' એવી મિથ્યાભિમાની ગૌરવની લાગણી સમાજના કેટલાક વર્ગોમાં પેદા થઈ. અને બીજું કંઈક અંશે એની પ્રતિક્રિયારૂપે મુસ્લિમ રાષ્ટ્રવાદનો ઉદય થયો. જેનાં પરિણામો આજે પણ ભારતીય સમાજમાં જોઈ શકાય છે.

## IV

## ઉપસંહાર

આમ, ૧૯મી સદીમાં ભારત અને ખાસ કરીને તેના બંગાળ અને મુંબઈ ઇલાકા જેવા વિસ્તારોમાં જે પરિવર્તનો આવ્યાં તે એક નવજાગૃતિ (renaissance) હતી એવી કેટલાક વિદ્વાનોની માન્યતા સામે એક મોટો પ્રશ્નાર્થ ઊભો થાય છે અને તે માન્યતા વિવેચનાત્મક સમીક્ષા માંગી લે છે.

કારણ કે, આપણે ઉપર જોયું તેમ, મુંબઈ ઇલાકામાં આધુનીકરણની શરૂઆત ૧૯મી સદીના બીજા દાયકામાં થઈ. પરંતુ ઇલાકાના બધા પ્રદેશો એક સાથે અંગ્રેજોના કબજામાં આવ્યા નહોતા. તેથી મુંબઈ શહેર જેવા જે પ્રદેશો અંગ્રેજોની પાશ્ચાત્ય સંસ્કૃતિની સીધી અને સઘન અસર હેઠળ વહેલા આવ્યા અને લાંબા વખત સુધી રહ્યા ત્યાં આધુનીકરણની અસર વધુ વરતાઈ. ત્યાર બાદ ઇલાકાનાં સુરત, અમદાવાદ, પૂના જેવા તે વિસ્તારનાં મુખ્ય વહીવટી મથકો જેવાં શહેરો ઉપર પણ આ સંસ્કૃતિની અસર અન્ય નાના કસબાઓ કરતાં

પ્રમાણમાં વધુ પડી.

વળી મોટી વસ્તી ધરાવતો ઇલાકાનો વિશાળ પ્રદેશ, જેમાં ગ્રામ સમુદાય, રજવાડાં, અને દુર્ગમ વિસ્તારોમાં રહેતા વનવાસીઓનો સમાવેશ થતો હતો, અંગ્રેજોની પાશ્ચાત્ય સંસ્કૃતિના સીધા સંપર્કમાં નહોતો આવ્યો. તેથી ત્યાં તે સંસ્કૃતિની અસર પ્રમાણમાં ઘણી ઓછી પડી. આમ ભૌગોલિક રીતે પણ આધુનિક સંસ્કૃતિની અસર સમગ્ર ઇલાકામાં સપ્રમાણ ન થઈ શકી.

તદુપરાંત એક નોંધપાત્ર હકીકત એ પણ છે કે ઇલાકાના બધા વિસ્તારોનો રાજકીય, આર્થિક, કે સામાજિક ઇતિહાસ જુદો જુદો હતો. વળી દરેક પ્રદેશમાં પણ ઘણી આંતરિક વિવિધતા હતી. જેમ કે ગુજરાતમાં કચ્છ, કાઠિયાવાડ, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત, પંચ મહાલ્સ વગેરે પ્રદેશો સામાજિક અને રાજકીય રીતે વિભિન્ન હતા. તેથી અનેક કારણો સર આધુનીકરણની જેટલી અસર દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં થઈ તેટલી અસર ગુજરાતના બીજા પ્રદેશોમાં ના થઈ.

સંસ્કૃતિની દૃષ્ટિએ પણ મુંબઈ ઇલાકામાં ઘણી વિવિધતા હતી. તેમાં હિંદુ, મુસ્લિમ, પારસી, ખ્રિસ્તી, યહૂદી જેવા વિવિધ ધર્મોના લોકો  રહેતા હતા. ઉપરાંત આજના યમનમાં આવેલ એડનને બાદ કરતાં તેમાં મરાઠી, ગુજરાતી, કોંકણી, અને સિંધીભાષી એમ ચાર મુખ્ય ભાષાકીય પ્રદેશોનો સમાવેશ થતો હતો. તેમની પરંપરાઓ અને રીત-રિવાજો અલગ અલગ હતા. આમ સંસ્કૃતિની દૃષ્ટિએ પણ ઇલાકો એક ભાતીગળ વિસ્તાર હતો. તેને કારણે પણ અંગ્રેજો દ્વારા દાખલ કરાયેલી આધુનિક સંસ્કૃતિનો સ્વીકાર સમાજના જુદાં જુદાં જૂથોમાં એકસરખો નહોતો. દાખલા તરીકે મુંબઈ જેવા શહેરી વિસ્તારોમાં વસતા ખ્રિસ્તી ધર્મ પાળનારા અને પારસી લોકોએ આધુનિક સંસ્કૃતિનો પ્રમાણમાં સૌથી પહેલાં અને સૌથી વધુ સ્વીકાર કર્યો હતો. શહેરી વિસ્તારોમાં પણ ભદ્ર વર્ગના જે લોકો પાશ્ચાત્ય કેળવણી પામ્યા તેઓ આ સંસ્કૃતિના રંગે પ્રમાણમાં વધુ રંગાયા, પરંતુ રૂઢિચુસ્ત હિંદુ બ્રાહ્મણો, મુસલમાનો, અને સ્ત્રીઓ ઉપર આ સંસ્કૃતિની અસર સીમિત રહી.

અંગ્રેજી કેળવણીના પરિચયમાં આવેલો ઇલાકાનો પ્રબુદ્ધ વર્ગ ખૂબ નાનો હતો અને શહેરી વિસ્તારો તથા ઉચ્ચ જ્ઞાતિઓ પૂરતો જ સીમિત હતો. તદુપરાંત મુંબઈ ઇલાકાના આ વર્ગના સુધારકો બૌદ્ધિક અભિગમના સમર્થક હોવા છતાં મહદંશે હિન્દુ ધર્મની મર્યાદાઓમાં રહીને જ સુધારા કરવાનું માનતા હતા. આમ તેઓમાં દ્વિધાભાવની વૃત્તિ રહેતી હતી. તેઓ આધુનિક વિચારસરણીના અમુક અંશે સમર્થક હતા પરંતુ આધુનિકતાને સંપૂર્ણપણે વરેલા ક્રાંતિકારી સુધારકો નહોતા. તે સમયના મોટા ભાગના ભારતીય સુધારકોનો ઝોક આધુનિકતા અને પરંપરાના સમન્વય ઉપર હતો. તેઓ સમગ્ર પ્રદેશના કે દેશના દલિતો, ગિરિજનો, સાગરખેડુઓ જેવા બીજા અનેક શોષિત અને ઉપેક્ષિત સમૂહોને આવરી લેતી સર્વગ્રાહી અને વ્યાપક સુધારાની ઝુંબેશ નહોતા ચલાવતા.

આ ઓછું હોય તેમ, આ ભદ્ર વર્ગમાં ૧૯મી સદીના પૂર્વાર્ધમાં નાના પાયા ઉપર પણ જે સામાજિક પ્રશ્નો ઉપર તાર્કિક અને વૈજ્ઞાનિક રીતે વિચારીને તેમનો મુક્ત ચર્ચાનો અને વિચાર-વિનિમય દ્વારા હલ શોધવાનો જે બુદ્ધિગમ્ય અભિગમ શરૂ થયો હતો, પશ્ચિમની કેળવણીની ઉપયોગિતાનો સ્વીકાર થયો હતો, અને પાશ્ચાત્ય સંસ્કૃતિ અને વિચારસરણી પ્રત્યે થોડી-ઘણી સહાનુભૂતિ ઊભી થઈ હતી તેનું સ્થાન સદીના ઉત્તરાર્ધમાં નવોદિત રાષ્ટ્રવાદ અને રાષ્ટ્ર ગૌરવ સાથે જોડાયેલી બ્રિટિશ રાજ્ય-સત્તા વિરોધી પ્રબળ લાગણીઓએ લીધું. અને મુંબઈ ઇલાકા સહિત સમગ્ર દેશમાં પાશ્ચાત્ય સંસ્કૃતિ વિરુદ્ધ ભારતની પ્રાચીન સંસ્કૃતિના પુનરુત્થાન માટેના પ્રયત્નોને પ્રાધાન્ય મળ્યું. તેથી બુદ્ધિવાદી નવોન્મેષની જે કાંઈ નાની અમથી ધારા શરૂ થઈ હતી તે લાગણીપ્રધાન આઝાદીની ચળવળના ધસમસતા પ્રવાહમાં વિલીન થઈ ગઈ.

આ ઉપરાંત બીજી એક નોંધપાત્ર બાબત એ હતી કે આધુનીકરણની દૃષ્ટિએ મુંબઈ ઇલાકાની ૧૯મી સદી ખૂબ જ ટૂંકી અને અલ્પજીવી હતી. અહીં પાશ્ચાત્ય આધુનિક સંસ્કૃતિનો પ્રસાર ૧૯મી સદીના પૂર્વાર્ધના બીજા દાયકાથી શરૂ થયો હતો. અને રૂઢિવાદી ભારતીય સમાજમાં વધારે પડતી ખલેલ ના પહોંચે તેની સાવધાની કંપની સરકારે રાખેલી હોવાથી તે પ્રક્રિયા અત્યંત સખળડખળ હતી. પરંતુ તેની આડઅસરને કારણે ઇલાકાના સમાજમાં એક ચેતના આવી હતી. અને કંઈક અંશે એ જ ચેતનાના પરિપાકરૂપે જન્મેલા ૧૮૫૭ના વિપ્લવ પછી બ્રિટિશ તાજનું આધિપત્ય સ્થપાયું. ત્યારબાદ ઊભી થયેલી પ્રબળ રાષ્ટ્રવાદની ભાવનાથી ચિંતિત થઈ લાંબા ગાળા સુધી પોતાનું રાજ્ય જાળવી રાખવાના ઇરાદા ખાતર બ્રિટિશ સરકારે મહદંશે યથાસ્થિતિવાદી કહી શકાય તેવી નીતિ અપનાવી. પરિણામે ભારતના આધુનીકરણની નીતિ નબળી પડી ગઈ. અને બ્રિટિશ રાજ્ય વિરોધી રાષ્ટ્રવાદને પોષક એવી પુનરુત્થાનવાદી (revavivalistic) વિચારસરણીનો પ્રભાવ વધતાં તે વધુ મોળી થઈ ગઈ.

આમ યુરોપમાં છેક નવજાગૃતિથી લઈને લાંબી ૧૯મી સદી સુધીની ૪૦૦-૫૦૦ વર્ષ ચાલેલી બૌદ્ધિક, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક પરિવર્તનોની હારમાળાના પરિણામે જે આધુનિક સમાજનો ઉદય થયો તેથી માત્ર યુરોપની જ નહીં પરંતુ સમગ્ર વિશ્વની ક્રાંતિકારી કહી શકાય તેવી કાયાપલટ થઈ હતી. તેની સરખામણીમાં મુંબઈ ઇલાકાની કે ભારતની કહેવાતી નવજાગૃતિ તો ખૂબ જ અલ્પજીવી, અછડતી, ઉપરછલ્લી, અને બ્રિટિશ હકૂમત હેઠળનાં મોટાં શહેરોમાં વસતા માત્ર મુઠ્ઠીભર ભદ્રવર્ગને જ આવરી લેતી હતી. અને તે નવજાગૃતિની જનક કહેવાતી ૧૯મી સદી પણ પ્રમાણમાં ખૂબ જ ટૂંકી હતી અને તેને પરિણામે આવેલું આધુનીકરણ ઊણપભર્યું અને અધૂરું જ રહ્યું હતું. પરિણામે, આજે પણ આપણા સમાજમાં આધુનિકતાનું પ્રમાણ ઓછુ અને પારંપારિક રૂઢિઓ, માન્યતાઓ, રીત-રિવાજો, અને જ્ઞાતિપ્રથા જેવી સદીઓ પુરાણી સામાજિક સંસ્થાઓનું વર્ચસ્વ વધુ જોવા મળે છે.

**નોંધ**

લેખક મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક અને સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના કુલપતિ હતા.

સંપર્ક : ફોન : ૦૨૬૫-૨૭૯૨૮૪૧/૩૦૧૮૮૪૧,

email: pravin૧૯૪૩@gmail.com

૧. સાહિત્ય અકાદમી; ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ; બલવંત પારેખ સેંટર, વડોદરા; અને ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ દ્વારા આયોજિત "૧૯મી સદીમાં મુંબઈ ઇલાકામાં સાહિત્ય અને અન્ય કલાઓની ગતિવિધિઓ અને બ્રુહદ સાંસ્કૃતિક સંદર્ભ" ઉપર ૨-૩ એપ્રિલ, ૨૦૧૬ દરમિયાન એચ.કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં આયોજિત સંગોષ્ઠીમાં તા. ૨-૪-૧૬ના રોજ રજૂ કરેલ લેખની આ સુધારેલી અને સંવર્ધિત આવૃત્તિ છે. આ લેખના મુસદ્દાને જોઈ જઈ ભાષાને લગતાં અને અન્ય સૂચનો કરવા બદલ હું રમણ સોની અને એ. એમ. શાહનો આભારી છું.

૨. આધુનિક ઇતિહાસકારો, સમાજશાસ્ત્રીઓ અને માનવ સંસ્કૃતિનો અભ્યાસ કરતા કેટલાક વિદ્વાનો કોઈ એક ઐતિહાસિક સમયગાળાને કાલક્રમાનુસાર (chronologically) જોવાને બદલે તેના હાર્દ સમી ઐતિહાસિક લાક્ષણિકતાઓને આવરી લેતા વિસ્તારિત (લાંબા) કે સંક્ષિપ્ત (ટૂંકા) સમય ખંડને લઈને જે તે સદીને લાંબી કે ટૂંકી સદી તરીકે ઓળખાવે છે. ઉદાહરણ તરીકે કે ઇમેન્યુઅલ વોલેર્સ્ટાઈન (૨૦૧૧) વૈશ્વિક મૂડીવાદી સમાજના ઉદયને લાંબી (વિસ્તારિત) ૧૬મી સદીમાં (૧૪૫૦-૧૬૪૦) થયેલો જુએ છે. તે જ રીતે પૉલ બેઇન્સ (૨૦૦૪) લાંબી ૧૮મી સદી (૧૬૮૮-૧૮૧૫)ની અને ગીઓવાની અરિઘી (૧૯૯૪) છસ્સો વર્ષ લાંબી વીસમી સદીની વાત કરે છે. જ્યારે હોબ્સબૉર્ન ૨૦મી સદીને ટૂંકી ૨૦મી (૧૯૧૪ and ૧૯૯૧) સદી તરીકે ઓળખાવે છે.

૩. આધુનીકરણની વિભાવનાનું સંશોધનાત્મક મૂલ્ય (heurisitc value) સામાજિક શાસ્ત્રોમાં સ્વીકારાયું હોવા છતાં આધુનીકરણના સિદ્ધાંત અંગે ઘણા મતમતાંતરો પ્રવર્તે છે. આમ તો આ સિધ્ધાંત સામાજિક વિજ્ઞાનોમાં ૧૯૫૦-૬૦ના દાયકામાં ઘણો પ્રચલિત હતો. આ સિદ્ધાંતના સમર્થક કેટલાક સમાજશાસ્ત્રીઓ ઉત્ક્રાંતિવાદના સિદ્ધાંતના પ્રભાવમાં આવીને માનતા હતા કે આધુનીકરણની પ્રક્રિયા એક સીધી લીટીમાં ગતિ કરે છે અને તેની અસર હેઠળ ભારત જેવા વિકાસશીલ પ્રદેશો પણ પશ્ચિમના વિકસિત દેશોની આધુનિક સંસ્કૃતિથી પૂરેપૂરા રંગાઈ જશે, અને તે દેશો અને પશ્ચિમના દેશોમાં કોઈ સાંસ્કૃતિક ફરક નહીં રહે (Eisenstadt ૧૯૬૬, Lerner ૧૯૫૮, Levy ૧૯૬૬). પરંતુ સમય જતાં અનુભજન્ય તથ્યોને આધારે કેટલાક સમાજશાસ્ત્રીઓએ એવું પ્રતિપાદિત કર્યું છે કે આધુનિકતા અને પરંપરા પરસ્પર વિરોધી નથી અને ઘણા સમાજોમાં તેમનું સહઅસ્તિત્વ જોવા મળે છે (Gusfield ૧૯૬૭). એટલું જ નહીં પશ્ચિમના દેશો પણ પૂરેપૂરા આધુનિક થયા છે કે કેમ તે અંગે પણ પ્રશ્નાર્થો ઊભા થયા છે (Taylor ૧૯૮૯, ૨૦૦૭). આ સંદર્ભે આધુનીકરણના સિદ્ધાંતની પ્રતિક્રિયારૂપે અનુઆધુનિકતાની વિચારસરણી પણ વિકસી છે. જ્યારે કેટલાક વિદ્વાનોના મતે હજુ પશ્ચિમના વિશ્વમાં પણ આધુનિકતાનો પૂરેપૂરો વિકાસ થયો નથી; તેની પ્રક્રિયા હજુ ચાલુ જ (Habermas ૧૯૮૧). બીજી બાજુ પોતાના આધુનિકતાના જૂના સિદ્ધાંતમાં સુધારો કરીને ઇઝનસ્ટાડ્ટ (Eisenstadt ૨૦૦૦) 'બહુવિધ આધુનિકતા'નો (multiple modernities) ખ્યાલ રજૂ કરે છે.

૪. મુખ્યત્વે યુરોપ અને અમેરિકા જેવા પાશ્ચાત્ય દેશોના ઇતિહાસનું વિશ્લેષણ કરીને હોબ્સબૉર્ન પ્રસ્થાપિત કરે છે કે આધુનિક યુગ એ મૂડીવાદી તાકાતોના વિકાસ અને સંઘર્ષોની નીપજ છે. પોતાના આ સિદ્ધાંતના સમર્થનમાં

યુરોપના આર્થિક ઇતિહાસની તેમણે ત્રણ પુસ્તકોમાં (Hobsbaun, ૧૯૬૨ ૧૯૭૫ ૧૯૮૭) વિસ્તૃત ચર્ચા કરી છે. અને તેઓ જણાવે છે કે જોકે વૈશ્વિક મૂડીવાદ, ઉદારમતવાદી રાજ્ય વ્યવસ્થા, રાષ્ટ્રવાદ, અને બુદ્ધિવાદી તથા વ્યક્તિલક્ષી વિચારસરણીનો ઉદ્ભવ તો આગળની સદીઓમાં થઈ ચૂક્યો હતો પણ પાશ્ચાત્ય સમાજનું ખરું સર્વાંગી પરિવર્તન ૧૭૮૯ અને ૧૮૪૮ની વચ્ચે થયેલ ફ્રેંચ ક્રાંતિ અને બ્રિટનમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિ એવી દ્વિવિધ ક્રાંતિથી (dual revolution) થયું. અને પછી જ્યાં જ્યાં પશ્ચિમ યુરોપના દેશોનું પ્રભુત્વ વધ્યું ત્યાં ત્યાં આ પરિવર્તનો પ્રસર્યાં. ત્યારબાદ ૧૮૪૮ અને ૧૮૭૫ વચ્ચેના સમયગાળામાં થયેલ ખાનગી સાહસિકોના વિકાસને પરિણામે ઉદ્ભવેલા ઔદ્યોગિક મૂડીવાદથી અને યુરોપિયન સંસ્કૃતિના વધતા જતા પ્રભાવથી અનેક સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યોમાં વૈશ્વિક ક્રાંતિ આવી. અને ૧૮૭૫-૧૯૧૪ દરમિયાન આ પ્રક્રિયા એક તરફ પરાકાષ્ઠાએ પહોંચી અને બીજી તરફ તેને પરિણામે મૂડીવાદી સમાજરચનામાં અને આર્થિક વ્યવસ્થામાં વિરોધાભાસો અને રાજકીય સંઘર્ષો ઊભા થયા જે અંતે ૧૯૧૪માં શરૂ થયેલા પ્રથમ વિશ્વયુદ્ધમાં પરિણમ્યા.

૫. એડનને ૧૯૩૨ અને સિંધને ૧૯૩૬માં મુંબઈ ઇલાકાથી અલગ કરી દેવામાં આવ્યાં હતાં.

૬. આ ઇલાકાની સરહદ ઉપર ઉત્તરમાં બલૂચિસ્તાન, પંજાબ, અને રાજસ્થાન; પૂર્વમાં ઇન્દોરનું રાજ્ય, મધ્યભારતના પ્રાંતો, અને નિઝામનું હૈદરાબાદ; દક્ષિણમાં મદ્રાસ ઇલાકો અને મઈસુરનું રાજ્ય; અને પશ્ચિમમાં અરબ મહાસાગર આવ્યો હતો.

૭. આ ૨૬ જિલ્લાઓમાં જેમનો સમાવેશ થતો હતો તે આ પ્રમાણે હતા : મુંબઈ શહેર, અમદાવાદ, ભરૂચ, ખેડા, પંચમહાલ, સુરત, થાણે, અહમદનગર, ખાનદેશ, નાસિક, પૂના, સતારા, શોલાપુર, બેલગાંવ, બીજાપુર, ધારવાડ, ઉત્તર કર્ણાટક, કોલાબા, રત્નાગીરી, કરાંચી, હૈદરાબાદ, શીકારપુર, થર-પારકર, અને અપર સિંધ ફ્રંટીઅર.

૮. બ્રિટનના જેરેમી બેંથામ અને જેમ્સ મિલ આ સિદ્ધાંતના પ્રણેતા હતા. અને જોહ્ન સ્ટુઅર્ટ મિલ દ્વારા એનો વિકાસ થયો હતો. બેંથામ માનતા હતા કે કોઈ પણ સરકારની નૈતિક ઉત્તમતા (virtue)નો માપદંડ તેની બહુમતી પ્રજાની સુખકારી છે. બીજા શબ્દોમાં કહીએ તો ઉપયોગિતાવાદી સિદ્ધાંત (utilitarianism) નિર્ણયોનાં પરિણામો સારાં આવવાં જોઈએ અને વધુમાં વધુ લોકોનું વધુમાં વધુ હિત થાય તેનો આગ્રહ રાખે છે. અને આ સિદ્ધાંત ઈસ્ટ ઇન્ડિયા કંપનીના ભારત ઉપર રાજ્ય કરવાના હેતુ વાસ્તે અનુકૂળ હતો.

૯. એલ્ફીન્સ્ટન મૂળ સ્કોટલૅન્ડના વતની હતા. તેઓ ૧૭૯૬થી ઈસ્ટ ઇન્ડિયા કંપનીમાં જોડાયા હતા. તેમની વારાણસી (બનારસ)માંની પહેલી નિમણૂક ગુપ્ત માહિતી એકત્રિત કરવાની હતી જેમાં તેમણે આગળ જતાં ખૂબ નિપુણતા હાંસલ કરી હતી. વારાણસી (બનારસ)માં તેમણે ભારતનો ઇતિહાસ, તેની સંસ્કૃતિ, તેના ધર્મો અને તેમનું તત્ત્વજ્ઞાન વગેરેમાં રસ કેળવ્યો અને ફારસી ઉપરાંત બીજી કેટલીક ભારતીય ભાષાઓ પણ શીખી લીધી. ઈ. સ. ૧૮૦૧માં તેમની નિમણૂક બ્રિટિશ રેસિડેંટના સહાયક તરીકે પૂનામાં થઈ હતી. ૧૮૦૪માં તેમની નિમણૂક નાગપુરમાં કરવામાં આવી હતી. ત્યારબાદ ૧૮૦૭માં થોડા સમય માટે તેમને ગ્વાલિયરમાં નીમવામાં આવ્યા હતા. પછી ૧૮૦૮થી ૧૮૧૧ દરમિયાન અફઘાનિસ્તાનમાં તેમને સોંપાયેલી જવાબદારી પૂરી થતાંની સાથે ૧૮૧૧માં તેઓને પૂનાના રેસિડેંટ નીમવામાં આવ્યા હતા, જ્યાં તેમણે ૧૮૧૭ના અંગ્રેજો અને મરાઠાઓ વચ્ચેના ખડકીના યુદ્ધમાં અંગ્રેજોને જિતાડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

૧૦. 'બુદ્ધિવર્ધક હિંદુ સભા' દ્વારા અનેક સામાજિક સમસ્યાઓ અંગે ચર્ચાઓનું આયોજન થતું અને તેમાં સુધારા અંગે નિબંધો વંચાતા. તેની સ્થાપનાના પહેલા જ વર્ષમાં (૧૮૫૧) 'સ્ત્રી-કેળવણી' અંગે નિબંધવાચન અને તેની ચર્ચાનું આયોજન થયેલું. અને તે નિબંધ તથા તે અંગે થયેલી ચર્ચાને આવરી લેતી એક છાપેલી પુસ્તિકા પણ સભાએ તે જ વર્ષે પ્રગટ કરી હતી. આ પુસ્તિકાનું પુનર્મુદ્રણ ગુજરાતી સામયિક 'અર્થાત્'ના ૧૯૮૨ ૧(૩) અંકમાં (પૃ. ૨૩૬-૨૫૧) થયું હતું.

૧૧. વિલ્સન સ્કૂલ પાછળથી વિલ્સન કૉલેજ બની હતી.

૧૨. 'ખોલાસે જાદુ'ના કેટલાંક અંકો 'અર્થાત્'ના ૧૯૮૩ના અંક ૨(૪) પૃ.૨૬૭- ૨૮૭માં પુનર્મુદ્રિત થયા છે.

૧૩. યુરોપમાં પરદેશની મુસાફરીઓ લગભગ ૧૪-૧૫મી સદીથી શરૂ થઈ ગઈ હતી જ્યારે ભારતમાં છેક ૧૯મી સદી સુધી તેના ઉપર પ્રતિબંધ હતો અને જે કોઈ આ પ્રતિબંધનો ભંગ કરે તેને પ્રાયશ્ચિત્ત કરવું પડતું હતું એ સંદર્ભે આ સુધારકોની પરદેશગમનની ચળવળ ખરેખર ક્રાંતિકારી હતી.

## References


Arrighi, Giovanni. 1994. *The Long 20th Century: Money Power and the Origin of Our times,*

London and New York: Verso.

Baines, Paul. 2004. *The Long 18th Century*, London: Arnold.

Blackbourn, David. 1997/2003. *History of Germany 1780-1918: The Long Nineteenth Century*, MA etc.: Blackwell Publishing

Dalapatram. 1887/ 1982. "Gnyaati Nibandha" (in Gujarati), *Arthat*, 1(4), pp. 311-332.

Dasgupta, Subrata. 2009. *The Bengal Renaissance: Identity and Creativity from Rammohun Roy to Rabindranath Tagore*, New Delhi: Permanent Black

- - - - 2011. *Awakening: The Story of the Bengal Renaissance.* Noida: Random House Publishers Pvt. Ltd.

Davis, Kingsley. 1951. *Population of India and Pakistan*, New York: Russell & Russell

Desai, Neera. 1964. *Gujarati Society in Nineteenth Century: An Analysis of Social Change*, Unpublished Ph.D. Thesis, M.S. University of Baroda, Vadodara

Eisenstadt, Shmuel N. 1966. *Modernization: Protest and Change*, Englewood Cliffs, NJ: Prentice-Hall.

- - - - 2000. Multiple Modernities, *Daedalus*, 129:1, 1—29. Retrieved from .http://wsblog.iash.unibe.ch/wp-content/uploads/Eisenstadt_Multiple-Modernities.pdf accessed on 12 June 2016.

Elphinstone, Mountstuart. 1824. Minute on Education by Mountstuart Elphinstone, March 1824. In Forrest, George W. (Ed.) *Selections from the Minutes and Other Official Writings of the Honourable Mountstuart Elphinstone*, London: Richard Bentley and Son, 1884, 79-116. Retrieved from http://www.sdstate.edu/proiectsouthasia/loader.cfm?csModule=security/getfile&PageID=854 226, accessed on 28 June 2016.

Farouqui, Amar. 1996. Urban Development in Colonial Situation: Early Nienteenth Century Bombay, *Economic and Political Weekly*, 31 (40), pp. 2746-59.

Gildea, Robert. 2008. *Children of the Revolution: The French 1799-1914*, London etc.: Penguin/ Allen Lane

Guha, Amalendu.1970. The Comprader Role of Parsi Seths, 1750-1850. *Economic and Political Weekly*, 5(48), pp.1933-1936.

Gusfield, Joseph R. 1967. Tradition and Modernity: Misplaced Polarities in the Study of Social Change, *American Journal of Sociology*, 72 (4), pp.351—362.

Habermas, Jurgen. 1981. Modernity versus Postmodernity, *New German Critique*, No. 22 pp. 3-14 (translated by Seyla Ben-Habib) retrieved from http://www2.warwick.ac.uk/fac/soc/sociology/staff/robertfine/home/teachingmaterial/sociologyofmodernity/readings/modernity_versuspostmodernity habermas.pdf acced on 12 March 2016.

Heimsath, Charles. 1964. *Indian Nationalism and Hindu Social Reform.* Princeton N.J.: Princeton University Press

Hobsbaun, Eric. 1962. *The Age of Revolution: 1789-1848*, London: Abacus

- - - -1975. *The Age of Capital: 1848-1875*, London: Abacus

- -- - 1987. *The Age of Empire: 1875-1914*, London: Abacus

Kaiwar, Vasant. 1994. The Colonial State, Capital and Peasantry in Bombay Presidency, *Modern Asian Studies*, 28 (4), pp.793-832.

Kumar Ravinder. 1968. *Western India in the 19th Century: A Study in Social History of Maharashtra*, London: Routledge and Kegan Paul & Toronto: University of Toronto Press

Lerner, Daniel. 1958. *The Passing of Traditional Society: Modernizing the Middle East*, Glencoe: Free Press.

Levy, Marion J. Jr. 1966. *Modernization and the Structure of Societies*, Princeton: Princeton University Press.

Madan, T.N. 1987. *Non-Renunciation: Themes and Interpretations of Hindu Culture*, Delhi etc.:

Oxford University Press

- - - - 1989. *Family and Kinship: A Study of the Pandits of Rural Kashmir,* (Second Enlarged Edition), New Delhi: Oxford University Press.

Majumdar R.C.2002. *The History and Culture of the Indian People: Volume 9: British Paramountcy and Indian Renaissance,* Part I, Bombay: Bharatiya Vidyabhavan

- - - - 2007. *The History and Culture of the Indian People: Volume 10: British Paramountcy and Indian Renaissance,* Part II, Bombay: Bharatyiya Vidyabhavan

Myers, Charles and Subbiah Kannappan. 1970. *Industrial Relations in India,* Bombay etc.: Asia Publishing House

Plaselia Jesse S. 2001. *The Parsis of India : Preservation of Identify in Bombbay City, leiden etc: Brill.*

Panikkar K.N. 2011. "Was there a renaissance?", *Frontline,* 28 (5), Retrieved from *http://www.frontline.in/static/html/f12805/stories/20110311280511100.htm,* accessed on 23 March 2016.

Rajyagor, S.B. 1982. *History of Gujarat,* New Delhi: S. Chand & Company Ltd.

Rudolph, Lloyd I. and Susanne Hoeber Rudolph. 1967. The *Modernity of Tradition: Political Development in India,* Chicago & London: The University of Chicago Press.

Stearns, Peter N. ND. Rethinking the Long 19th Century in World History: Assessments and Alternatives, *FORUM:The Question of Historical Perspective in World Historical Analysis World History Connected* http://worldhistoryconnected.press.illinois.edu/9.3/forum_stearns.html, accessed on 23 March 2016.

Streehkerk, Hein. 1997. Gujarati Entrepreneurship: Historical Continuity Against Changing Perspecetives, *Economic and Political Weekly,* 32(8), pp. M2-M10.

Singer, Milton. 1959. *Traditional India: Structure and Change,* Philadelphia: American Folklore Society.

Singh, Yogendra. 1973. *Modernisation of Indian Tradition: A Systematic Study of Social Change,* Faridabad: Thomson Press (India) Limited.

- - - -1978. *Essays on Modernization in India,* Delhi: Manohar

Srinivas, M. N. 1962. *Caste in Modern India and Other Essays,* Bombay: Asia Publishing House.

- - - -1966. *Social Change in Modern India,* Bombay: Allied Publishers.

Singh, Hulas. 2016. *Rise of Reason: Intellectual History of 19th-century Maharashtra,* Oxon: Routledge.

Taylor, Charles. 1989. *Sources of the Self: The Making of the Modern Identity,* Cambridge etc.: Cambridge University Press.

- - - - 2007. *A Secular Age,* Cambridge and London: The Belknap Press of Harvard University.

Thakkar, Usha. 1997. Pupets on Periphery: Women and Social Reform in 19th Cerntury Gujarat, *Economic and Political Weekly,* 32 (1-2) pp. 46-52.

Yagnik, Achyut and Suchitra Sheth. 2005. *The Shaping of Modern Gujarat: Plurality, Hindutva and Beyond.* New Delhi: Penguin Books.

Wallerstein, Immanuel. 2011. *The Modern World-System I: Capitalist Agriculture and the Origins of the European World-Economy in the Sixteenth Century,* With a New Prologue, Berkeley: University of California Press.

Weber, Max. 1922/2015. "Bureaucracy" in *Weber's Rationalism and Modern Society: New Translations on Politics, Bureaucracy, and Social Stratification,* translated and edited by Tony Waters and Dagmar Waters, New York: Palgrave-Macmillan, P. 114

# ગ્રંથસૌરભ

**મણિભાઈ પ્રજાપતિ**

**ડૉ. હર્ષદેવ માધવ અભિનંદનગ્રન્થ : ૧. आधुनिक संस्कृत की नई दिशाएं. ૨. આધુનિકતાની ઔપનિષદિક અનુભૂતિઓ : ૩. સર્જકતાનાં મેઘધનુષી શિખરો** / સંપા. ડૉ. અશોક પટેલ, ડૉ. રવીન્દ્ર ખાંડવાળા, ડૉ. ભરત પરમાર, ડૉ. ઉર્વિ પી. દવે વગેરે. અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન, ૨૦૧૫-૨૦૧૬. ૩ ખંડ (૩૪૦, ૨૫૫, ૨૮૦ પૃ.) કિંમત રૂ. ૬૦૦ + ૨૫૫+૨૭૫ ISBN : ૯૭૮-૯૩-૫૧૦૮-૪૪૦-૨; ૯૭૮-૯૩-૫૧૦૮-૪૪૪-૦; ૯૭૮-૯૩-૫૧૦૮-૫૫૯-૧

અભિનંદનગ્રન્થો સંપાદિત – પ્રકાશિત કરવાની પ્રશસ્તિપરક ચીલાચાલુ રીતથી અલગ થઈને વિશુદ્ધ વિદ્યાકીય હેતુને કેન્દ્રમાં રાખીને આધુનિક સંસ્કૃત કવિતાના ભારતીય સ્તરે શીર્ષસ્થ કવિઓની પ્રથમ હરોળમાં ગૌરવશીલ સ્થાન મેળવનાર એક માત્ર ગૂર્જર કવિ અને અલંકારશાસ્ત્રી પ્રા. ડૉ. હર્ષદેવ માધવ અમદાવાદની એચ. કે. આર્ટ્સ કૉલેજમાંથી વયમર્યાદાના કારણે સેવાનિવૃત્ત થતાં (૩૧ ઑક્ટોબર, ૨૦૧૬) તેમને અર્પણ કરવામાં આવેલ પ્રસ્તુત અભિવાદનગ્રન્થના વિદ્યાપ્રેમી સંપાદકો તથા પરામર્શકો, આ ગ્રન્થ થકી ગૌરવાન્વિત થનાર કવિ હર્ષદેવ અને કૉલેજ તથા યુનિવર્સિટી સ્તરનાં સંસ્કૃત, ગુજરાતી અને હિન્દી પુસ્તકોના અગ્રણી અને સહૃદયી પ્રકાશક શ્રી બાબુભાઈ શાહ વિશેષ અભિનંદનના અધિકારી બની રહે છે. અહીં હર્ષદેવની બહુશ્રુત અને બહુઆયામી કૃતિઓને કેન્દ્રમાં રાખીને હિન્દી ગ્રન્થમાં હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષામાં લખાયેલા ૫૦ અને ગુજરાતી ગ્રન્થોમાં ૧૦૫ લેખો સમાવિષ્ટ છે. વધુમાં, ગુજરાતી ગ્રન્થમાં પરિશિષ્ટમાં 'હર્ષદેવ માધવની સાહિત્યયાત્રા' શીર્ષક હેઠળ હર્ષદેવની કૃતિઓ અને તદ્‌વિષયક સંશોધનો – પ્રકાશનો, પ્રાપ્ત પારિતોષિકો વગેરેની યાદી આપવામાં આવી છે, જ્યારે ગ્રન્થ ૩ના પરિશિષ્ટમાં કવિ સાથેના ૫ સાક્ષાત્કારો અને કવિનાં બે વક્તવ્યો ગ્રંથસ્થ છે. નોંધપાત્ર બાબત તો એ છે કે હર્ષદેવ એક કર્મયોગી અને વિદ્યાર્થી વત્સલ વિદ્વાન અધ્યાપક, ખ્યાતિપ્રાપ્ત સર્જક અને મળવા જેવા સહૃદયી માણસ હોઈ સ્વાભાવિક રીતે જ વિશાળ ચાહકમાર્ગ ધરાવતા હોવા છતાં આ બધાંની હૈયાની ઉત્કટ લાગણીઓ – પ્રશસ્તિગાથાઓ, શુભેચ્છાઓ વગેરેને કોરાણે મૂકીને માત્ર અને માત્ર સર્જકત્વને ઉજાગર કરતા લેખો જ ત્રણેય ગ્રન્થોમાં ગ્રન્થસ્થ કરવામાં આવ્યા છે. આ ગ્રન્થોની અને તેના સંપાદકોની આ એક મોટી ઉપલબ્ધિ છે.

હર્ષદેવ દ્વારા સંસ્કૃતમાં ૨૬ કાવ્યસંગ્રહો, ૨ નાટ્યસંગ્રહો, ૧ નવલકથા, ૧ વિવેચન અને ૧ અલંકારશાસ્ત્ર વિષયક આમ કુલ ૩૧ ગ્રન્થો ઉપરાંત ગુજરાતી ભાષામાં રચવામાં આવેલ ગ્રન્થો પૈકી વિવેચન - ૬, તંત્રશાસ્ત્ર - ૬, સંસ્કૃત વ્યાકરણ-૭, બહુભાષી શબ્દકોશ-૬, ગુજરાતી કાવ્યસંગ્રહ-૫, હિન્દી કાવ્યસંગ્રહ-૧ અને અન્ય આનુસંગિક વિષયોમાં મૌલિક, અનુવાદિત, સંપાદિત/સહસંપાદિત મળીને કુલ ૧૩૮ ગ્રન્થો રચવામાં આવ્યા છે. સમીક્ષિત ગ્રંથોમાં ગુજરાતી કવિતા અને વાર્તા વિષયક ચાર લેખો સિવાય બાકીના લેખો હર્ષદેવના સંસ્કૃત સર્જનને કેન્દ્રમાં રાખીને લખાયેલા છે, જેમાં સમગ્ર કૃતિત્વ, કોઈ એક સાહિત્ય સ્વરૂપ, કૃતિનિષ્ઠ વિવેચન કે કોઈ એક થીમ આધારિત લેખો સમાવિષ્ટ છે. આ પૈકી કોઈ એક કૃતિ કે થીમ ઉપર એકાધિક લેખો છે તો કેટલીક કૃતિઓ વણસ્પર્શી રહેવા પામી છે. આ બધા લેખો અને સર્જકનું ગૌરવ એ છે કે સર્જકના પુરોગામી, સમકાલીન અને અનુગામી સર્જકો અને વિવેચકોએ આ બધી કૃતિઓને હરખભેર પોંખી છે - વધાવી છે અને મર્યાદાઓ તરફ અંગુલિનિર્દેશ પણ

કર્યો છે. આ જ્ઞાનયજ્ઞના શીર્ષસ્થ ઋત્વિજોમાં ડૉ. રાધાવલ્લભ ત્રિપાઠી, ડૉ. અભિરાજ રાજેન્દ્ર મિશ્ર, ડૉ. રમાકાન્ત શુક્લ, ડૉ. દેવર્ષિ કલાનાથ શાસ્ત્રી, ડૉ. રહસવિહારી દ્વિવેદી, ડૉ. દયાનંદ ભાર્ગવ, ડૉ. અરુણોદય જાની, ડૉ. વસંત પરીખ, ડૉ. આચાર્ય મણિભાઈ ઈ. પ્રજાપતિ વગેરેનો સમાવેશ થાય છે.

આચાર્ય હેમચન્દ્રથી શરૂ કરીને પ્રવર્તમાનકાલીન હર્ષદેવ સુધીના આશરે ૨૫ જેટલા ગૂર્જર અલંકારિકોએ સંસ્કૃત કાવ્યશાસ્ત્રને પોતાના ગ્રન્થો, ટીકાઓ, વૃત્તિઓ વગેરે થકી સમૃદ્ધ કરવા પ્રયાસ કર્યો છે. આ પૈકી હર્ષદેવ કૃત **'वागीश्वरीकण्ठसूत्रम'** (૨૦૧૨) પરંપરાગત સંસ્કૃત કવિતા, આધુનિક સંસ્કૃત કવિતા અને વૈશ્વિક કવિતાનાં વહેણોને ધ્યાને લઈને ભારતીય અને પાશ્ચાત્ય કવિતાના માનદંડોનો સમન્વય કરીને રચવામાં આવેલ હોવાથી વિશેષ પ્રસ્તુત બની રહે છે. અહીં રમાકાન્ત પાંડે, કૌશલ તિવારી, અને બનમાલી બિસ્વાલે પોતાના લેખોમાં હર્ષદેવના આ ગ્રન્થને પરંપરાગત કાવ્યશાસ્ત્રીય ગ્રન્થો ઉપરાંત આધુનિક કાવ્યશાસ્ત્રીયગ્રન્થો રેવાપ્રસાદ દ્વિવેદી કૃત **'काव्यालंकारकारिका'**, અભિરાજરાજેન્દ્ર મિશ્ર કૃત **'अभिराजयशोभूषणम्'** અને રાધાવલ્લભ ત્રિપાઠી કૃત **'अभिनवकाव्यालंकारसूत्र'** સાથે તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં મૂલ્યાંકન કરીને તેની વિશેષતાઓ ઉજાગર કરી આપી છે.

રવીન્દ્ર ખાંડવાળાએ પોતાના લેખમાં પ્રારંભમાં તંત્રશાસ્ત્ર ક્ષેત્રે હર્ષદેવ પૂર્વેના ગુજરાતના પ્રદાનની સટિપ્પણ ચર્ચા કરીને હર્ષદેવના આ વિષયક ૭ ગ્રન્થો, તંત્રશાસ્ત્રીય ગ્રન્થોના અનુવાદો, લેખો અને તેમના માર્ગદર્શન હેઠળ કરાવેલાં સંશોધનોની મુલવણી કરીને હર્ષદેવના મૌલિક પ્રદાનને તારવી આપ્યું છે, ઉદા. તરીકે શ્રીસૂક્ત સાથે શ્રીયંત્રનો અને શ્રીવિદ્યાનો સંબંધ સ્થાપિત કરીને વેદના અર્થઘટનનો માર્ગ પ્રશસ્ત કરી આપવો, વેદમંત્રોનું તાંત્રિક અર્થઘટન યા **या कुन्देन्दुतुषारहरधवला...** શ્લોકનું શાક્તતંત્રની દૃષ્ટિએ રહસ્યોદ્‌ઘાટન તથા આધ્યાત્મિક વિવેચન વગેરે. પ્રતિભાસંપન્ન વિવેચક શિરીષ પંચાલે પણ 'મન્ત્રભાષા અને મન્ત્રકવિતા'માંથી 'નિરાંતે પસાર' થઈ નોંધેલ શબ્દો 'આ પ્રકારનું વિવેચન એક જુદી કેડી કંડારે છે, જેના પર ઝાઝા લોકો જવા તૈયાર નથી. એમની કદાચ ક્ષમતાય નથી.... **આમાંથી પસાર થઈને મને ધરવ થયો'** – ધ્યાનાર્હ બની રહે છે.

રશ્મિ ધ્રુવે વ્યાકરણના સંદર્ભમાં કવિતા તપાસનો ઉપક્રમ રાખ્યો છે, જે નાવીન્ય પ્રેરક હોઈ સરાહનીય છે. કવિએ કાવ્યરચનામાં વ્યાકરણની રીતે કેટલાક અસાધારણ પ્રયોગો હાથ ધરીને ઉત્તમ કાવ્યત્વ તથા વ્યાકરણ ઉપરનું આધિપત્ય સિદ્ધ કર્યું છે તે અહીં સોદાહરણ સમજાવ્યું છે. ઉદા. તરીકે સર્વોપનિષદમાં ઈશ્વર સાથેના સંવાદમાં પરોક્ષ ભૂતકાળનો ઉત્તમ પુરુષમાં પ્રયોગો – આ પ્રકારનો પ્રયોગ મહાકવિ માઘ દ્વારા **'शिशुपालवध'**માં કરવામાં આવેલ છે, સંસ્કૃતમાં ગઝલ લખવા માટે કાફિયા મળતા ન હોવાથી વ્યાકરણનાં રૂપોનો ઉપયોગ, **'समुद्रः'** શીર્ષક હેઠળની કવિતામાં **'णिजन्त'**નો એક વિશેષ પ્રયોગ, પૌનઃપુન્યાર્થક તથા અધિકતાદર્શક - શ્રેષ્ઠતાદર્શક રૂપોનો પ્રયોગ, 'યક્ષસ્ય વાસરિકા'માં દીર્ઘસમાસયુક્ત રચના વગેરે. આ સાથે લેખકે '૧૯૯૪ સુધીના સર્જનમાં વ્યાકરણની જે જે ક્ષતિઓ દેખાતી હતી તે તે ધીમે ધીમે પરિમાર્જિત બની જાય છે.' તેવું વિધાન કરીને ક્ષતિઓ તરફ ઇશારો પણ કર્યો છે.

બહુધા લેખો કવિતાકલા, કાવ્યસ્વરૂપો, પ્રતીક, વર્ણ્યવસ્તુ વગેરેને ઉજાગર કરે છે. રાધાવલ્લભ ત્રિપાઠી હર્ષદેવને 'સર્વાધિક' અપારમ્પરિક કવિ' તરીકે ઓળખાવીને 'ગહરી પ્રતીકાત્મકતા, વિક્ષોભ યા વિરોધ, તથા અતિયથાર્થવાદ' ને કવિની કાવ્ય વિશેષતાઓ ગણાવે છે, હરિદત્ત શર્મા 'વિશ્વ-માનવતા વાચક અને માનવીય સંવેદનાઓના ગાયક' તથા 'સંસ્કૃત કવિતાને વૈશ્વિક ધરાતલ ઉપર પહોંચાડનાર યુગદ્રષ્ટા, ક્રાન્તદ્રષ્ટા અને ક્રાન્તિકારી' કવિ તરીકે અને દેવર્ષિ કલાનાથ શાસ્ત્રી 'પ્રયોગવર્તી કવિતાના પર્યાય' તરીકે ઓળખાવે છે, જ્યારે અભિરાજ રાજેન્દ્ર મિશ્ર અનુષ્ટુપ છંદમાં કવિને મહાકવિ તથા વાક્ અધિષ્ઠાતા તરીકે ઓળખાવ્યા છે : 'नव्यकाव्यसंवेदनैः काव्यैर्वचोभङ्गिसमन्वितैः । हर्षदो वागधिष्ठात्र्या हर्षदेवो, न संशयः ॥'. આચાર્ય ડૉ. મણિભાઈ પ્રજાપતિ 'ધ્વંશાવશેષમાંથી નવસર્જનની ચેતના કે નાસ્તિકતામાંથી પણ ભારતીય પ્રજ્ઞા કે દાર્શનિક

વિચારધારા પ્રગટાવવી એ હર્ષદેવની કવિતાની વ્યંજના' ગણાવે છે, તેમ જ પશ્ચિમને પૂર્વ સાથે જોડતા કવિ તરીકે ઓળખાવે છે, જ્યારે વસંત પરીખ સંસ્કૃતની પારમ્પરિક અને આધુનિક કવિતાના golden bridge તરીકે અભિધાનિત કરે છે.

ગ્રન્થસ્થ લેખો પૈકી ઘણાખરા લેખો કૃતિનિષ્ઠ વિવેચનો વિષયક છે, જેમાં સંબંધિત કૃતિની ગુણરાશિનું દર્શન કરાવવામાં આવેલ છે. અરુણોદય જાનીએ મોનો ઈમેજ કાવ્યપ્રકારનાં લક્ષણોની વિસ્તારથી ચર્ચા કરીને આ કાવ્યપ્રકારને સંસ્કૃતમાં સૌપ્રથમ ઉતારવાનું શ્રેય હર્ષદેવ માધવને આપીને તેના હાઈકુ પ્રકારનાં મોનો ઈમેજ કાવ્યોનો રસાસ્વાદ કરાવ્યો છે. **'मृगया'**માં જયાનંદ દવેએ 'એક પ્રગલ્ભ કવિની ઊંચી સર્જનશક્તિનાં દર્શન' કરીને કેટલીક કવિતાઓનો રસાસ્વાદ કરાવ્યો છે. મનસુખ મોલિયાએ **'मृत्युशतकम्'**માં મૃત્યુનાં વિવિધ સ્વરૂપો જેમ કે ભયાનકતા, મંગળ, કરુણામય, વત્સલ વગેરેની સોદાહરણ ચર્ચા કરીને તેને અનાવૃત્ત કરી આપવાની સાથે સાથે તેમાં સંનિહિત કાવ્યતત્વનું પણ દર્શન કરાવ્યું છે. પ્રખર પ્રતિભાસંપન્ન કવિ અને પોતાના બુલંદ સ્વરથી ખ્યાત પદ્મશ્રી રમાકાન્ત શુક્લ દ્વારા ભારતની યશોગાથા વર્ણવતું પ્રશસ્તિકાવ્ય **'भाति मे भारतम्'** ની રચના કરવામાં આવી છે. આ કાવ્યના પ્રતિકાવ્ય તરીકે આપણા કવિએ **'भाति ते भारतम्'**ની રચના કરીને ભવ્ય ભૂતકાળ અને આદર્શના સ્થાને સામ્પ્રતકાલીન વાસ્તવિક સ્થિતિનું યથાર્થ દર્શન કરાવીને કવિપ્રતિભા અને ચિંતનશક્તિનું અદ્‌ભુત દર્શન કરાવ્યું છે. આ કાવ્યથી પ્રભાવિત થઈને શુક્લજીએ નોંધ્યું છે કે : 'भाति ते भारत' मिति ग्रन्थ प्रणीयावति मुदा । 'भाति मे भारत' मिति श्रीहर्षदेवो माधव : ।।' આ કૃતિનો વિસ્તારથી પરિચય મહાકાન્ત જોશીએ કરાવ્યો છે, જોકે આ લેખના પ્રારંભમાં આ બંને કાવ્યોના ઉલ્લેખો એકના સ્થાને બીજાનો ઉલ્લેખ થયેલ જોવા મળે છે. લલિત પટેલે પણ આ કૃતિનો સંસ્કૃત ભાષામાં સરસ રસાસ્વાદ કરાવ્યો છે. યોગિની વ્યાસે 'बृहन्नला' ને પરમ્પરાના જીર્ણ ખોખલાને બાજુએ મૂકીને નૂતન દિશામાં પ્રસ્થાન કરાવનાર તથા સંસ્કૃત અને અંગ્રેજી મહાકાવ્યનાં લક્ષણોનું મિશ્રણ એવું 'દીર્ઘકાવ્ય' ઓળખાવ્યું છે. હિના ભોજકે બાળકો માટેના કાવ્યસંગ્રહ 'पिपीलिका विपणीगच्छति'ને સંસ્કૃતમાં બાળકાવ્યોના અભાવની પૂર્તિ તરીકે ઓળખાવીને તેનો પરિચય કરાવ્યો છે. ગ્રંથસ્થ લેખો પૈકી અંતિમ લેખમાં બનમાલિ બિસ્વાલે વિવિધ સાહિત્યસ્વરૂપોમાં કવિના પ્રદાનની સમતોલ અને સુરેખ વિવેચના કરી છે. આ લેખ એક સ-રસ અને સ્વતંત્ર મોનાગ્રાફ સમાન છે.

ડૉ. હર્ષદેવ વિષયક શાસ્ત્રીય વિસ્તૃત વાઙ્મયસૂચિનો અભાવ એ આ ગ્રંથની એક ખૂટતી કડી છે. ગુજરાતી ગ્રંથના પરિશિષ્ટમાં સમાવિષ્ટ વિગતોની રજૂઆત અશાસ્ત્રીય હોવા ઉપરાંત ઘણી બધી ઊણપો ધરાવે છે. ઉદા. તરીકે કૃતિઓના પ્રકાશક, પ્રકાશન સ્થળ, સહસંપાદક / અનુવાદકોનાં નામ, હર્ષદેવની કૃતિઓ ઉપરના શોધપ્રબંધોના માર્ગદર્શક અધ્યાપકોનાં નામ, વગેરેનો અભાવ. વળી હર્ષદેવની પ્રતિભાને રાષ્ટ્રીય સ્તરે ઉજાગર કરવામાં કડીરૂપ બનનાર તથા ભાવિ સંશોધકો માટે ઉપકારક બની રહેનાર હિન્દી ગ્રંથમાં હર્ષદેવ વિષયક વાઙ્મયસૂચિની ખાસ જરૂરિયાત હતી ત્યાં સંક્ષિપ્ત સૂચિ પણ આપવામાં આવી નથી. આ ઉપરાંત ગુજરાતી ગ્રંન્થોમાં સંગૃહીત લેખોને સુયોગ્ય રીતે પ્રમુખ વિષયો હેઠળ વર્ગીકૃત કરીને પ્રસ્તુત કરવાની જરૂરત હતી, તેમ જ હિન્દી ગ્રંથમાં પણ વિષય વિભાજનમાં પર્યાપ્ત કાળજી લેવાઈ નથી.

ઉલ્લેખનીય છે કે આધુનિક સંસ્કૃત સાહિત્યનું તેજોમય ગૌરવ શિખર એવા કવિ હર્ષદેવ માધવ રાષ્ટ્રીય અને આતંરરાષ્ટ્રીય સ્તરની અનેકવિધ સંસ્થાઓ દ્વારા સન્માનિત - પુરસ્કૃત કરવામાં આવ્યા છે. આ પૈકી કેન્દ્રિય સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી દ્વારા 'तव स्पर्शे स्पर्शे' (૨૦૦૬) માટે, 'મૃગયા' માટે કલ્પવલ્લી અવૉર્ડ – ભારતીય ભાષા પરિષદ, કોલકાતા (૧૯૯૪), રામકૃષ્ણ સંસ્કૃત અવૉર્ડ, કેનેડા (૧૯૯૪), અખિલ ભારતીય કાલિદાસ અવૉર્ડ (૨૦૦૧) અને (૨૦૧૧), ગુજરાત રાજ્ય ગૌરવ પુરસ્કાર (૨૦૧૦), પૂ. રમેશભાઈ ઓઝા દ્વારા 'બ્રહ્મર્ષિ અવૉર્ડ' (૨૦૧૪) પૂ. મોરારિ બાપુ દ્વારા 'વાચસ્પતિ પુરસ્કાર' (૨૦૧૬) વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. તેમની ઘણી કૃતિઓ ગુજરાત સાહિત્ય અકાદમી

વગેરે અનેકવિધ સંસ્થાઓ દ્વારા પુરસ્કૃત કરવામાં આવી છે.

**મણિભાઈ પ્રજાપતિ**

❖

**ઉપસર્ગ અને પરિષહ પ્રધાન જૈન કથાનકો /** સંપાદક : ગુણવંત બરવાળિયા, મુંબઈ : અર્હમ સ્પિરિચ્યુઅલ સેન્ટર...; વિતરક : અમદાવાદ : નવભારત સાહિત્ય મંદિર, ૨૦૧૬, ૨૧૪ પૃ. (જ્ઞાનધારા; ૧૩). કિંમત રૂ. ૨૦૦

પ્રસ્તુત ગ્રંથના શીર્ષકમાં પ્રયોજવામાં આવેલા મુખ્ય બે શબ્દો 'ઉપસર્ગ' અને 'પરિષહ' એ જૈનધર્મના પારિભાષિક શબ્દો છે, કે જેનું સામાન્ય વ્યવહારમાં ઓછું પ્રચલન જોવા મળે છે. 'ઉપસર્ગ' એટલે દેવ, મનુષ્ય કે તિર્યક (પશુ, પક્ષી વગેરે જીવો) થકી પ્રાપ્ત કષ્ટ, આપત્તિ અને 'પરિષહ' એટલે પ્રાપ્ત આપત્તિ - દુઃખોને કર્મ નિર્જરા માટે સમતાપૂર્વક સહન કરવાં. ઉમાસ્વાતિએ 'તત્વાર્થસૂત્ર'માં પરિષહને વ્યાખ્યાયિત કરતાં નોંધ્યું છે કે **'मागाच्यवतनिर्जराय परिषाढव्या: परीषहा:** 'અર્થાત્ સંમયમાર્ગમાંથી ચલિત ન થવા તથા કર્મોની નિર્જરા માટે જે સહન કરવા યોગ્ય છે તે. આત્મકલ્યાણ - આત્માના ઉદ્ધાર અને સમષ્ટિકલ્યાણની ભાવનાને નજર સમક્ષ રાખીને મુમુક્ષુ – કોઈ પણ ધર્માવલમ્બી દ્વારા આ બે પદોનું યથાર્થ પાલન કરવામાં આવે તો સમગ્ર માનવજીવન સુખમય – કલ્યાણમય બની રહે. આવી ઉદાત્ત ભાવનાને કેન્દ્રમાં રાખીને જૈનધર્મના આર્ષગ્રન્થો, જેમ કે 'ઉત્તરાધ્યયનસૂત્ર', 'દશવૈકાલિકસૂત્ર', 'સ્થાનાંગસૂત્ર', 'ઉપાસકદશાંગ', 'તત્ત્વાર્થસૂત્ર', 'તત્ત્વાર્થાધિગમસૂત્ર' વગેરેમાં આ વિશે વિસ્તારથી ચર્ચા કરીને તેના પાલનની અનુમોદના કરવામાં આવી છે અને તે પણ તીર્થંકરો ઉદા. તરીકે પાર્શ્વનાથ, મહાવીરસ્વામી વગેરે તથા અન્ય પવિત્રપુરુષોએ પોતાની જીવનચર્યા દરમિયાન પ્રાપ્ત દુઃખોને પૂર્વનાં કર્મોનું સંચિત ફળ તરીકે સહજતાથી સ્વીકારીને કેવલીજ્ઞાન પામ્યા તેના કથાસ્વરૂપમાં ઉદાહરણો સાથે. પરિણામસ્વરૂપે આ બધી કથાઓ વધારે પ્રતીતિકારક બની રહી છે.

જૈન ધાર્મિક - દાર્શનિક સાહિત્યમાં નામાભિધાનમાં ભિન્નતા સાથે ૨૨ પરિષહો ઉદા. તરીકે ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, પ્રજ્ઞા વગેરે વર્ણવામાં આવ્યા છે. આ પરિષહો પૈકી કોઈ એક કે એકાધિક પ્રાપ્ત પરિષહોનું કોઈ તીર્થંકર કે શ્રમણ / શ્રમણી દ્વારા સંયમમાર્ગની સાધનામાંથી કે કોઈ શ્રાવક દ્વારા પોતાના ધર્મના પાલનમાંથી વિચલિત થયા સિવાય કઠોરતમ આપત્તિઓને જિનપ્રભુની ઇચ્છા ગણીને કોઈ પણ જાતના પ્રતિકાર - ઉપચાર કરાવ્યા સિવાય મન-વચન-કાયાથી પ્રસન્નતાપૂર્વક તેનું પાલન કર્યું તે સંબંધી કથાઓ જૈન આગમો અને અન્ય જૈન સાહિત્યમાં વર્ણિત છે. આ મૂળ કથાનકો પૈકી ૨૯નો રસાસ્વાદ અહીં કરાવવામાં આવ્યો છે. આ પૈકી કેટલીક કથાઓ પૌરાણિક કે કાલ્પનિક ચરિત્રો આધારિત તો કેટલીક કથાઓ છેલ્લી ત્રણ-ચાર સદીમાં થઈ ગયેલા આપણા જૈનમુનિ ભગવંતોના જીવન આધારિત છે. સાધુ ભગવંતો પૈકી આર્યરક્ષિતસૂરિ (૧૨મી સદી), ધર્મસિંહજી સ્વામી (૧૭મી સદી) બોટાદ સમ્પ્રદાયના માણેકચંદ્રજી (૨૦મી સદી), ગાંડલ સમ્પ્રદાયના જયચંદ્રજી, રત્નચંદ્રજી સ્વામી અને ગુલાબચંદ્રજી સ્વામી (૧૯-૨૦મી સદી) તથા સાધ્વી મહારાજો પૈકી ગાંડલ સમ્પ્રદાયનાં લીલમબાઈ મહાસતીજી (૨૦મી સદી) અને સાધ્વીરત્ના હીરુબાઈએ પોત-પોતાના જીવનમાં ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, દંશ, ચર્યા, નૌષિધિકી, શૈયા, વધ, આક્રોશ, રોગ, મલ વગેરે પૈકી એકાધિક પરિષહોને સહજતાથી સ્વીકારી લીધા તે વાસ્તવિક સ્થિતિના ચિત્રણ સાથે કથા સ્વરૂપે રજૂ કરવામાં આવ્યું છે. ગ્રન્થસ્થ બધાં જ કથાનકો રસપ્રદ હોઈ વારંવાર વાંચવાં ગમે તેવાં છે. આ પૈકી ડૉ. સેજલ શાહ દ્વારા રજૂ કરવામાં આવેલ 'મલયસુંદરી ચરિત્ર' કથાનક કથનકલા અને સંશોધકીય અભિગમની દૃષ્ટિએ સર્વશ્રેષ્ઠ છે. અહીં કથા સારાંશ આપવાની સાથે સાથે જૈન કથાસાહિત્યની રચના પાછળના ઉદ્દેશો સંક્ષેપમાં સ્પષ્ટ કરીને તથા તેની મહત્તા સમજાવીને સૌપ્રથમ માગધીમાં રચાયેલ 'મલયસુંદરી ચરિત્ર'ની સંસ્કૃત તથા ગુજરાતીમાં ૧૮મી સદી સુધી વિસ્તરેલ તેની રચનાની પરમ્પરા દર્શાવીને માગધીના આધારે જયતિલકસૂરિએ સંસ્કૃતમાં રચેલ કૃતિનો વિજયકેશરસૂરિએ ગુજરાતમાં વિ. સં. ૧૯૬૬માં અનુવાદ કરેલ તેનો પરિચય કરાવ્યા બાદ આ કૃતિનો રસાસ્વાદ કરાવવાની સાથે સાથે

પ્રસંગોપાત્ત તેનું મૌલિક અર્થઘટન, કૃતિમાં અભિવ્યક્ત નારી મહિમા અને પ્રવર્તમાન સમયમાં તેની પ્રસ્તુતતા, તેના રચયિતા જૈન મુનિનું સર્જકત્વ વગેરે બાબતોની ચર્ચા આવરી લીધેલ છે, જે ધ્યાનાર્હ બની રહે છે. આ જ રીતે કાન્તિભાઈ શાહે પણ સ્થુલિભદ્રના પ્રાયઃ ઓછા જાણીતા એવા જ્ઞાન પરિષહમાં પ્રમાદ થયાના બે પ્રસંગો 'ઉત્તરાધ્યયનસૂત્ર'ની ભાવવિજયજી કૃત વૃત્તિના આધારે તારવી આપ્યા છે. ઘણાં ખરાં વૃત્તાંતોના લેખકોએ – ચિત્રા મોદી જેવા કેટલાક અપવાદો બાદ કરતાં જે તે કથા કયા મૂળ સ્રોત અને તેના ચોક્કસ અધ્યાય / પ્રકરણોમાં ગુંફિત છે તે દર્શાવવામાં પણ પ્રાયઃ ઉપેક્ષા સેવી છે. સિવાય કે લેખના અંતમાં 'સંદર્ભ' હેઠળ અપર્યાપ્ત માહિતી.

સંસ્કૃત કથાસાહિત્યનો ગૌરવમણિ ગ્રન્થ મહાકવિ બાણભટ્ટ કૃત 'કાદમ્બરી'નો આપણા કવિ ભાલણે ગૂર્જરભાવાનુવાદ કરતાં રાખેલ ભાવના : 'મુગ્ધ રસિક સાંભળવા ઇચ્છી પણ પ્રીચ્છી નવ જાય, તેહને પ્રીચ્છવા કારણે કીધું ભાલણે ભાષાબંધ'ને તથા જીવમાત્રના કલ્યાણને હૈયે ધરીને સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ ઍન્ડ લિટરરી સેન્ટર, મુંબઈ અને અન્ય સહયોગી સંસ્થાઓ તથા તેના સૂત્રધાર શ્રી ગુણવંતભાઈએ જૈન આગમ ઇત્યાદિ ગ્રંથોમાં ગોપનીય રહેલ જ્ઞાનબોધક અને માનવજીવનપથ પ્રશસ્ત કરનાર તથા જૈનધર્મનાં મૂલ્યોની પ્રસ્થાપના તથા પ્રચાર-પ્રસાર કરનાર કથાઓને જ્ઞાનસત્રોના આયોજન થકી સરલીકૃત સ્વરૂપમાં ઉજાગર કરી આપી છે. આ એક દૃષ્ટિવંત અને ઉદાહરણસ્વરૂપ કાર્ય હોઈ શ્લાઘનીય બની રહે છે. સંતર્પક વાચન પૂરું પાડતી આવી કૃતિઓ વિદ્યાર્થીઓ સુધી પહોંચે તે આવશ્યક છે.

ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત ગ્રંથના સંપાદક ગુણવંતભાઈ બરવાળિયા વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે અને ટેક્ષટાઈલ ઇન્ડસ્ટ્રીઝમાં પ્રવૃત્ત છે. પરંતુ શિક્ષણ, સાહિત્ય અને જૈનધર્મ – દર્શનનાં જ્ઞાનસત્રોના આયોજન તથા એતદ્વિષયક ગ્રંથોના લેખન / સંપાદનમાં ઊંડો રસ ધરાવે છે. તેમના ૬૦થી અધિક ગ્રંથો પ્રકાશિત થયા છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં પર્યુષણપર્વના દિવસોમાં પદ્મશ્રી કુમારપાળ દેસાઈ અને ગુણવંતભાઈના સંપાદન હેઠળ **'જૈન વિશ્વકોશ' ખંડ-૧** પ્રકાશિત થયો છે, જે એક ઐતિહાસિક ઘટના સમાન છે. સમીક્ષિત ગ્રંથના પ્રારંભના ગુણવંતભાઈ કૃત બે લેખો – આપણી અણમોલ સાંસ્કૃતિક ધરોહર એવી જૈન કથાસૃષ્ટિ અને પરિભાષાઓની સમજૂતીમાં લેખકના જૈન કથાસાહિત્ય વિષયક ગહન અધ્યયન અને જ્ઞાનનાં સુપેરે દર્શન થાય છે. આ ઉપરાંત ગ્રન્થસ્થ લેખોના પ્રારંભમાં સંબંધિત લેખકનો સારગર્ભિત પરિચય આપવામાં સંપાદકીય સૂઝબૂઝનો પણ સહજમાં પરિચય થાય છે. નોંધવું રહ્યું કે બાકીનાં ૨૯ કથાનકો પૈકી ૨૦ કથાનકો વિદુષીઓ કૃત છે. જેમાં ૩ સાધ્વી મહારાજશ્રીઓ અને ૧૦ જૈન વિદુષીઓ પીએચ.ડી. ડિગ્રી ધારક હોવાની સાથે સાથે અધ્યયન - સંશોધન - પ્રકાશનમાં સતત વ્યસ્ત રહે છે, જે બાબત વિશેષ ધ્યાનાર્હ બની રહે છે.

**મણિભાઈ પ્રજાપતિ**

## અસ્પૃશ્યતા

આજે હિન્દુ ધર્મને માથે ન ભૂંસી શકાય એવું કલંક લાગેલું છે. એ અનાદિ કાળથી ઊતરી આવેલું છે એમ માનવાનો હું ઇન્કાર કરું છું. હું માનું છું કે આપણે સંસ્કૃતિની નીચામાં નીચી કક્ષાએ હોઈશું ત્યારે આપણામાં આ અસ્પૃશ્યતાની અધમ. દુષ્ટ અને ગુલામ બનાવનારી ભાવના જન્મી હશે. આ અનિષ્ટ આપણને વળગ્યું છે અને આજે પણ આપણને વળગેલું છે. મારા મત પ્રમાણે એ આપણા ઉપર ઊતરી આવેલો એક શાપ છે અને મને લાગે છે કે જ્યાં સુધી આપણે માથે એ શાપ છે ત્યાં સુધી આ પવિત્ર ભૂમિ ઉપર જે જે દુઃખ આવી પડે તે આપણે જે ન ભૂંસાય એવું પાપાચરણ કરી રહ્યા છીએ તેની યોગ્ય શિક્ષા છે એમ માનવું રહ્યું.

**– ગાંધીજી**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું ગૌરવ

● શૈક્ષણિક ક્રાંતિ દ્વારા સામાજિક ક્રાંતિ લાવવાના ધ્યેયને વરેલું સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સામાજિક ઉત્થાન માટેના પ્રયત્નોને કારણે ઉત્તરોત્તર પ્રગતિનાં શિખરો સર કર્યે જાય છે. 'કર ભલા હોગા ભલા'ના ધ્યેયને વરેલ આ સંસ્થા ઈ. સ. ૧૯૧૯માં ૬ વિદ્યાર્થીઓની હૉસ્ટેલથી શરૂ કરીને આજે અનેક શાળાઓ તથા કૉલેજોના સંચાલન સાથે કડી સર્વ વિશ્વવિદ્યાલયનું સંચાલન કરી K.G. થી Ph.D.નું શિક્ષણ આપી રહી છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ૯૭ વર્ષના કાર્યમાં તેના દ્વારા સંચાલિત સંસ્થાઓએ અનેક સિદ્ધિઓનાં સોપાન સર કરેલાં છે. આ પરંપરામાં તાજેતરમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળીની બે કૉલેજો : ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગર અને પ્રમુખસ્વામી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, કડીએ યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન દ્વારા કૉલેજ વીથ પોટેન્સિયલ ફોર એકસેલન્સનો સતત બીજી વખત અવોર્ડ મેળવ્યો છે. આ અંતર્ગત આ કૉલેજોને વૈવિધ્યપૂર્ણ વિકાસ માટે આગામી પાંચ વર્ષ માટે યુજીસી નાણાકીય સહાય આપશે. વધુમાં ભારતના જાણીતા શિક્ષણક્ષેત્રના જર્નલ 'કેરિયર ૩૬૦' દ્વારા યોજાયેલા સર્વેમાં સમગ્ર ગુજરાતની આર્ટસ, કૉમર્સ તથા સાયન્સ કૉલેજોની યાદીમાં ઉમા આર્ટસ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ છઠ્ઠું સ્થાન અને પ્રમુખસ્વામી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, કડીએ નવમું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ ઉપરાંત પ્રમુખસ્વામી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજને યુ.જી.સી. તરફથી બી.વોક. તથા કોમ્યુનિટિ કૉલેજના કોર્સિસ ચલાવવા માટે ૪ કરોડ રૂપિયાની આર્થિક સહાય અને કે.સી.જી. એકેડેમિક ઍન્ડ એડમિનિસ્ટ્રેટિવ ઓડિટમાં પ્રથમ રેન્ક પણ પ્રાપ્ત થયેલ છે. આમ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળીની બે કૉલેજોએ ગુજરાતની ટોપ ૧૦ કૉલેજોમાં સ્થાન પ્રાપ્ત કરેલ છે. આ બન્ને કૉલેજોની સિદ્ધિ તેમનો NAACનો A ગ્રેડ, કૉલેજ વીથ પોટેન્સિયલ ફોર એકસેલન્સનું બે વાર પ્રાપ્ત થયેલ સ્ટેટસ, વિદ્યાર્થીઓના કારકિર્દીલક્ષી અભ્યાસક્રમો, રોજગાર લક્ષી કાર્યક્રમો, અન્ય સજ્જતા, આચાર્ય તથા અધ્યાપકોનાં સંશોધન તથા પ્રકાશન ક્ષેત્રે પ્રદાન, વિદ્યાર્થીઓની અભ્યાસ ઉપરાંત અન્ય પ્રવૃત્તિઓમાં સફળતા વગેરે જેવા આયામોને ધ્યાનમાં રાખીને આ ક્રમ મળેલ છે. આ પ્રોજ્જ્વળ સિદ્ધિઓ માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર આ બન્ને કૉલેજોના આચાર્યો ડૉ. અમૃતાબહેન પટેલ તથા ડૉ. અજયભાઈ ગોર તથા તમામ સ્ટાફ સભ્યોને હાર્દિક અભિનંદન પાઠવતાં ગર્વની લાગણી અનુભવીને મંડળ દ્વારા પ્રસ્થાપિત ઉજ્જ્વળ પરંપરાઓને જાળવી રાખી વધારે આગળ વધવા માટે વધુ પ્રયત્નશીલ બની રહેવા અભિલાષા સેવે છે.

### અક્ષર સુધારણા અભિયાન

● ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરના ગુજરાતી વિભાગ તથા ગ્રંથાલયના ઉપક્રમે તા. ૭-૭-૨૦૧૬ના રોજ 'અક્ષર સુધારણા' અંગે યોજાયેલ કાર્યક્રમમાં તપોવનના નિવૃત્ત શિક્ષક શ્રી રોહિતભાઈ જોશીએ સુંદર અક્ષર કઈ રીતે થઈ શકે એ વિશે સરસ સમજાવ્યું.

### આઈ. એ. એસ.

● ૭ ઑગસ્ટ, ૨૦૧૬ના રોજ લેવાયેલી UPSCની સનદી સવાઓની પ્રારંભિક પરીક્ષામાં (Preliminary) મમતા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર, ગાંધીનગરના ૩૫ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા. અભિનંદન.

### આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી વિનિયમ

● રોટરી ક્લબ ઇન્ટરનેશનલ યુથ એક્ષચેન્ઝ

પ્રોગ્રામ અંતર્ગત વી.પી.એમ.પી. પોલિટેક્નિક, ગાંધીનગરના ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ કમ્યુનિકેશન્સ ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થી શ્રી પ્રણવ ચૈતન્યભાઈ શુકલ જુલાઈ માસ દરમિયાન બેલ્જીયમ ખાતે ઇન્ટરનૅશનલ એક્ષચેન્ઝ મીટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા જતાં તેમને અભિનંદન સહ હાર્દિક શુભેચ્છાઓ.

### ઓઝોન દિવસ

● બી.પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગર તથા હેપ્પી યુથ ક્લબના સંયુક્ત ઉપક્રમે 'સેવ ઓઝોન સેવ લાઇફ' વિષય પર તા. ૧૭, સપ્ટેમ્બરના રોજ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વક્તા તરીકે શ્રી હેમંત સુથારે (ફોરેસ્ટ વિભાગ) ચાવીરૂપ માર્ગદર્શન આપી પર્યાવરણની જાળવણી બાબતે અગત્યનાં સૂચનો કર્યાં હતાં. આ ઉપરાંત ગાંધીનગરના ગ્રીન એમ્બેસેડર તેમ જ ચીફ સિવિલ ડિફેન્સ વોર્ડન અને વનશ્રી સંસ્થા સાથે સંકળાયેલાં અંજનાબહેન નિમાવતે તથા હેપ્પી યુથ ક્લબના સમીરભાઈ રામી દ્વારા વાતાવરણની સાચવણી માટે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે કૉલેજના વિદ્યાર્થીઓ હાર્દિક ચુડાસમા અને દીપાલી જોશીએ પ્રેજન્ટેશન કર્યું હતું.

### કાર્યશિબિર

● વીપીએમપી પોલિટેક્નિક, ગાંધીનગરમાં તા. ૬ ઑગસ્ટના રોજ 'એટીકેટ્સ ઍન્ડ ગ્રુમિંગ' વિષય ઉપર વિદ્યાર્થીઓ માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જેસીઆઈ ઇન્ડિયાના વિમેન એમ્પાવરમેન્ટ ઍન્ડ સ્કીલ ડેવલપમેન્ટનાં નૅશનલ કો–ઑર્ડિનેટર શ્રીમતી પ્રજ્ઞા મહેતા અને જેસીઆઈ, ગાંધીનગર ચેપ્ટરના વાઈસ-પ્રેસિડેન્ટ શ્રી સુનિલ ગંગવાણી ઉપસ્થિત રહ્યાં હતાં. વ્યાવસાયિક, સામાજિક, અને અંગત જીવનમાં જરૂરી એવી કેટલીક એટીકેટ્સ વિશે વાત કરતાં શ્રીમતી મહેતાએ જણાવ્યું હતું કે પ્રોફેશનલ જીવનમાં એટીકેટ્સ સફળતાની સીડીઓ ચઢવામાં ખૂબ જ જરૂરી છે. આ ઉપરાંત તા. ૮ ઑગસ્ટના રોજ 'આર્ડયુઈનો ઇન્ટરફેસિંગ' વિષય ઉપર ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ કમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટ અને ઇન્ડિયન સોસાયટી ફોર ટેક્નિકલ એજ્યુકેશન સ્ટુડન્ટ ચેપ્ટર દ્વારા સંયુક્ત રીતે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રા. ધર્મેશ પટેલ અને પ્રા. વિપુલ પટેલે તજજ્ઞ તરીકે સેવાઓ આપી હતી. વર્કશોપના ઉદ્ઘાટન પ્રસંગે એલ.ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગના ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ કમ્યુનિકેશન્સ ડિપાર્ટમેન્ટના વડા પ્રોફે. ઉષા નિલકંઠન અને સરકારી ઇજનેરી કૉલેજ, ગાંધીનગરના ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ કમ્યુનિકેશન્સ ડિપાર્ટમેન્ટના વડા પ્રોફે. કે. જી. માવડિયા ઉપસ્થિત રહ્યા હતા. આ બંને વર્કશોપમાં વિવિધ કૉલેજોના વિદ્યાર્થીઓ ઉપરાંત પ્રિ. એ. જે. પટેલ અને અધ્યાપકો હાજર રહ્યા હતા.

● ICICI ડાયરેક્ટ તથા બી.પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગર દ્વારા 'ડાયનેમિક્સ ઑફ કેપિટલ ઇન ઇન્ડિયા' વિષય પર ત્રિદિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવતાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને તેમના અભ્યાસક્રમના ભાગરૂપે ફાઈનાન્સિયલ મૅનેજમેન્ટ વિષયની પ્રાયોગિક તાલીમ તથા કેપિટલ માર્કેટ અને મની માર્કેટના યોગદાન વિશે, દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓને ફાઈનાન્સિયલ માર્કેટના સિદ્ધાંતો સાથે R.B.Iનો રોલ, માર્કેટની સાતત્યપૂર્ણ કાર્ય પદ્ધતિથી ભારતીય અર્થતંત્ર પર થતી અસરો તેમ જ સ્ટોક માર્કેટ વિશે તથા તૃતીય વર્ષના વિદ્યાર્થીઓને સ્ટોક માર્કેટ, મની માર્કેટ તેમ જ સરક્યુલર ફ્લો ઑફ મની વિશે વિશદ સમજૂતી આપવામાં આવી હતી. ICICI ડાયરેક્ટ તરફથી માર્કેટિંગ જોનલ હેડ ઝંખના શ્રીવાસ્તવ દ્વારા વિદ્યાર્થીઓને ઉપર્યુક્ત વિષયોની ઊંડાણપૂર્વક સમજ આપીને સ્ટોક માઈન્ડ સ્પર્ધામાં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે છેલ્લા ત્રણ વર્ષથી આ કૉલેજના વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ખૂબ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહ્યા છે.

### કાવ્યરચના અને કાવ્યપઠન

● ફેકલ્ટી ઑફ એજ્યુકેશન અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે કાવ્યરચના અને કાવ્યપઠન શિબિરનું તા. ૧૫-૭-૧૬ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. આરંભે ફેકલ્ટી ઑફ એજ્યુકેશનનાં ડીન પ્રો. વીણાબહેન પટેલે સાહિત્ય વર્તુળના ઉદ્દેશોની જાણકારી આપી હતી. ત્યાર બાદ કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમાભાઈ પટેલે ઉપસ્થિત મહેમાન કવિશ્રી પ્રા. જિતેન્દ્ર વ્યાસનો પરિચય આપી કવિતાક્ષેત્રે તેમણે આપેલા પ્રદાન વિશે માહિતી આપી હતી. કવિશ્રી પ્રા. જિતેન્દ્ર વ્યાસે

કવિતા એટલે શું ? કવિતાની શક્તિઓ, કાવ્યમાં ધ્વનિ વગેરે વિશે ઝીણવટપૂર્વક માહિતી આપી વિવિધ કવિઓની કાવ્યરચનાઓનું તેમ જ પોતાની સ્વરચિત કૃતિઓનું પઠન કર્યું હતું.

### ગ્રંથપ્રદર્શન

● ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગર અને વિદ્યા લાઇબ્રેરીના સંયુક્ત ઉપક્રમે તા. ૨૫ અને ૨૬-૭-૧૬ દરમિયાન વિદ્યાર્થિનીઓની વાચન પ્રત્યેની રુચિ કેળવાય અને તેમનો સર્વાંગી વિકાસ થાય એવા ઉમદા હેતુથી પુસ્તક પ્રદર્શન તથા પુસ્તક વેચાણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યાશ્રી અમૃતાબહેન પટેલના હસ્તે વિદ્યા લાઇબ્રેરીના ચેરમેનશ્રી પ્રદીપસિંહ વાઘેલા વગેરેની ઉપસ્થિતિમાં ગ્રંથ પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓએ આ પ્રદર્શનને ઉત્સાહભેર નિહાળીને વિવિધ પુસ્તકોની મોટા પ્રમાણમાં ખરીદી કરી હતી. આ આયોજનનું શ્રેય ગ્રંથપાલશ્રી મયૂરી પટેલ તથા સર્વ સ્ટાફ સભ્યોના શિરે જાય છે.

### જળ બચાવો પરિસંવાદ

● બી.પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગરમાં તા. ૧૦-૫-૧૬ના રોજ પાણી સંદર્ભે યુવાનોમાં જાગૃતિ કેળવવા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ચાવીરૂપ વક્તવ્ય માટે ઉપસ્થિત શ્રી રમણભાઈએ સૌરાષ્ટ્ર, ઉત્તર-ગુજરાત તેમ જ કચ્છ વિસ્તારનાં અંતરિયાળ ભાગોમાં પાણીની જરૂરિયાત અને સમસ્યા બાબતે વિદ્યાર્થીઓને વાકેફ કર્યા હતા, તેમ જ પાણી ન વેડફવા તથા બિનજરૂરી વેડફાતા કુદરતી સ્રોતનો સંગ્રહ કરવા તથા ૨૨ માર્ચ આપણે વિશ્વ જળ દિવસ તરીકે કેમ ઊજવીએ છીએ તે અંગે સમજાવ્યું હતું. આચાર્યશ્રી ડૉ. રમાકાંત પ્રુષ્ટિએ સમગ્ર દેશમાં દુષ્કાળ તેમ જ અર્ધ દુષ્કાળ જેવી પરિસ્થિતિમાં પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ માટે સમજાવ્યા હતા. પ્રા. જયેશ તન્નાએ પણ પ્રસંગોચિત વિચારો વ્યક્ત કર્યા હતા. વક્તવ્ય બાદ વિદ્યાર્થીઓને પાણીનો દુર્વ્યય નહીં કરવા તેમ જ બીજા લોકોને પણ આ બાબતે જાગ્રત કરવા પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. ડૉ. પ્રુષ્ટિએ જણાવ્યું હતું કે જો એક વિદ્યાર્થી પાંચ લોકોને જાગૃત કરી શકે તો એક વર્ષમાં આપણે સમગ્ર રાજ્ય સુધી આ જાગૃતિ અભિયાન પહોંચાડી શકીએ. આ વિચારોને કાર્યાન્વિત કરવા માટે ૬-૬ વિદ્યાર્થીઓનું જૂથ બનાવીને ગાંધીનગરના વિવિધ વિસ્તારોમાં લોકોને જળ બચાવવા સમજાવવા માટે મોકલી આપતાં પ્રજાજનો તરફથી ઉમળકાભેર આવકાર સાંપડી રહ્યો છે.

### ટૂંકીવાર્તાની વિભાવના અને રચના

● ફેકલ્ટી ઑફ એજ્યુકેશન (KSV), ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓને ટૂંકીવાર્તાની લાક્ષણિકતાઓની જાણકારી માટે તેમ જ વાર્તાલેખન કરી શકે તે હેતુથી તા. ૨-૮-૧૬ના રોજ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આરંભે પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ મહેમાન લેખિકા ડૉ. બિંદુબહેન ભટ્ટનો પરિચય આપી સાહિત્યક્ષેત્રે તેમણે આપેલા પ્રદાન વિશેની માહિતી આપી હતી. ડૉ. બિંદુબહેન ભટ્ટે વાર્તા એટલે શું ? ટૂંકીવાર્તામાં કથાવસ્તુ, પાત્રાલેખનકલા, ભાષાશૈલી, સંવાદકલા અને સંઘર્ષ કેવો હોવો જોઈએ એના વિશે ઝીણવટપૂર્વકની માહિતી આપી હતી અને શિબિરાર્થીઓને વાર્તાલેખન કેવી રીતે કરી શકાય તેની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ડૉ. આર. જે. વ્યાસ તથા સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વિવિધ શાળા-કૉલેજોના રસધરાવતા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### તણાવ-મુક્ત કર્મ

● વીપીએમપી પોલિટેક્નિક, ગાંધીનગરમાં તા. ૨૫ જુલાઈના રોજ 'તણાવ-મુક્ત કર્મ' વિષય ઉપર કર્મચારીઓ માટે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શહેરના જાણીતા યોગ-શિક્ષક અને મોટીવેશનર ટ્રેઈનર શ્રી જે. સી. પટેલ હાજર રહ્યા હતા. તેમણે 'શરીર ખલુ ધર્મ સાધનમ' એ સૂત્રને સમજાવતાં જણાવ્યું હતું કે માનવશરીર એ ઈશ્વર દ્વારા મનુષ્યને આપવામાં આવેલી સર્વોત્તમ ભેટ છે, જેનું જતન અને કાળજી લેવાની દરેકની પ્રાથમિક જવાબદારી છે. કામના સમયે તણાવ-મુક્ત રહેવાની કેટલીક રીતોની સમજ પણ તેમણે આપી હતી. આ પ્રસંગે કર્મચારીઓ ઉપરાંત શ્રી ઘનશ્યામભાઈ બારોટ (નિવૃત્ત, પોસ્ટ માસ્ટર જનરલ)

અને શ્રી ધીરુભાઈ શાહ (નિવૃત્ત,, એક્ઝિક્યુટિવ એન્જિનિયર, સિંચાઈ વિભાગ) હાજર રહ્યા હતા.

### પીએચ.ડી.

● શ્રી એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ગાંધીનગરના પ્રા. ભરત બી. પટેલે ''An Effectiveness of Poetry Singing Method in Hindi Subject'' વિષય ઉપર વકીલશ્રી ડી.એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનના પ્રા. ડૉ. ભાવિક એમ. શાહના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ મહાશોધ નિબંધને કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરએ માન્યતા આપીને તેમને પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરી છે.

### બૅંકિંગ કાર્યશિબિર

● બી.પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગરના તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે બૅંકિંગ સેકટરમાં ઉજ્જ્વળ કારકિર્દી માટે વર્કશોપનું આયોજન તા. ૨૧-૬-૧૬ના રોજ કરવામાં આવતાં બૅંકિંગ ક્ષેત્રનાં તમામ પાસાંઓનું તલસ્પર્શી માર્ગદર્શન બૅંક ઑફ ઇન્ડિયાના ડેપ્યુટી ઝોનલ મૅનેજર શ્રી કમલેશભાઈ સેવક દ્વારા તથા આસિસ્ટંટ જનરલ મૅનેજર શ્રી બિમલભાઈ ગઢવાલે બૅંકિંગ પાસાઓની પ્રાયોગિક તાલીમ વિશે સમજાવ્યું હતું.

### યુવક મહોત્સવ

● તા. ૨૬–૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૬ દરમિયાન એન. એમ. ઝાલા કૉલેજ, અમદાવાદના યજમાનપદે આયોજિત ગુજરાત યુનિવર્સિટી ઉત્તર વિભાગના યુવક મહોત્સવમાં ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગર ઓન ધ સ્પોટ પેઇન્ટિંગ, કોલાજ, માઈલ તથા મિમિક્રી સ્પર્ધાઓમાં વિજેતા થઈ.

### યુવા સશક્તિકરણ

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર ખાતે યુથ એમ્પાવરમેન્ટ વર્કશોપનું આયોજન વી. પી. એમ. પી. કૉલેજના સેમિનાર હૉલમાં કરવામાં આવ્યું હતું, જેમાં ટી.વાય. બીકોમના ૬૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વર્કશોપમાં વિષય નિષ્ણાત તરીકે અમદાવાદ મૅનેજમેન્ટ એસોસિએશનના કોર્પોરેટ ટ્રેઈનર શ્રી પરેશ પંડ્યાએ હકારાત્મક વ્યક્તિત્વનાં વિવિધ પાસાં- સ્વ જાગૃતિ, જીવનના ધ્યેયો, સ્વરક્ષણ, સમયપાલન વગેરે અંગે સમજણ પૂરી પાડી હતી.

### રક્તદાન

● ગુજરાત રાજ્યના મહામહિમ શ્રી ઓ.પી. કોહલીના જન્મદિવસ નિમિત્તે તા. ૯-૮-૨૦૧૬ના રોજ યોજાયેલ રક્તદાન શિબિરમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગરના ૮૦ જેટલા વિદ્યાર્થીઓએ રક્તદાન કર્યું.

### રજતજયંતી સમાપન સમારોહ

● ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરમાં રજતજયંતી સમાપન પર્વ ઉજવણી અને કૉલેજના છવ્વીસમા વર્ષમાં પ્રવેશ સંદર્ભે તા. ૨ જુલાઈ, ૨૦૧૬ના રોજ વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમદર્શન આશ્રમ, સેક્ટર-૧ માંથી પધારેલ પરમ આદરણીયા ગુરુમાં સમાનંદ સરસ્વતીએ 'સામાજિક ઉત્થાન માટે મૂલ્યનિષ્ઠ શિક્ષણ દ્વારા સ્ત્રીસશક્તિ-કરણ' વિશે પ્રાસંગિક પ્રવચન આપતાં વાંચન, શુભસંકલ્પ, નિષ્ઠા, સમતા, સંસ્કાર, વિવેક, જીવનલક્ષ્ય નિર્ધારણ વગેરેની માનવજીવનમાં મહત્તા દર્શાવી હતી. આ ઉપરાંત આ પ્રસંગે વર્ષ ૧૯૯૧થી કૉલેજના વિકાસનો મજબૂત પાયો નાખનાર અને નિવૃત્ત થયેલ પ્રિ. ડૉ. સોમાભાઈ પટેલ અને પ્રિ. નટુભાઈ પટેલ, તથા અન્ય અધ્યાપકશ્રીઓ તેમ જ વહીવટી સ્ટાફ સભ્યોનું પુષ્પગુચ્છ તથા સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિશિષ્ટ કારકિર્દી બનાવનાર ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓની ઉપસ્થિતિ પણ પ્રોત્સાહક બની રહી હતી.

### વૃક્ષારોપણ

● ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગર દ્વારા NSSના ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રિ. ડૉ. અમૃતાબહેન તથા સમગ્ર કૉલેજ પરિવાર અને એન.એસ.એસ.ની વિદ્યાર્થિનીઓએ ઉમંગથી ચાંદની, મોગરો, જાસૂદ, મધુકામિની, સપ્તપર્ણી વગેરે છોડવા રોપ્યા તથા તેની સાચવણીની જવાબદારી વિદ્યાર્થિનીઓએ ઉત્સાહથી સ્વીકારી હતી. આ કાર્યક્રમનું સંચાલન NSS ઑફિસર પ્રા. રાકેશભાઈ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ,

ગાંધીનગરના એન. એસ. એસ. યુનિટ દ્વારા તા. ૨૨-૭-૧૬ના રોજ સેક્ટર-૧૬ની માધ્યમિક શાળામાં ૧૦૦૧ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું. આ પ્રસંગે કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ, ગુજરાત એન. એસ. એસ.ના રિજિયોનલ ડાયરેક્ટર શ્રી કમલકુમાર કર, નાયબ વનસંરક્ષક શ્રી વી. વી. ઠાકોર, એન. એસ. એસ. ગુજરાતના એસ.એલ.ઓ. શ્રી આર.કે. પટેલ, નિવૃત્ત ફૉરેસ્ટ ઑફિસર શ્રી મહેન્દ્રભાઈ પટેલ, આચાર્યા ડૉ. વિજ્ઞાબહેન ઓઝા, શાળાના આચાર્ય શ્રી કે. જી. બારોટ, એન. એસ. એસ.ના પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવી તથા ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીના સેક્રેટરી શ્રી હિતેષભાઈ રાવલ ઉપસ્થિત રહ્યા હતા.

### વ્યાખ્યાન

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરના દ્વારા પ્રો. કૃપા મહેતા (એમ.બી.એ. ડિપાર્ટમેન્ટ)ના તજ્જ્ઞ વ્યાખ્યાનનું આયોજન તા. ૨૫-૭-૧૬ના રોજ કરવામાં આવ્યું હતું. તેમણે 'મૅનેજમેન્ટ લેસન્સ ફ્રોમ ભગવદ્ગીતા' વિશે વ્યવહારિક માહિતી આપી હતી તથા મૅનેજમેન્ટ અને જીવનના પ્રશ્નોને સાંકળીને મૅનેજમેન્ટ કેવી રીતે ધંધો અને જીવનમાં ઉપયોગી છે તેની રસપ્રદ છણાવટ કરી હતી. આ ઉપરાંત તા. ૩૦ જુલાઈના રોજ સ્વાધ્યાય પરિવારના યુવા કેન્દ્રના સંચાલકોનું ૧ ઑગસ્ટના રોજ આધ્યાત્મિકતા વિશેના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

● ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગર દ્વારા ભવન્સ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના પ્રિ. ડૉ. નીરજા એ. ગુપ્તાનું ઇન્ડિયન એસ્થેટીક્સ વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવતા તેમણે ભારતના નાટ્યશાસ્ત્રના રસ, ધ્વનિ, જેવા ગહન વિષયોને સરળ શબ્દોમાં રસપ્રદ ઉદાહરણો દ્વારા સમજાવ્યું હતું. આ ઉપરાંત 'સ્ત્રીઓ અને આરોગ્ય' વિશે આયોજિત વ્યાખ્યાનમાં ગાંધીનગર સિવિલનાં ડૉ. જલધારાબહેને સ્ત્રી શરીરની રચના અને કાર્યો અંગે તથા સ્ત્રીઓના આરોગ્યની સંભાળ કેવી રીતે લેવી, તેનું જતન કેવી રીતે કરવું તે અંગેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વધુમાં, કૉલેજની દિવ્યાંગ વિદ્યાર્થિનીઓ પોતાના વ્યક્તિત્વનું ઘડતર કરી શકે તથા રમતગમત ક્ષેત્રે સહભાગી બની શકે તે માટે તેઓને પ્રેરણા અને પ્રોત્સાહન આપવા માટે દિવ્યાંગ બેડમિન્ટન ચેમ્પિયન (અર્જુન અવૉર્ડ વિજેતા) શ્રી પારૂલબહેન પરમારના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે શારીરિક મર્યાદા હોવા છતાં કેવી રીતે સિદ્ધિનાં સોપાનો સર કરી શકાય તેની પ્રેરણા આપી હતી.

### શિવમહિમ્નઃસ્તોત્રનો પાઠ

● પવિત્ર શ્રાવણ માસના આરંભમાં અને છેલ્લા સોમવારના રોજ ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓએ ભગવાન શિવની ઉપાસના માટે પુષ્પદન્ત વિરચિત શિવમહિમ્નઃસ્તોત્રનું પારાયણ કર્યું હતું. આ પ્રસંગે સંસ્કૃત વિષયનાં અધ્યક્ષા ડૉ. યોગિની વ્યાસે સ્તોત્રસાહિત્યનો પરિચય આપી શિવમહિમ્નઃસ્તોત્રમાં અભિવ્યક્ત થયેલ પૌરાણિક પ્રસંગોની સાથે શિવના મહિમા વિશે વક્તવ્ય આપ્યું હતું. સમાજશાસ્ત્ર વિભાગનાં પ્રા. ડૉ. દીપ્તિ પંડ્યાએ શિવ સાથે જોડાયેલાં પ્રતીકો વિશે પરિચય આપ્યો હતો. આચાર્યા ડૉ. અમૃતાબહેને ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યો વિશે મનનીય ઉદ્‌બોધન કર્યું હતું.

### હાસ્યયોગ

● સૂરજબા મહિલા બી.એડ્. તેમ જ એસ.વી.બી.એડ્. કૉલેજ, કડી દ્વારા હાસ્યયોગ તજ્જ્ઞ અમિત વર્માના કાર્યક્રમનું આયોજન કરવામાં આવતાં તેમણે હાસ્યયોગના ફાયદા તથા જીવનમાં હાસ્યનું મહત્ત્વ વિશે વિસ્તૃત માહિતી આપી, હાસ્યયોગ કરાવ્યો હતો. આ ઉપરાંત PPT દ્વારા દેશ વિદેશમાં ચાલતા હાસ્ય યોગની ઝાંખી કરાવી હતી.

### સફળતાનો ગુરુમંત્ર

● ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરના તા. ૨૬ જુલાઈના રોજ શિક્ષણ, સ્વાસ્થ્ય, સંસ્કાર તથા જીવનશૈલીને કેન્દ્રમાં રાખીને શ્રી જે. સી. પટેલનું '૯૦% કેવી રીતે લાવી શકાય' વિશે વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

### સર્વ નેતૃત્વ

● કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત સર્વ નેતૃત્વ-૧૫ (લીડરશિપ ટ્રેઇનિંગ પ્રોગ્રામ) તા. ૧૪થી ૧૮ જુલાઈ, ૨૦૧૬ દરમિયાન સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી

ખાતે યોજાઈ ગયો, જેમાં ૧૦ કૉલેજોના ૬૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિષ્ણાત ટ્રેઈનર શ્રી સુરેશ પટેલ દ્વારા રચનાત્મક રીતે યુવા વિદ્યાર્થીઓને અલગ અલગ પ્રવૃત્તિઓ જેવી કે યોગાસન, વ્યાખ્યાન, ફિલ્મ, પ્રેઝન્ટેશન, જૂથ સંવાદ, ટેલેન્ટ ઈવનિંગ અને વિવિધ રમતો થકી ટાઇમ મૅનેજમેન્ટ, લીડરશિપ, ઈવેન્ટ મૅનેજમેન્ટ અને સમૂહમાં કામ કરવાની ક્ષમતાને બહાર લાવવા પ્રશિક્ષિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓને વિજાપુર-હિંમતનગર હાઈવે પર સાબરમતી કિનારે સ્થિત 'તિરુપતિ ઋષિવનની' મુલાકાતે લઈ જતાં તેના સ્થાપક શ્રી જીતુભાઈ પટેલ દ્વારા પર્યાવરણ જાળવણી અંગે યુવાનોને આગળ આવવા અને અન્યને મદદરૂપ થવાની શીખ આપી હતી. વિદ્યાર્થીઓ દ્વારા ૨૫૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. સમાપન સમારંભમાં વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલે પ્રેરક ઉદ્‌બોધનમાં સર્વ વિદ્યાલયના સ્થાપક પૂજ્ય છગનભાનું ઉદાહરણ આપતાં પ્રત્યેક વિદ્યાર્થી સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી સમજે એવી આશા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે ગાંધીનગર સ્થિત નીમા ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી નટુભાઈ પટેલ, ડૉ. યોગેશભાઈ પટેલ અને દીપકભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. શિબિરનું સંચાલન અને આયોજન કાર્યક્રમના કોઓર્ડિનેટર ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ ઉપરાંત પ્રો. સચિનભાઈ પટેલ અને પ્રો. ઝરણા ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત **'સર્વ નેતૃત્વ-૧૬'** તા. ૯થી ૧૩ સપ્ટેમ્બર, ૨૦૧૬ દરમિયાન સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે યોજાઈ ગયો, જેમાં ૧૧ કૉલેજોના ૬૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ટ્રેઈનર શ્રી સુરેશ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને પ્રશિક્ષિત કરવામાં આવ્યા હતા. આ શિબિર દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે તિરુપતિ ઇન્ડસ્ટ્રીના માલિક અને જાણીતા ઉદ્યોગપતિ શ્રી સૌરીનભાઈ પરીખ અને ઉડાન ફાઉન્ડેશનનાં શ્રીમતી નિષ્ઠાબહેને વિદ્યાર્થીઓને રાષ્ટ્રનિર્માણમાં સહભાગી થવા શીખ આપી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓને જૂના વાડજ સ્થિત 'જીવનતીર્થ' સંસ્થાની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. સમાપન સમારંભમાં વિશ્વવિદ્યાલયના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સંસ્થાની વિસ્તૃત માહિતી આપી વિદ્યાર્થીઓને સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી સમજે એવી આશા વ્યક્ત કરી હતી. કેમ્પસ ડાયરેક્ટર ડૉ. અજય ગોરે પણ વિદ્યાર્થીઓને પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શિબિરનું સંચાલન પ્રા. ડૉ. ધર્મેન્દ્ર પટેલ ઉપરાંત સી.એમ. પટેલ નર્સિંગ કૉલેજનાં પ્રા. મિત્તલ પ્રજાપતિ અને પ્રા. અંકિતા મેકવાન દ્વારા કરવામાં આવ્યું હતું.

## શાળા વિભાગ

### અમેરિકન ફિલ્ડ સર્વિસ

● શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળા, ગાંધીનગરની ધોરણ ૧૧/બી ની વિદ્યાર્થિની શ્રદ્ધા સોની વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન 'અમેરિકન ફિલ્ડ સર્વિસ પ્રોગ્રામ' અન્વયે પસંદગી પામતાં એક વર્ષ માટે અમેરિકાની મુલાકાતે જઈ આવી. અમેરિકામાં તેણીનીને Moss Family સાથે ચીનની બે વિદ્યાર્થિનીઓ સહિત રહેવાનું થયું હતું. આ યોજના અન્વયે ભારતના વિદ્યાર્થીઓ ઉપરાંત ઇટાલી, ફ્રાન્ચ, ચીન, થાઈલૅન્ડ, ઇજિપ્ત, તુર્કી, ઑસ્ટ્રેલિયા વગેરે દેશોના વિદ્યાર્થીઓએ અમેરિકાનો પ્રવાસ કર્યો હતો. અમેરિકામાં પ્રિપરેટોરી ઍન્ડ પર્ફોર્મિંગ આર્ટ્સ એકેડેમી દ્વારા આ બધા વિદ્યાર્થીઓને પ્રવેશ આપીને તેમને સાંસ્કૃતિક બાબતો, જીવવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, અંગ્રેજી, કળાઓ વગેરે વિશે અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. આ દરમિયાન વિદ્યાર્થીઓએ અમેરિકન સંસ્કૃતિ અને સમાજવ્યવસ્થા વિશે પણ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. આ સંબંધી તમામ ખર્ચ અમેરિકન સંસ્થા દ્વારા વહન કરવામાં આવ્યો હતો. અભિનંદન.

### આઈ.એ.એસ.

● ગાંધીનગરના સેક્ટર-૨૩ના કડી કેમ્પસમાં આવેલ વિવિધ સંસ્થાઓનાં બાળકો સ્પર્ધાત્મક કસોટીમાં શ્રેષ્ઠ દેખાવ કરી શકે તે હેતુથી મમતા I.A.S. સેન્ટર દ્વારા I.A.S. માં પ્રવેશ બાબતે કસોટી લેવાઈ હતી. આ કસોટીમાંથી પસંદ પામેલ વિદ્યાર્થીઓ અને વાલીઓ

સાથેના સેમિનારનું શેઠ શ્રી ખિમજી વિસરામ હૉલમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી કોલગીસાહેબે પ્રાસંગિક ઉદ્બોધનમાં I.A.S.માં આવરી લેવાતો અભ્યાસક્રમ, જરૂરી જ્ઞાન, અભિગમ, અને વિદ્યાર્થીની ધગશ ઉપર ખાસ ભાર મૂક્યો હતો. મંડળના ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલે શાળાનાં વધુ ને વધુ બાળકો આવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરે તેવા શુભાશિષ પાઠવીને I.A.S.ના વર્ગોમાં જે બાળકોની હાજરી ૮૦% કે તેથી વધુ હોય તેમને ભરેલ ફી પરત આપવાની જાહેરાત કરી હતી. શ્રી સચિનભાઈ સોનીએ આભારવિધિ કરી હતી.

### કલાસ્પર્ધા

● શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી અંગ્રેજી મીડિયમ શાળા, કડી દ્વારા તા. ૨૭-૭-૧૬ના રોજ શાળામાં પ્રદૂષણ અટકાવો, વીજળી બચાવો જેવા વિવિધ વિષયો પર ચિત્ર સ્પર્ધાનું, તા. ૩૧-૭-૧૬ના રોજ કેશન ગુંફન અને તા. ૨૨-૭-૧૬ના રોજ મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગર દ્વારા તા. ૧૬-૭-૧૬ના રોજ ધો-૬થી ૮ની વિદ્યાર્થિનીઓ માટે મહેંદી સ્પર્ધાનું, તા. ૧૨-૮-૧૬ના રોજ ધો-૧થી ૫માં વેશભૂષા અને ધો-૬થી ૮માં એકપાત્રીય અભિનયની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દેશભક્તિ અને ઐતિહાસિક પાત્રોની થીમ રાખવામાં આવી હતી.

### ગણેશોત્સવ

● શ્રી વી.એમ. પટેલ કુમાર અને શ્રીમતી એ.વી. પટેલ કન્યા બાલમંદિર ગુજરાતી માધ્યમમાં તા. ૯-૯-૧૬ના રોજ ગણેશચતુર્થીની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગેની શોભાયાત્રામાં ભૂલકાંઓ શંકર ભગવાનનો સમગ્ર પરિવાર જેમાં શ્રી ગણેશજી, શિવજી, પાર્વતીજી, કાર્તિકેય, રિદ્ધિ-સિદ્ધિ, નંદીજી અને મુસક વગેરેની વેશભૂષામાં તૈયાર થઈને આવ્યાં હતાં. આ પ્રસંગે નૃત્ય, આરતી, ભજન વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ચિત્રસ્પર્ધા

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધો-૫થી ૮ની વિદ્યાર્થિનીઓએ તા. ૩-૮-૧૬ના રોજ તથા શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના બાળકોએ તા. ૫-૮-૧૬ના રોજ દાંડીકુટિર આયોજિત ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો તથા દાંડીકુટિરમાં મહાત્મા ગાંધીની સ્મૃતિઓના મ્યુઝિયમની મુલાકાત લીધી હતી. આ સાથે ગાંધીજીના જીવન આધારિત ટી.વી. શો પણ નિહાળવાનો લાભ મેળવ્યો હતો.

### જન્માષ્ટમી

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં જન્માષ્ટમીના તહેવાર નિમિતે નૃત્યનાટિકા દ્વારા નંદમહોત્સવની ઉજવણી કરવામાં આવી, જેમાં વિદ્યાર્થિનીઓએ કૃષ્ણલીલાના અવનવા પ્રસંગો અને ગીતો રજૂ કરી કૃષ્ણ જન્મોત્સવને ખૂબ જ આનંદથી વધાવ્યો હતો. આ પૂર્વે રક્ષાબંધનપર્વની ઉજવણી નિમિત્તે રાખડી સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

● મેઘના નિરંજન શિશુ વિદ્યાવિહાર બાલમંદિર, કડીમાં તા. ૧૩-૦૮-૧૬ના રોજ જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી, તેમાં નર્સરી, કે.જી.-૧ અને ૨નાં ભૂલકાંઓએ ટ્રેડિશનલ ડ્રેસમાં પ્રાર્થના, ગીત, કૃષ્ણજન્મ, મટકીફોડ અને ગરબા ગાઈને કાર્યક્રમ સંપન્ન કર્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના ચૅરમૅનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ, શ્રી હર્ષદભાઈ, કન્વીનર ડૉ. બાબુભાઈ પટેલ, આચાર્યા બહેનશ્રી સ્ટાફ તથા વાલીગણે હાજર રહી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

● શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરમાં જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે નૃત્યનાટિકા દ્વારા નંદમહોત્સવની ઉજવણી કરવામાં આવી, જેમાં વિદ્યાર્થિનીઓએ કૃષ્ણલીલાના અવનવા પ્રસંગો અને ગીતો રજૂ કરી કૃષ્ણ જન્મોત્સવને ખૂબ જ આનંદથી વધાવ્યો હતો.

### નિબંધ લેખન સ્પર્ધા

● ૧૨ ઑગસ્ટના રોજ સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈના જન્મદિન પ્રસંગે તા. ૧૪-૮-૧૬ના રોજ નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ધોરણ ૫થી ૮ના વિદ્યાર્થીઓ માટે '૨૧મી સદીમાં ભારતનું અંતરિક્ષ ક્ષેત્રે પ્રદાન' વિશે નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં

આવ્યું હતું. જેમાં શ્રી જે.બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ ૮ના વિદ્યાર્થી પટેલ કુશલ પ્રકાશભાઈએ તૃતીય સ્થાન પ્રાપ્ત કરી ૨૦૦ રૂપિયા રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર અને શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની ધોરણ ૮/ઈની વિદ્યાર્થિની ઝાલા જાનકીએ દ્વિતીય ક્રમાંક મેળવી પ્રમાણપત્ર તથા રૂા. ૩૦૦નો રોકડ પુરસ્કાર મેળવેલ છે.

## પુસ્તકાલયની મુલાકાત

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા ગાંધીનગરની ધોરણ-૫ની વિદ્યાર્થિનીઓ માટે તા. ૨૭-૭-૧૬ના રોજ કેમ્પસના પુસ્તકાલયની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રંથપાલશ્રી સીમાબહેન દેસાઈ તથા સુરજીતભાઈએ પુસ્તક અને પુસ્તકાલયનું મહત્ત્વ સમજાવીને વાચન માટે કેવાં પુસ્તકો પસંદ કરવાં, કઈ રીતે ઈશ્યુ તથા જમા કરાવાં તે અંગે સમજાવ્યું હતું.

## પ્રજ્ઞાચક્ષુ ગૌરવ

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉ. મા. શાળા, ગાંધીનગરમાં ધોરણ-૧૨માં અભ્યાસ કરતી પ્રજ્ઞાચક્ષુ કુ. રાઠોડ બંસરી ભદ્રેશભાઈએ માર્ચ ૨૦૧૬ લેવાયેલ ધોરણ-૧૨ બોર્ડની પરીક્ષા- સામાન્ય પ્રવાહ (આર્ટ્સ વિભાગ) P.R. ૯૬.૦૭ સાથે પ્રથમ ક્રમે પાસ કરી. ઉલ્લેખનીય છે કે પ્રતિવર્ષ ધો-૧૨માં બોર્ડની પરીક્ષામાં ઊંચી ટકાવારી સાથે પાસ થનાર વિદ્યાર્થીઓને ધીરુભાઈ અંબાણી ફાઉન્ડેશન તરફથી કૉલેજમાં ઉચ્ચ અભ્યાસ માટે સ્કૉલરશિપ અપાય છે. આ અન્વયે કુ. બંસરીની ઉપરોક્ત સ્કૉલરશિપ માટે પસંદગી થઈ છે. તેને ઉચ્ચ અભ્યાસ માટે પ્રતિવર્ષ ૧૨૫૦૦ રૂા. સ્કૉલરશિપ મળશે. અભિનંદન.

## પ્રતિભા

● તા. ૨૭-૮-૧૬ના રોજ ત્રિદલ સંસ્થા દ્વારા ધોરણ : ૧૦-૧૨માં ગુજરાતી વિષયમાં ગાંધીનગર જિલ્લામાં સૌથી વધુ ગુણાંકન પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓને સન્માનવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં શ્રીમતી આર. જી. પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળા, ગાંધીનગરની ધો.૧૦-ઈની જોષી એશાએ જિલ્લામાં બીજો નંબર મેળવતાં રોકડ પુરસ્કાર રૂ. ૫૦૦ અને પ્રમાણપત્ર આપીને તથા તે જ વિષયનાં શિક્ષિકા શ્રી મંજુલાબહેન ડોડિયાને તથા શાળાનાં આચાર્યા શ્રી સુધાબહેન પટેલને પણ સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

## રથયાત્રા

● શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર, ગાંધીનગરના ગુજરાતી માધ્યમનાં ભૂલકાંઓ દ્વારા તા. ૫-૭-૧૬ના રોજ રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભાઈ બલરામ, બહેન સુભદ્રા તેમ જ ભગવાન શ્રીકૃષ્ણના રૂપમાં નાનાં ભૂલકાંઓ વેશભૂષામાં સજ્જ થઈ રથમાં બિરાજમાન થતાં તેમની સમગ્ર કેમ્પસમાં યાત્રા કરવામાં આવી હતી. 'જય રણછોડ માખણ ચોર'ના નારા સાથે બાલમંદિરના શિક્ષક મિત્રો, તેમ જ બાલમંદિરનાં કો-ઓર્ડિનેટર શ્રી કિરણબહેન અને ભગીની સંસ્થાઓના આચાર્યોશ્રીઓએ રથનું ભાવભર્યું સ્વાગત કરી રથયાત્રામાં જોડાયા હતાં. મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલે આ રથયાત્રામાં જોડાઈને બાળકોને પ્રોત્સાહિત કર્યાં હતાં. ક્રિએટીવ ઝોન પાસે મોસાળમાં બાળકોને બુંદી, મગ, જાંબુ અને કાકડીનો પ્રસાદ આપવામાં આવ્યો તેમ જ કૃત્રિમ વરસાદ વરસાવવામાં આવ્યો હતો.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૬, અંક : ૫, સપ્ટેમ્બર-ઑક્ટોબર, ૨૦૧૬, સળંગ અંક : ૩૫**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા તા. ૨૩ તથા ૨૪-૧૦-૨૦૧૬ના રોજ આયોજિત યુવક મહોત્સવનું દીપપ્રાક્ટ્ય કરી રહેલા મહાનુભાવો સર્વશ્રી ડૉ. કનુભાઈ પટેલ, શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી અને શ્રી અભિષેક જૈન. આ સાથે શ્રી વલ્લભભાઈ પટેલ, પ્રિ. ડૉ. ગાર્ગી રાજપરા વગેરે મહાનુભાવો દ્રશ્યમાન થાય છે.**





સન્માનનીય મુખ્ય મહેમાન શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી ઉદ્‌બોધન કરી રહ્યા છે તે પ્રસંગનું દ્રશ્ય.

## યુવક મહોત્સવમાં રજૂ કરવામાં આવેલ વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તઓનાં દ્રશ્યો














**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar**
**Year 6, Issue No. 5 September-October 2016**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**



કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા તા. ૨૩ ઑક્ટોબર, ૨૦૧૬ના રોજ આયોજિત યુવક મહોત્સવ પ્રસંગે રેલીનું પ્રસ્થાન કરાવી રહેલા વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ અને અન્ય મહાનુભાવો.

